# SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGES

( Affiliated To Saurashtra University & NCTE )

( Vaishali Nagar 2 & 3, Near Amrapali Under Bridge , Rajkot )

# ઇતિહાસ મેથડ SEM-2

**એકમ-૧ પાઠ આયોજનનો વિકાસ**

૧.૧ તાસ પાઠ આયોજન

૧.૨ એકમ પાઠ આયોજન

૧.3 તાસપાઠ આયોજન અને એકમ પાઠ આયોજનની તુલના

**એકમ - 2 : ઇતિહાસ શિક્ષણની પ્રયુક્તિ**

2.1 સંગ્રહસ્થાન, નાટ્યીકરણ, પ્રવાસ, સમયરેખા (અર્થ – ઉપયોગિતા)

2.2 ઈતિહાસ ખંડ : અગત્ય, સજાવટ

2.3 ઇતિહાસ શિક્ષણમાં સમૂહ માધ્યમોની પસંદગી, અગત્ય : ફિલ્મ, રેડિયો, ટી.વી., વી.સી.ડી., ટેપરેકોર્ડર

**એકમ – 3 : ઇતિહાસનો અન્ય વિષયો સાથે અનુબંધ**

3.1 ઈતિહાસ - ભૂગોળ

3.2 ઈતિહાસ – વિજ્ઞાન

3.3 ઈતિહાસ અને નાગરિકશાસ્ત્ર

3.4 ઈતિહાસ અને સ્થાનિક ઇતિહાસ

3.5 ઇતિહાસ અને કલા

**એકમ - 4 : ઇતિહાસ શિક્ષણમાં મૂલ્યાંકન અને ઇતિહાસ શિક્ષકની સજ્જતા**

4.1 સંકલ્પના (એકમ પાઠ મૂલ્યાંકન)

4.2 બ્લ્યૂપ્રિન્ટ

4.3 સારા પ્રશ્નપત્રની સંરચના આદર્શ પ્રશ્નપત્રના લક્ષણો

4.4 ગુણ કૌશલ્ય – વિષયવસ્તુની સજ્જતાના સંદર્ભમાં ઈતિહાસ શિક્ષકની સજ્જતા

4.5 ક્રિયાત્મક સંશોધન સંકલ્પના, સોપાનો અને મહત્વ

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

## એકમ-૧ પાઠ આયોજનનો વિકાસ

### ૧.૧ તાસ પાઠ આયોજન

**પ્રાસ્તાવિક**

ઇતિહાસ શિક્ષણકાર્યને વ્યવસ્થિત, અસરકારક, સુદૃઢ અને ફળદાયી બનાવવા અધ્યાપન-કાર્યનું તાસ પાઠઆયોજન જરૂરી જ નહિ, અનિવાર્ય છે. ઘણા વર્ષો સુધી તાસ પાઠ આયોજન માટે હર્બાર્ટની પંચપદી પદ્ધતિનો ઉપયોગ થતો રહ્યો. આ પદ્ધતિમાં જ્ઞાનગ્રહણની માનસિક પ્રક્રિયાને અનુલક્ષીને અધ્યાપનનાં પાંચ સોપાનોની ક્રમિક રજૂઆત સ્વીકારાઈ હતી. આ પદ્ધતિ મનોવૈજ્ઞાનિક સિદ્ધાંતો પર આધારિત હોવાથી તેનું મહત્ત્વ છે. આમ છતાં, પંચપદી પદ્ધતિનું માળખું - ચોકઠું નિશ્ચિત હોવાથી અધ્યાપનનું આયોજન પણ જડ અને યંત્રવત્ બની રહે છે. એમાં વિષયવસ્તુ પર વિશેષ ઝોક અપાય છે. અને હેતુઓ – વર્તન પરિવર્તનો કે ક્ષમતાનો નહ વત્ વિચાર કરવામાં આવે છે. પંચપદી પદ્ધતિ શિક્ષકકેન્દ્રી અને વિષયકેન્દ્રી છે.

સાંપ્રત સમયમાં શિક્ષણ અધ્યેતાકેન્દ્રી બનવું જોઈએ એ વિચાર શિક્ષણ જગતમાં સર્વસ્વીકૃત બન્યો છે. શિક્ષણ પ્રક્રિયામાં અધ્યેતાની સહભાગિતાને વિશેષ મહત્વ આપવામાં આવી રહ્યું છે. વિષયવસ્તુને સ્થાને વર્તન-પરિવર્તનો અને ક્ષમતાઓની સિદ્ધિ પર વિશેષ ભાર મૂકાયો છે. આથી હાલમાં તાસ પાઠ આયોજન હેતુકેન્દ્રી કે ક્ષમતાકેન્દ્રી બન્યું છે. શિક્ષણનું કાર્ય અધ્યેતામાં વિષય અને વિષયાંગના સંદર્ભમાં ઉચિત, ઇષ્ટ અપેક્ષિત વર્તન પરિવર્તનો લાવવાનું, વિવિધ ક્ષમતાઓનો વિકાસ કરવાનું છે જે અધ્યેતાને શક્તિમાન બનાવે - સમર્થ બનાવે. શિક્ષણ એ સશક્તીકરણની પ્રક્રિયા છે. અધ્યેતામાં ઈષ્ટ વર્તન-પરિવર્તનો લાવવાનું, ક્ષમતાઓ વિકસાવવાનું અને સામર્થ્ય પ્રગટાવવાનું કાર્ય શિક્ષક માટે પડકારરૂપ છે. આ પડકારને ઝીલવા તાસનું પાઠ આયોજન શિક્ષકની મદદે આવે છે. શિક્ષકે પાસ પાઠ – આયોજન કરતી વખતે વિષયના સામાન્ય હેતુઓના સંદર્ભમાં એકમને અનુલક્ષીને વિશિષ્ટ હેતુઓ અને વર્તન પરિવર્તનો કાળજીપૂર્વક વિચારીને નક્કી કરવાં જોઈએ. અલબત્ત, શિક્ષક માટે વિશિષ્ટ હેતુઓ અને વર્તન પરિવર્તનો કે ક્ષમતાઓની યાદી કરતાં તેની સિદ્ધિ મહત્ત્વની છે. આથી શિક્ષકે એની સિદ્ધિ માટે અધ્યેતાને આપવાના શિક્ષણાનુભવોનું આયોજન પણ વિચારવું જોઈએ. આ શિક્ષણાનુભવો 30 થી 40 મિનિટની સમયમર્યાદામાં જ આપવાના છે એનો વિચાર પણ્ કરવો જરૂરી છે. આમ, પ્રત્યેક તાસ પાઠ આયોજન એ એકમના વિશિષ્ટ હેતુઓ, (અપેક્ષિત વર્તન–પરિવર્તનો)ની સિદ્ધિ માટેના અધ્યેતાને આપવાના

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

શિક્ષણાનુભવોની હારમાળાનો એક મણકો બની રહે છે. બીજી રીતે કહીએ તો પાઠ આયોજન એ વર્ગવ્યવહાર-શિક્ષણવ્યવહાર અંગેનું વ્યવસ્થાપન છે.

શિક્ષણાનુભવોનો વિચાર કરતી વખતે વિષયવસ્તુનું સ્વરૂપ, સિદ્ધ કરવા ધારેલા વિશિષ્ટ હેતુઓ – વર્તન-પરિવર્તનો, સમયમર્યાદા, ઉપલબ્ધ સાધનસામગ્રી, અધ્યેતાની વયકક્ષા અને માનસિક કક્ષા, તેમનું પૂર્વજ્ઞાન કે તેમના પૂર્વાનુભવો ધ્યાનમાં લેવાના હોય છે. હેતુઓ – વર્તન – પરિવર્તનોની સિદ્ધિનું સતત મૂલ્યાંકન થતું રહે એ પણ વિચારવાનું છે. અધ્યાપનના આ અભિગમને ધ્યાનમાં રાખીને કરાતું પાઠ – આયોજન હેતુકેન્દ્રી પાઠ આયોજન તરીકે ઓળખાય છે. તેની સમયમર્યાદા 30 થી 40 મિનિટની હોવાથી એ તાસ પાઠ આયોજન અથવા છૂટા (સ્ટ્રે) પાઠ આયોજન તરીકે ઓળખાય છે.

હેતુકેન્દ્રી પાઠ આયોજનનું માળખું કે ચોકઠું પંચપદી પાઠ આયોજનના માળખા જેવું જડ કે યંત્રવત્ નથી હોતું. આમ છતાં, હેતુકેન્દ્રી પાઠ આયોજનમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થાય છે.

(I) એકમના (વિષયના) સામાન્ય હેતુઓ, વિશિષ્ટ હેતુઓ – વર્તન – પરિવર્તનો (2) અધ્યાપનના મુદ્દા (શૈક્ષણિક મુદ્દા – વિષયવસ્તુ) (3) શિક્ષકની પ્રવૃત્તિઓ (4) અધ્યેતાની પ્રવૃત્તિઓ (5) મૂલ્યાંકન (6) સ્વાધ્યાય (7઼ કાળા પાટિયાની નોંધ (8) શૈક્ષણિક સાધનો – ઉપકરણો (૯) સંદર્ભ સાહિત્ય (૧૦) શિક્ષણ (અધ્યાપન અધ્યયન)ની પદ્ધતિઓ પ્રયુક્તિઓ, અભિગમ

આજે દરેક શિક્ષક-પ્રશિક્ષણ મહાવિદ્યાલય હેતુકેન્દ્રી તાસ પાઠ આયોજનનો વ્યાપક ઉપયોગ કરે છે. ઉપર્યુક્ત મુદ્દાઓ અંગે તાલીમી કૉલેજોની પાઠનોંધમાં થોડા તફાવત. ફેરફાર જોવા મળે છે. જે એક સારી નિશાની છે. આપણે યાદ રાખીએ કે પાઠ આયોજનના શિક્ષકે ગુલામ નથી બનવાનું. પાઠ આયોજન આપણે માટે દિશાસૂચક કે માર્ગદર્શક મિત્ર બની શકે, શેઠ તો નહિ જ. આકસ્મિક પરિસ્થિતિ ઉદ્ભવે તો પાઠ - આયોજનમાં ફેરફાર પરિવર્તનને અવકાશ હોવો જોઈએ. એ વાત સાચી કે ફેરફાર અથવા પરિવર્તન ઉચિત હોવાં જોઈએ. ટૂંકમાં, પાઠ આયોજન જડ કે યંત્રવતુ નહિ હોવું જોઈએ પરંતુ પરિવર્તનશીલ, લવચીક હોવું જોઈએ.

પ્રસ્તુત પ્રકરણમાં પાઠ આયોજનનો અર્થ, પાઠ આયોજનનું મહત્ત્વ, પાઠ આયોજનનાં ઘટકો (સમાવિષ્ટ મુદ્દાઓ), તાસ પાઠ આયોજન નોંધના નમૂના, એકમ આયોજનનો અર્થ અને તેનું મહત્ત્વ, એકમ પાઠ આયોજન

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

નોંધમાં સમાવિષ્ટ મુદ્દાઓ–ઘટકો, એકમ પાઠ આયોજનની નોંધના નમૂના અને તાસ પાઠ આયોજન તથા એકમ પાઠના આયોજન વચ્ચેના તફાવતના મુદ્દાઓ વિશે વિચારણા કરવામાં આવી છે. આ ઉપરાંત સમાજવિદ્યાના અભ્યાસક્રમના વાર્ષિક અને સત્રાંત આયોજનની સક્ષિપ્તમાં સમજ આપવામાં આવી છે.

**પાઠ આયોજનનો અર્થ**

કોઈપણ ક્ષેત્ર કે પ્ર ્ત્તિમાં વ્યક્તિએ સફળના કે સિદ્ધિ પ્રાપ્ત કરવી હોય તો તેણે આયોજનનો સહારો લેવો પડે છે. વ્યક્તિ આયોજન સિવાય પોતાના ખ્રિશ્ચિત ધ્યેયને સિદ્ધ કરી શકે નહિ. આયોજન એ તો સફળતાની સીડી છે - સફળતાની સજમાર્ગ છે. શિક્ષકે શિક્ષણની પ્રક્રિયા દ્વારા કેટલાક ધ્યેયો સિદ્ધ કરવાના હોય છે.

આ માટે શિક્ષક પણ પોતાના શિક્ષણકાર્યનું આયોજન કરે છે. શિક્ષક પોતાના અધ્યાપનકાર્યનું આયોજન કર્યા સિવાય વર્ગખંડમાં પ્રવેશે તો જે પરિસ્થિતિ સર્જાય છે તે વ્યથા અને વેદના જન્માવે તેવી હોય છે.

આપણે અધ્યાપનનું આયોજન કોને કહી શકીએ ? શિક્ષણકાર્યના સુચારુ અને સફળતાપૂર્વકના વ્યવસ્થાપન માટે શિક્ષકે સંપૂર્ણપણે કરેલી પૂર્વવિચારણા એટલે અધ્યાપનનું આયોજન એમ કહી શકાય. બીજા શબ્દોમાં કહીએ તો વર્ગખંડમાં વિષયના (એકમના) અધ્યાપન માટે શિક્ષકે સમગ્ર રીતે વિચારીને તૈયાર કરેલી પૂર્વનિશ્ચિત યોજના એટલે અધ્યાપનનું આયોજન. શિક્ષક વર્ગમાં પ્રવેશે તે પહેલાં તેના અધ્યાપનકાર્ય અંગેના વિવિધ પાસાંઓની, દરેક નાની બાબત અને તેની અમલ માટેની યુક્તિ-પ્રયુક્તિઓની અને અધ્યાપન-કાર્યના અંતે નિષ્પન્ન કરવાનાં પરિણામોની તે માનસિક વિચારણા કરે છે. શિક્ષકની અધ્યાપન-કાર્ય અંગેની આ સમગ્ર માનસિક ચિંતનની પ્રક્રિયા કે પૂર્વવિચારણાને અધ્યાપનના આયોજન તરીકે ઓળખવામાં આવે છે, અધ્યાપનકાર્યનું આયોજન કરતી વખતે સામાન્ય રીતે શિક્ષક નીચેનાં પાસાંઓ કે મુદ્દાઓ વિશે વિચારે છે.

અધ્યાપનકાર્ય દ્વારા શું સિદ્ધ કરવાનું છે? (હેતુઓ - વર્તન- પરિવર્તન કે ક્ષમતાઓ), શું શીખવવાનું છે ? (વિષયવસ્તુ, શૈક્ષણિક મુદ્દાઓ), કેવી રીતે શીખવવાનું છે? (પદ્ધતિઓ, પ્રયુક્તિઓ, અભિગમો, પ્ર ્ત્તિઓ, શિક્ષણપ્રદ અનુભવો – વર્ગવ્યવહાર) અધ્યાપન્ દરમિયાન ઉપયોગમાં લેવાનાં શૈક્ષણિક સાધનો - ઉપકરણો, સંદર્ભ સાહિત્ય – અધ્યાપન અને અધ્યયન સામગ્રી વગેરેનો વિચાર શિક્ષક કરે છે. આ ઉપરાંત વર્ગનાં બાળકોની

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

કથા, તેમનું પૂર્વજ્ઞાન કે તેમના પૂર્વઅનુભવો, તેમની અપેક્ષાઓ – લાગણીઓ, હેતુઓ – વર્તન- પરિવર્તન - ક્ષમતાઓની સિદ્ધિનું માપન અને મૂલ્યાંકન, ઉપયોગમાં લેવાનાં અધ્યાપન કૌશલ્યો, સ્વાધ્યાય, ચૉક ફલક કાર્ય અને તેનું આયોજન વગેરે વિવિધ પાસાંઓ બાબતે શિક્ષક વિચારણા કરે ત્યારે તેણે વર્ગ અધ્યાપન કાર્યનું આયોજન કર્યું કહેવાય. ટૂંકમાં કહી શકાય કે અધ્યાપન-અધ્યયનની સમગ્ર પ્રક્રિયા અંગેની વિગતપૂર્ણ પૂર્વવિચારણા કે પૂર્વતૈયારી એટલે અધ્યાપનનું આયોજન અથવા પાઠ આયોજન.

કેટલાક કેળવણીકારોએ પાઠ આયોજનની સંકલ્પના નીચેની વ્યાખ્યાઓ દ્વારા સ્પષ્ટ કરી છે.

“પાઠ આયોજન એટલે શૈક્ષણિક હેતુઓની સિદ્ધિ – પ્રાપ્તિ માટે શિક્ષક જે ક્રિયાઓનું આયોજન કરે તેનો આલેખપત્ર"

**– બોસિંગ**

“હેતુઓને વ્યાખ્યાયિત કરવા, પાઠયવસ્તુની પસંદગી અને તેની ક્રમબદ્ધ ગોઠવણી કરવી તથા પાઠયવસ્તુની રજૂઆત માટેની પદ્ધતિ અને પ્રક્રિયાઓ નક્કી કરવી એટલે પાઠ આયોજન."

**– બિનિંગ અને બિનિંગ**

“પાઠ આયોજન વર્ગમાં કાર્ય કરવાની, માનસિક અને સાંવેગિક રીતે વિદ્યાર્થીઓને અનુભવો પૂરા પાડવાની શિક્ષકની યોજના છે.” **– લેસ્ટર સેન્ડ**

“શિક્ષકના સાંનિધ્યમાં નિશ્ચિત સમયમાં થતી પ્ર ૃત્તિઓ, ઉપયોગમાં લેવાતાં સાધનો, વિષયવસ્તુ અને તે દ્વારા સિદ્ધ થતા હેતુઓની વિગતવાર યાદીને પાઠ આયોજન કહી શકાય.”

વર્ગ અધ્યાપનને ચોક્કસ દિશા આપવા અને અર્થપૂર્ણ બનાવવા માટે પાઠ આયોજનની અનિવાર્યતા વિશે બેમત હોઈ શકે નહિ. શિક્ષકે શું શીખવ ું, શા માટે શીખવ ું, કેવી રીતે શીખવ ું તેમજ નિર્ધારિત પરિણામોની નિષ્પત્તિ થઈ છે કે નહિ તે જાણવા આયોજન અનિવાર્ય છે. એટલે કે શૈક્ષણિક મુદ્દાઓ (વિષયવસ્તુ), અધ્યાપનના હેતુઓ - વર્તન · પરિવર્તનો - ક્ષમતાઓ, પદ્ધતિઓ, પ્રવિધિઓ - અભિગમો પ્રયુક્તિઓ, શૈક્ષણિક પ્ર ૃત્તિઓ અને અધ્યયન અનુભવો, શૈક્ષણિક ઉપકરણો અને અધ્યાપન-અધ્યયન સામગ્રી, મૂલ્યાંકન અને સ્વાધ્યાય વગેરે બાબતે સ્પષ્ટ ખ્યાલ અધ્યાપનકાર્યના પૂર્વઆયોજનથી જ આવી શકે. આથી પાઠ આયોજન (અધ્યાપન-

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

અધ્યયન પ્રક્રિયાનું આયોજન) ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. જે શિક્ષક આયોજન સહિત વર્ગમાં પ્રવેશે છે તે તાસના અંતે સ્વર્ગનો અનુભવ કરીને બહાર આવે છે. શિક્ષક માટે તો 'વર્ગ એ જ સ્વર્ગ' ઉક્તિ સાર્થક થાય છે.

<u>**પાઠ આયોજનનું મહત્વ**</u>

સાંપ્રત વૈજ્ઞાનિક અને તકનિકી યુગમાં યોજનાબદ્ધ કાર્ય ખાસ મહત્ત્વ ધરાવે છે. કોઈપણ યોજનાની સફળતાનો આધાર આયોજન પર રહેલો છે. પ્રવાસ કે યાત્રાએ જનાર વ્યક્તિ પ્રવાસનું આયોજન કરે છે, મકાન બાંધનાર ઇજનેર કે વ્યક્તિ મકાનનો નકશો તૈયાર કરે છે. – બ્લ્યૂ પ્રિન્ટ બનાવે છે. કુટુંબના વડા અને અન્ય સભ્યો ગૃહવ્યવસ્થાનું આયોજન કરે છે, વ્યક્તિ પરિવારનું આયોજન કરે છે, સરકાર રાષ્ટ્રનાં કલ્યાણ અને સુખસમૃદ્ધિનું આયોજન કરે છે. શિક્ષકે તો શિક્ષણ દ્વારા માણસનું વાવેતર કરવાનું છે. તો પછી વર્ગખંડમાં આયોજન વગર એ પ્રવેશે તો કેમ પાલવે? અધ્યાપનકાર્યનું આયોજન તો દિશા સૂચક પાટિયું છે. એ રસ્તે પ્રયાણ કરવાથી તમે ધારેલા સ્થળે – નિશ્ચિત સ્થળે પહોંચી શકો. આનો અર્થ એ થયો કે પાઠ આયોજનને પરિણામે શિક્ષક તેણે નિર્ધારિત કરેલા હેતુઓ—વર્તનપરિવર્તનો અને ક્ષમતાઓ સિદ્ધ કરી શકે.

પાઠ આયોજન અનેક રીતે ઉપયોગી બને છે. તેનાથી ઘણા લાભો થાય છે. પાઠ આયોજનને પરિણામે શિક્ષક વર્ગમાં પ્રવેશે તે પહેલાં અધ્યાપનના મુદ્દાઓ વિશે જરૂરી જ્ઞાન અને અદ્યતન માહિતી મેળવી લે છે, અધ્યાપન માટેની સમયમર્યાદાના સંદર્ભમાં હેતુઓ – વર્તન-પરિવર્તનો – ક્ષમતાઓ અને કાર્યપદ્ધતિ નક્કી કરી લે છે, વર્ગખંડમાં અધ્યાપનકાર્ય દરમિયાન સર્જાનાર આકસ્મિક સંભવિત સમસ્યાઓ, મુશ્કેલીઓ અને તેના ઉકેલો વિચારી લે છે, શૈક્ષણિક સાધનો અને અધ્યાપન-અધ્યયન સામગ્રી અને તેનો ઉપયોગ અંગે વિચારી લે છે, અધ્યાપન દરમિયાનનો વર્ગ-વ્યવહાર, અધ્યાપન કૌશલ્યો, પ્ર ૃત્તિઓ, અધ્યયન અનુભવો, પદ્ધતિઓ, પ્રયુક્તિઓ, અભિગમો, મૂલ્યાંકન, સ્વાધ્યાય અંગે સ્પષ્ટતા મેળવી લે છે. આ ઉપરાંત પાઠ આયોજનથી નીચેના જેવા લાભો થાય છે જે એનું મહત્ત્વ સ્પષ્ટ કરે છે.

- વર્ગખંડના એક અસરકારક અને ચ્છઃ શિક્ષક પાસે વિષયવસ્તુની સજ્જતા અને તેના પરના પ્રભુત્વની અપેક્ષા રહે છે. પાઠ આયોજન કરનાર શિક્ષક અધ્યાપનના મુદ્દાઓ વિશે જરૂરી જ્ઞાન, પૂરક માહિતી,

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

હકીકતો પ્રાપ્ત કરી લે છે. અને તે અંગેની સમજ અને સ્પષ્ટતા મેળવીને વર્ગમાં પ્રવેશે છે. તેથી અધ્યાપન સમૃદ્ધ અને અસરકારક બને છે.

- પૂર્વતૈયારી સાથે વર્ગમાં પ્રવેશ કરનાર શિક્ષકમાં ભારોભાર આત્મવિશ્વાસ અને આત્મગૌરવ હોય છે. આયોજનનો આ અતિ મહત્ત્વનો લાભ છે.
- પાઠ આયોજનને પરિણામે અધ્યાપનના નિશ્ચિત હેતુઓ સતત નજર સામે રહે છે. અને એની સિદ્ધિની શક્યતાઓ વધી જાય છે.પાઠ આયોજન વર્ગખંડમાં શિક્ષણકાર્ય સમયે ઊભી થનાર સંભવિત મુશ્કેલીઓ અંગે રડારયંત્ર બની રહે છે. મુશ્કેલીઓના ઉકેલો અગાઉથી વિચારી લેવામાં પણ પાઠ આયોજન સહાયરૂપ બને છે.
- અધ્યાપન-અધ્યયન પ્રક્રિયાનું એક મહત્ત્વનું અંગ સોપાન મૂલ્યાંકન છે. પાઠ આયોજનને પ્રરિણામે મૂલ્યાંકન માટેની વધુ સારી પ્રવિધિ વિચારી શકાય છે. અને અસરકારક મૂલ્યાંકન થઈ શકે છે. હેતુઓની સિદ્ધિ માપી શકાય છે અને તેના આધારે શિક્ષક ભવિષ્યના અધ્યાપનકાર્ય અંગે કરવા જેવા ફેરફારો વિચારી શકે છે.
- પાઠ આયોજનને પરિણામે શિક્ષણકાર્યમાં એકસૂત્રતા, સમગ્રતા અને ક્રમિકતા જાળવી શકાય છે. અન્ય વિષયો – એકમો કે સાંપ્રત ઘટના સાથે અનુબંધ સાધવાનું શક્ય બને છે.
- અભ્યાસક્રમ અને તેના નિશ્ચિત હેતુઓની સિદ્ધિ સમયમર્યાદામાં પૂર્ણ કરવામાં પાઠ આયોજન ઉપયોગી બને છે.
- પાઠ આયોજન શિક્ષકનાં સમય, શક્તિ અને ક્યારેક નાણાંનો બચાવ કરે છે.
- પાઠ આયોજનથી વિષયાંતર થતું અટકે છે.
- પાઠ આયોજનને પરિણામે વર્ગમાં ખોટી ઉતાવળ કરવી નથી પડતી.
- પાઠ આયોજનને પરિણામે અધ્યાપન-અધ્યયન મનોવૈજ્ઞાનિક અને વૈજ્ઞાનિક બને છે. શૈક્ષણિક મનોવિજ્ઞાનના સિદ્ધાંતોને વ્યવહારમાં અમલમાં મૂકી શકાય છે. દા.ત., અધ્યયનના સિદ્ધાંતો, અધ્યયનના નિયમો, શિક્ષણનાં સૂત્રો, ૃદ્ધિ અને વિકાસનાં શૈક્ષણિક ફલિતાર્થો, શિક્ષણ સંક્રમણ, વ્યક્તિગત ભિન્નતા વગેરે.
- સારા સ્વાધ્યાય વિચારી શકાય છે, રચી શકાય છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

ટૂંકમાં, પાઠ આયોજનથી નિશ્ચિત સમયમાં શિક્ષણની ચોક્કસ નિષ્પત્તિ – નીપજ મેળવી શકાય. હેતુઓ-ક્ષમતાઓ સિદ્ધ કરી શકાય, મનોવિજ્ઞાનના સિદ્ધાંતોનો વ્યવહારમાં ઉપયોગ કરી શકાય, વિદ્યાર્થીઓની વ્યક્તિગત લાગણી, અપેક્ષાઓ અને જરૂરિયાતો સંતોષી શકાય અને શિક્ષણ પ્રક્રિયામાં તેમની સક્રિય સામેલગીરી વધારી શકાય. પાઠ આયોજનથી અધ્યાપન-અધ્યયન સરળ, સહજ, સમૃદ્ધ, અસરકારક, જીવંત, વાસ્તવિક, વ્યવહારુ અને કાર્યક્ષમ તથા સફળ બનાવી શકાય.

**એકમ આયોજન:**

**એકમ આયોજન : સંકલ્પના**

શિક્ષક પોતાના વિષયના એકમના અધ્યાપન કાર્ય માટે 30-40 મિનિટના તાસ માટેનું આયોજન કરે છે. આ પ્રકારના પાઠ આયોજનથી ઉચ્ચ કોટિના શૈક્ષણિક હેતુઓ કે ક્ષમતાઓની પારંગતતાના સ્તરે સિદ્ધિ ઓછી સંભવે છે. એ ું અનુભવના પરિણામે સમજાયું. આ સમજમાંથી એકમ પાઠ આયોજનનો વિચાર સ્ફૂર્યો. સમગ્રતાવાદી (ગેસ્ટાલ્ટ) મનોવિજ્ઞાનીઓએ એકમ શિક્ષણની યોજનાને પુષ્ટિ આપી. એમના મતે, કોઈપણ વસ્તુનું સ્વરૂપ તેમાં રહેલા સમગ્રતાના ગુણને લીધે બંધાય છે. વાસ્તવમાં શિક્ષણ એક સળંગ, સમન્વિત – સંકલિત પ્રક્રિયા છે. એક જ વિષયના વિવિધ મુદ્દાઓ વચ્ચે, વિષયનો અન્ય વિષયો સાથે અને શાળાકીય તથા શાળા બહારના અનુભવો વચ્ચે સંબંધ રહેલો છે. શિક્ષણનો નૂતન અભિગમ – ષ્ટિકોણ અધ્યયનને સમગ્ર અનુભવ તરીકે ગણે છે, અને શિક્ષણની સમગ્ર (Whole) પદ્ધતિની હિમાયત કરે છે.

તાસ (છૂટા) પાઠ આયોજનમાં નાના એકમો –મુદ્દાઓનું અધ્યાપન કાર્ય શક્ય બને છે જે એકાંગી આયોજન બની રહે છે. તેમાં વિષયના મુદ્દાઓ –એકમોની એકસૂત્રતા જોખમાય છે અને મર્યાદિત શૈક્ષણિક અનુભવો જ પૂરા પાડી શકાય છે. શિક્ષણ સઘન બનતું નથી, હેતુઓ – ક્ષમતાઓની મર્યાદિત સિદ્ધિ જ શક્ય બને છે. આમ, તાસ પાઠ આયોજનની ઘણી મર્યાદાઓ છે. એકમ પાઠ આયોજન આ મર્યાદાઓથી મુક્ત થવાનો નક્કર વિકલ્પ છે. તેમાં એક જ વિષયના તેમ જ વિષયોના સંબંધિત મુદ્દાઓનું સંકલન શક્ય છે, અને સમગ્ર શિક્ષણ આપી શકાય છે, શિક્ષણને સઘન બનાવી શકાય છે.

સામાન્ય રીતે, ચાર થી છ તાસનું, સમગ્ર પ્રકરણ કે વિષયવસ્તુની શૃંખલાને આવરી લેતું આયોજન એ એકમ પાઠ આયોજન કહેવાય. વિષયવસ્તુનો એક ઉપવિભાગ એટલે એકમ. હકીકતમાં સમાજવિદ્યામાં ઘણી બાબતો એકબીજા સાથે સંબંધિત છે. આ સઘળી બાબતોને સંકલિત કરવાથી શિક્ષણનો એકમ રચાય છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

શિક્ષણનો એક સ્વયંપૂર્ણ અને સ્વયં સ્પષ્ટ ઘટક બની રહેનાર આ એકમ પૂરતા શૈક્ષણિક અનુભવોની ક્ષમતા ધરાવે છે. એકમમાં વિદ્યાર્થીઓમાં વિવિધ ક્ષમતાઓને પારંગતતાની કક્ષાએ સિદ્ધ કરવાનું સામર્થ્ય રહેલું છે. શિક્ષક એકમ પાઠ આયોજન દ્વારા વિદ્યાર્થીઓમાં ઇચ્છિત ક્ષમતાઓ વર્તન- પરિવર્તનો લાવી શકે છે.

એકમ શબ્દના અર્થમાં આયોજન, આયોજનનો અમલ અને મૂલ્યાંકન સમાયેલાં છે. એકમના પાયાનાં સોપાનો ત્રણ છે :

(1) વિષયવસ્તુનું ઐક્યપૂર્ણ સાતત્ય

(2) શિક્ષણપ્રદ શૈલી

(3) આ માર્ગે સિદ્ધ થતી ક્ષમતાઓ, સિદ્ધ થતા હેતુઓ.

- એકમ એટલે સમાન કક્ષાવાળા વિવિધ શૈક્ષણિક અનુભવોનું સંકલન.
- એકમ એટલે કોઈપણ એક મુખ્ય શૈક્ષણિક મુદ્દા કે સમસ્યાની આસપાસ ગૂંથાયેલા સંભવિત અધ્યયન અનુભવોની હારમાળા.
- એકમનું સૂત્ર છે, અનુભવોની હારમાળા.
- એકમ આયોજનમાં વિષયવસ્તુની અખંડિતતા કે અધ્યયન અનુભવોની સળંગસૂત્રતા જળવાય છે.

જો કે એકમની વ્યાખ્યા અંગે શિક્ષણશાસ્ત્રીઓ એકમત પર આવ્યા નથી, છતાં એકમની જાણીતી સંકલ્પના આ મુજબ છે :

A unit is an unified learning experience. તે સમાન કક્ષાવાળા અનુભવોનું સંકલન છે.

The unit is a plan of instruction based on a significant art of learning.

ટૂંકમાં, એકમ આયોજન એટલે...

- એક જ પાઠનાં જુદાં જુદાં પાસાંના શિક્ષણનું આયોજન એટલે એકમ આયોજન.
- પાઠ્યપુસ્તકના કોઈ એક પાઠની વસ્તુનાં જુદાં જુદાં પાસાં પર તૈયાર કરેલા જુદા જુદા પાઠો યોજીને એકમની રચના થઈ શકે.
- પાઠ્યપુસ્તકમાંથી સમાન ભાવવાળી કૃતિઓ એકઠી કરીને તેનો એક એકમ બનાવી ત્રણ-ચાર તાસના શિક્ષણકાર્યનું આયોજન થઈ શકે.
- કોઇપણ એક મુખ્ય મુદ્દા કે સમસ્યાની આસપાસના સંબંધિત અનુભવોની હારમાળા એટલે એકમ.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

## તાસપાઠ આયોજન અને એકમ પાઠ આયોજનની તુલના

| તાસ આયોજન | એકમ આયોજન |
|---|---|
| વિષયના નાના એકમ, પેટા એકમ કે વિષયાંગના છૂટા મુદ્દા પર આધારિત આયોજન કરવામાં આવે | વિષયના બે થી ત્રણ એકમો, સમગ્ર પાઠ કે વિષયાંગ સંબંધી સમાન વિચાર ધરાવતા ઘણા મુદ્દાઓને એકમ આયોજનમાં આવરી લેવાય છે. |
| 30 થી 40 મિનિટના શિક્ષણકાર્યનું આયોજન હોય | 4 થી 8 તાસ માટેનું આયોજન હોય |
| સમય મર્યાદિત હોવાથી ચર્ચાને વિશેષ અવકાશ રહેતો નથી, અથવા ચર્ચા અધૂરી–અપૂર્ણ રહે છે. | સમય પૂરતો હોવાથી પૂર્ણ ચર્ચાને અવકાશ રહે છે, અને તે સર્વાંગી બને છે. |
| શિક્ષકે દરેક તાસ માટે અલગ તૈયારી કરવી પડે. | શિક્ષકની એક વખતની મહેનતપૂર્વકની તૈયારીનો લાભ 3-4 તાસ સુધી મળી રહે છે. |
| આયોજનમાં સમય વધુ જાય, પરંતુ તેના અમલ માટે તો ઓછો જ સમય મળે. | આયોજન અને અમલ બંને માટે પૂરતો સમય રહે છે. |
| આ પ્રકારના આયોજનમાં એકસૂત્રતા–સાતત્ય જળવાતાં નથી. | એકસૂત્રતા અને સાતત્ય જળવાઈ રહે છે. |
| શિક્ષણ ઉપરછલ્લું, યંત્રવત્ બને છે. | શિક્ષણ સઘન અને જીવંત હોય. |
| શિક્ષક-વિદ્યાર્થી વચ્ચે નહ વત્ આત્મિયતા જોવા મળે. | શિક્ષક-વિદ્યાર્થી વચ્ચેની આત્મિયતા વધુ શક્ય બને – જોવા મળે. |
| વિદ્યાર્થીઓના પક્ષે ઘણું ઓછું વિષયવસ્તુ રહે છે. | વિદ્યાર્થીઓને વિષયવસ્તુ વધુ મળે છે, અને તેમાં સળંગસૂત્રતા હોય છે. |
| ઘણા ઓછા વિશિષ્ટ હેતુ સિદ્ધ થઈ શકે છે. | ઘણા અથવા નિશ્ચિત કરેલા બધા વિશિષ્ટ હેતુઓને આવરી લઈ શકાય છે. |
| શિક્ષક પર્યાપ્ત શૈક્ષણિક અનુભવો પૂરા પાડી શકે નહિ, પ્ર ૃત્તિને કે પ્રયોગ નિદર્શનને ભાગ્યે જ તક આપી શકાય છે. | શિક્ષક સ્વયં વિવિધ પ્ર ૃત્તિ યોજી શકે, વિદ્યાર્થીઓને પ્ર ૃત્તિઓ કરવાની તકો અને શૈક્ષણિક અનુભવો પ્રાપ્ત કરવાની તકો વધુ માત્રામાં મળે છે, અને તેમાં વૈવિધ્ય પણ હોય છે. પ્રયોગ માટે અવકાશ મળે છે. |
| તાસ આયોજન એકાંગી બને છે. | એકમ આયોજન સર્વાંગી બને છે. |

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

| | |
|---|---|
| તાસ આયોજન દરમિયાન સતત સર્વગ્રાહી મૂલ્યાંકન માટે ભાગ્યે જ અવકાશ હોય છે. તાસ આયોજનમાં લેખિત કસોટી માટે પણ ભાગ્યે જ અવકાશ રહે છે. | એકમ આયોજનમાં સતત સર્વગ્રાહી મૂલ્યાંકન માટે સારો એવો અવકાશ રહે છે. એકમ આયોજનમાં એક સ્વતંત્ર તાસ ફાળવીને એકમ કસોટીને પણ સ્થાન આપી શકાય છે. |
| તાસ આયોજનમાં અધ્યેતાને માત્ર જ્ઞાન કે માહિતીનું વિતરણ કરવાનું જ શક્ય બને છે. એમાં વિવિધ કૌશલ્યો કે ક્ષમતાઓ અથવા ઉચ્ચ કોટિના શૈક્ષણિક હેતુઓને સિદ્ધ કરવા માટે ઓછો અવકાશ રહે છે. | એકમ આયોજનમાં વિવિધ કૌશલ્યો, ક્ષમતાઓ, ઉચ્ચ કોટિના હેતુઓની સિદ્ધિ માટેની વિશેષ શક્યતાઓ રહેલી છે. |
| શિક્ષણની વિવિધ પ્રયુક્તિઓ, પ્રવિધિઓ, પદ્ધતિઓના ઉપયોગ માટે ઓછો – નહિવત્ અવકાશ રહે છે. | શિક્ષણની વિવિધ પ્રયુક્તિઓ, પ્રવિધિઓ, પદ્ધતિઓ વગેરેના ઉપયોગ માટે પૂરતી મોકળાશ હોય છે. |
| નિદાન, ઉપચાર, માર્ગદર્શન શક્ય નથી. | નિદાન, ઉપચાર, માર્ગદર્શન શક્ય છે. |
| તાસ આયોજનમાં વિવિધ શૈક્ષણિક સાધન-સામગ્રીનો મર્યાદિત પ્રમાણમાં ઉપયોગ થઈ શકે છે. | એકમ આયોજનમાં વિવિધ શૈક્ષણિક સાધન-સામગ્રીના ઉપયોગ માટે સારો એવો અવકાશ હોય છે. આથી શિક્ષણ અસરકારક અને રસપ્રદ બને છે. |
| તાસ આયોજનમાં શિક્ષણ કંટાળાજનક અને ભારરૂપ બને છે. એમાં વિદ્યાર્થીઓએ તો શ્રોતા જ બની રહેવાનું હોય છે. શિક્ષણ પ્રક્રિયામાં તેમની સક્રિયતા અને સામેલગીરી નહિવત્ હોય છે. | એકમ આયોજનમાં શિક્ષણ રસપ્રદ, જીવંત અને અનુભવ આધારિત હોય છે. તેમાં શિક્ષણ પ્રક્રિયામાં વિદ્યાર્થીઓની સક્રિયતા અને સામેલગીરી વધુ પ્રમાણમાં હોય છે. |
| પુનરાવર્તન દોષ આવે છે. | પુનરાવર્તન દોષથી બચી શકાય છે. |
| તાસ આયોજનમાં વિદ્યાર્થીઓની રુચિ, શક્તિ, વલણ બાબતેની વ્યક્તિગત ભિન્નતા ભાગ્યે જ ધ્યાનમાં લેવાય છે. | એકમ પાઠ-આયોજનમાં વિદ્યાર્થીઓની વ્યક્તિગત ભિન્નતાને ધ્યાનમાં લઈ શકાય છે. |
| સમયના અભાવને કારણે તાસ પાઠ આયોજનથી શિક્ષણને અનુરૂપ વાતાવરણ સર્જાતું નથી. | પૂરતો સમય હોવાથી મોકળાશ રહે છે, અને શિક્ષણને અનુકૂળ વાતાવરણ સર્જાય છે. |
| વિદ્યાર્થીઓને ઓછી સ્વતંત્રતા મળે છે. શિક્ષકકેન્દ્રી કે વિષયકેન્દ્રી હોય છે. | વિદ્યાર્થીઓને સારી એવી સ્વતંત્રતા મળે છે. અધ્યેતાકેન્દ્રી છે. |

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

## એકમ - 2 : ઇતિહાસ શિક્ષણની પ્રયુક્તિ

### સંગ્રહસ્થાન :

**પ્રાસ્તાવિક** :

સંગ્રહસ્થાન એ ઈતિહાસના શિક્ષણ માટેની પ્રયોગશાળા છે. પ્રત્યે શાળામાં નાના પાયા પર ઇતિહાસ સંગ્રહસ્થાન હો ું જરૂરી છે. ઈતિહા= શિક્ષણ દરમિયાન પ્રસંગોપાત્ત તેનો શિક્ષકે ઉપયોગ કરવો જોઈએ.

સંગ્રહસ્થાન ભૂતકાળને સજીવ કરે છે. તેમાં જૂના સિક્કા, પ્રાચી- હથિયારો, પ્રાચીન યુગનાં વાસણો, સાધનો, પહેરવેશ (પોશાક), મૂર્તિઓ ઘરેણાં, નમૂનાઓ, ઐતિહાસિક દસ્તાવેજો વગેરે રાખવામાં આવે છે.

સંગ્રહસ્થાન ઈતિહાસને વાસ્તવિક અને જીવંત બનાવે છે વિદ્યાર્થીઓમાં ઐતિહાસિક દૃષ્ટિ કેળવે છે. તેના ઉપયોગથી વિદ્યાર્થીઓ- જિજ્ઞાસા ૃત્તિ સંતોષાય છે અને ભૂતકાળની ઘટનાઓને તેના વાસ્તવિ સ્વરૂપમાં જોવાની તક મળે છે. ઈતિહાસ શિક્ષણ દરમિયાન સંગ્રહસ્થાન ઉપયોગ કરવાથી તે વર્ગશિક્ષણને પૂરક બને છે.

### 2.1.1 સંગ્રહસ્થાનનો અર્થ (સંકલ્પના)

ઈતિહાસના સંદર્ભમાં ઇતિહાસ જાણવાની મૂળભૂત સામગ્રી જેવ હથિયારો, વાસણો, ઓજારો, અલંકારો, શિલાલેખો, શિલ્પો, સિક્કાય હસ્તલિખિત પત્રો, તામ્રપત્રો, પોશાકો, લડાઈના વ્યૂહ નકશા, દસ્તાવે સંધિ - કરારો, ચિત્રો, મૂર્તિઓ, કલાકૃતિઓ વગેરેનો જ્યાં હેતુપૂર્વક આયોજનબદ્ધ વ્યવસ્થિત સંગ્રહ કરવામાં આવ્યો હોય તે સ્થળને સંગ્રહસ્થાન કહે છે.

**" Museam is a building for storing and exhibiting objects illustrating antiquities, natural history and art objects ".**

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

**સંગ્રહસ્થાનની ઉપયોગિતા :**

દેશના ઈતિહાસને જાણવા માટેના આધારોનું પ્રાપ્તિસ્થાન સંગ્રહસ્થાન છે. ઇતિહાસ શિક્ષણમાં સંગ્રહસ્થાનનું વિશિષ્ટ સ્થાન છે. ભૂતકાળને સજીવ કરવામાં સંગ્રહસ્થાન ખૂબ અસરકારક ભૂમિકા ભજવે છે. સંગ્રહસ્થાનની મુલાકાતથી વિદ્યાર્થી જે ઐતિહાસિક ષ્ટિ મેળવે છે, તે વર્ગશિક્ષણમાંથી કે પુસ્તકોમાંથી મેળવી શકતો નથી. સંગ્રહસ્થાનમાં ઇતિહાસની મૂળ સામગ્રી તેના અસલ સ્વરૂપમાં જોવા મળે છે.

પુસ્તકોમાંથી મેળવેલા જ્ઞાનને તાજું કરવામાં અને ચકાસવામાં સંગ્રહસ્થાન મહત્ત્વનો ભાગ ભજવે છે. ઉપરાંત સંગ્રહસ્થાન વિદ્યાર્થીઓને વિવિધ વાસ્તવિક, આનંદપ્રદ અને જીવંત અધ્યયન અનુભવો પૂરા પાડે છે અને તેમનામાં વિવિધ રુચિ અને શોખ વિકસાવે છે. વિદ્યાર્થીઓ ઇતિહાસ વિષયમાં રસ લેતા થાય છે. શાળામાં ઇતિહાસનું સંગ્રહસ્થાન હોય તો શિક્ષક વિદ્યાર્થીઓ પાસે નીચે જેવી પ્ ૃત્તિઓ કરાવી શકે, જે સંગ્રહસ્થાનની ઉપયોગિતા પણ દર્શાવે છે :

- જૂના તેમ જ નવા સિક્કા એકઠા કરે.
- જૂની અને નવી ટિકિટોનો સંગ્રહ કરે.
- પ્રાચીન ગ્રંથોમાંથી અવતરણો, લખાણો અને સૂત્રો લખે.
- સામયિકો અને વર્તમાનપત્રોમાં આવતા દેશ અને વિદેશના ઇતિહાસ સંબંધી પ્રકાશિત થતા લેખોનો અંક તૈયાર કરે.
- વિવિધ સમય યુગના શાસકોએ બંધાવેલા કિલ્લાઓ, વિવિધ યુગ અને સમયે થયેલાં યુદ્ધો - લડાઈ, શાસકોના મહેલો – નિવાસો, કળાકૃતિઓ, રાજા વગેરેનાં ચિત્રોનો અંક તૈયાર કરે. રાણી કે શાસકો વગેરોનાં ચિત્રોનો અંક તેયાર કરે.
- સંગ્રહસ્થાનમાં છેલ્લામાં છેલ્લી શોધોની પ્રતિકૃતિ કે નમૂના પણ રજૂ કરી શકાય.
- વિવિધ રાષ્ટ્રોના રાષ્ટ્રધ્વજ પણ પ્રદર્શિત કરી શકાય.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

**બીજી રીતે વિચારીએ તો, ઈતિહાસના સંગ્રહસ્થાનની મુખ્ય ઉપયોગિતા નીચે પ્રમાણે છે :**

(1) સંગ્રહસ્થાનમાં રજૂ થયેલી સામગ્રી ઇતિહાસને વાસ્તવિક સ્વરૂપમાં રજૂ કરે છે. તે પ્રામાણિક જ્ઞાન આપવામાં મહત્ત્વનો ફાળો આપે છે.

(2) સંગ્રહસ્થાન વિદ્યાર્થીઓને ઇતિહાસમાં રસ લેતા કરવા માટે શક્તિશાળી, અસરકારક અને રસપ્રદ પ્રયુક્તિ છે.

(3) પ્રાચીન વસ્તુઓ, સામગ્રી ઈતિહાસ શિક્ષણને પ્રભાવશાળી બનાવે છે.

(4) સંગ્રહસ્થાનની સામગ્રી વિદ્યાર્થીઓના શિક્ષણ માટે તો ઉપયોગી છે જ... આ ઉપરાંત એ જનસમુદાયના શિક્ષણ માટે પણ ઉપયોગી છે.

(5) વિદ્યાર્થીઓમાં હકીકતોની તારવણી કરવા, તુલના અને સરખામણી કરવાની શક્તિ અને દૃષ્ટિ વિકસાવવામાં સંગ્રહસ્થાન ઉપયોગી બને છે.

ઇતિહાસના સંગ્રહસ્થાનની ઉપરોક્ત ઉપયોગિતા હોય તો શાળામાં ઇતિહાસનું સંગ્રહસ્થાન હો ું જોઈએ, એ સ્પષ્ટ થાય છે. સંગ્રહસ્થાનની ઉપયોગિતા જ તેના મહત્ત્વને – તેની અગત્યતાને સ્પષ્ટ કરે છે. આથી જ મુદાલિયર કમિશને પણ શાળામાં સંગ્રહસ્થાન હો ું જોઈએ એ ું ભારપૂર્વક સૂચન કર્યું હતું.

### 2.1.2 નાટ્યીકરણની ઉપયોગિતા :

નાટ્યીકરણ પ્રયુક્તિની નીચે જેવી ઉપયોગિતા છે, જે એની અગત્ય એના મહત્ત્વને પણ સ્પષ્ટ કરે છે – દર્શાવે છે.

- ઐતિહાસિક ઘટનાઓ બનાવો અને ઐતિહાસિક વ્યક્તિઓના જીવનને રજૂ કરતા સંવાદ, એકોક્તિ અથવા નાટ્યાંશ કે નાટક વિદ્યાર્થીઓ ભજવી શકે છે. એનાથી વર્ગશિક્ષણ રસપ્રદ અને જીવંત બને છે.
- વિદ્યાર્થી જે ઐતિહાસિક વ્યક્તિ કે પ્રસંગના સંદર્ભમાં ભૂમિકા ભજવે છે. તેની સાથે તેનું તાદાત્મ્ય સધાય છે અને વિદ્યાર્થીનો સંવેગાત્મક નૈતિક વિકાસ થાય છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

- વિદ્યાર્થીઓ ભૂતકાળના ઐતિહાસિક બનાવો, પ્રસંગો અને વારસાનું, પ્રાચીન અને અર્વાચીન સંસ્કૃતિની વિશેષતાઓનું વિદ્યાર્થીઓ સ્પષ્ટ દર્શન કરી શકે, તેની સમજ વિકસાવી શકે છે.
- વિદ્યાર્થીઓને નાટકમાં રજૂ કરવાના સંવાદો યાદ રાખવા પડતા હોવાથી તેમને યાદ રાખવાની, મહાવરો (રિયાઝ) કરવાની ટેવ પડે છે. તેમની સ્મરણશક્તિ અને કલ્પનાશક્તિ વિકસે છે.
- અભિનય એ શિક્ષણપ્રદ ક્રિયા અથવા અનુભવ છે. અભિનય વિદ્યાર્થીઓને સ્વાનુભવ, સ્વપ્ર ૃત્તિ દ્વારા શિક્ષણ મેળવવાનો અવસર આપે છે.
- વિદ્યાર્થીઓને નાટ્યીકરણ, નાટ્યપ્ર ૃત્તિમાં સ્વાભાવિક રસ - રુચિ અને શોખ હોવાથી તેમાં ભાગ લેવાનું ગમે છે. તેમાં ભાગ લેનારને અને તે જોનાર દર્શક વિદ્યાર્થીઓને આનંદ અને મનોરંજન મળે છે.
- નાટ્યીકરણ પ્ર ૃત્તિ - પ્રયુક્તિ ઇતિહાસ શિક્ષણને નવીન અને રોચક બનાવે છે અને ઈતિહાસ વિષય પ્રત્યે વિદ્યાર્થીઓના રસ અભિરુચિમાં વધારો કરે છે.
- વિદ્યાર્થીઓમાં આ પ્રયુક્તિના ઉપયોગ દ્વારા રાષ્ટ્રપ્રેમ, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સદ્ભાવના, સહિષ્ણુતા, સાહસજેવા સદ્ગુણો કેળવાય છે – વિકસે છે. વિદ્યાર્થીઓ દેશ વિદેશના સાંસ્કૃતિક વારસાનું ગૌરવ અનુભવે છે. તેનું માન સન્માન અને આદર કરી રક્ષણ પ્રત્યે સભાન જાગૃત રહે છે.
- વિદ્યાર્થીઓની અભિનયશક્તિ અને સર્જનાત્મકતાને પ્રેરતી અને સંકોરતી ખિલવતી નાટ્યીકરણની પ્રયુક્તિ શિક્ષણપ્રક્રિયાને અધ્યેતાકેન્દ્રી અને પ્ર ૃત્તિકેન્દ્રી બનાવે છે, અને વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ પ્રગટાવે છે.

2.1.3 **પ્રવાસ**

પ્રા. પ્ર. ત્રિવેદીએ લખ્યું છે, “જે પ્રાણવાન શિક્ષકો પોતાના વિદ્યાર્થીઓને નીલા આકાશની નીચે વિસ્તરેલી પૃથ્વીના દર્શને ઉમંગભેર લઈ જાય છે, તે શિક્ષકો વિદ્યાર્થીઓને કુદરતની વિશાળ શાળાના સિંહદ્વારમાં પ્રવેશ કરાવે છે."

પ્રવાસ વિશાળ પાયા ઉપર યોજાયેલી અને રોજબરોજના - રોજિંદા અનુભવની સ્થાનિક દુનિયાની ક્ષિતિજને ઓળંગીને દૂર ને દૂરના ઐતિહાસિક ભૌગોલિક સ્થળે – સ્થાનો પર પહોંચી જ્ઞાન પ્રાપ્ત કરવાની પ્રયુક્તિ છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

પ્રવાસના વ્યાપક ઉદ્દેશો હોય છે. જો સંપૂર્ણ સાવધાની સાથે, બુદ્ધિપૂર્વક અને વ્યવસ્થિત આયોજન સાથે પ્રવાસ કરવામાં આવે તો 'નવા સ્થાનો પર જઈ નવી વસ્તુઓ પ્રત્યક્ષ જોવાના' મહત્ત્વની શૈક્ષણિક પ્રયુક્તિ બની શકે.

**ઉપયોગિતા / અગત્ય :**

વાસ્તવિક અને પ્રત્યક્ષ શિક્ષણ માટેના વિદ્યાર્થીઓને આપવાના અધ્યયન અનુભવો તરીકે કાળજીપૂર્વક યોજાયેલા ઐતિહાસિક પ્રવાસની ઘણી જ ઉપયોગિતા અગત્ય છે. જે એના શૈક્ષણિક મૂલ્ય અને મહત્ત્વને પણ સ્પષ્ટ કરે છે — દર્શાવે છે. નીચે પ્રવાસ પ્રયુક્તિની ઉપયોગિતા / મહત્ત્વ દર્શાવતા મુદ્દા રજૂ કર્યા છે.

**સ્વ-નિરીક્ષણ દ્વારા જ્ઞાન** :

પ્રવાસના અભાવમાં વિદ્યાર્થીઓને મળતું જ્ઞાન અપાતું જ્ઞાન અનુભવ પર આધારિત નથી હોતું, પ્રત્યક્ષ નથી હોતું. આથી એ સ્થાયી પણ નથી હોતું. જ્યારે પ્રવાસ દ્વારા મેળવેલું જ્ઞાન સ્વનિરીક્ષણ દ્વારા પ્રત્યક્ષ મેળવેલું હોય છે. આથી એ અધિક સ્થાયી અને દીર્ઘકાલિન હોય છે.

**જિજ્ઞાસાને સંતોષે છે** :

વિદ્યાર્થીઓ જિજ્ઞાસુ હોય છે. જો વિદ્યાર્થીઓને વર્ગખંડની કે શાળાની બહાર પ્રવાસે લઈ જવામાં આવે તો તેઓ જે-તે સ્થળની ઐતિહાસિક વસ્તુઓ, તે સ્થળનો ઐતિહાસિક વારસો અને સંસ્કૃતિના પ્રત્યક્ષ દર્શન કરે અને તેની માહિતી – વિગત મેળવે – પ્રાપ્ત કરે. આથી તેમની જિજ્ઞાસા સંતોષાય છે, અને સાથે ન ંુ ન ંુ જાણવા અને જોવાની જિજ્ઞાસા વધે છે. પ્રવાસ દરમિયાન વસ્તુઓનો સંગ્રહ કરવાની પ્રેરણા મળે છે.

**તાર્કિક શક્તિનો વિકાસ** :

વિદ્યાર્થીઓ પ્રવાસ દરમિયાન જે જુએ છે – જે અનુભવ મેળવે છે તેના અંગે વિચાર કરે છે. જોયેલી વિગતોને શીખેલી વિગતોના સંદર્ભમાં મેળવે છે, પરિણામે વિદ્યાર્થીઓની તાર્કિક વિચારણા કરવાની શક્તિનો વિકાસ થાય છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

**પ્રવાસ એ જ્ઞાનસમૃદ્ધિ અને આનંદની યાત્રા છે** :

વર્ગખંડમાં શિક્ષક મહદ્અંશે તો બોલીબોલીને જ, કેટલીક વાર તો વાંચીને ઇતિહાસ શીખવે છે – ભણાવે છે. આથી વર્ગખંડમાં નીરસ વાતાવરણ જન્મે છે, અને વિદ્યાર્થીઓ કંટાળો અનુભવે છે. જ્યારે પ્રવાસ પ્રયુક્તિના ઉપયોગથી વિદ્યાર્થીઓ આનંદ અને મનોરંજન, ગમ્મત સાથે જ્ઞાન મેળવે છે. કેટલુંય ન ું જોવાની, જાણવાની અને વિચારવાની તકો પ્રવાસમાં મળે છે. એના દ્વારા ઐતિહાસિક જ્ઞાનની સમૃદ્ધિ વધે છે.

**સમતોલ વિકાસની તકો** :

ઐતિહાસિક પ્રવાસો વિદ્યાર્થીઓની માનસિક શક્તિઓનો તો વિકાસ કરે જ છે. તે ઉપરાંત પ્રવાસ તેમની શારીરિક અને સામાજિક, નૈતિક વિકાસની દૃષ્ટિએ પણ સહાયરૂપ થાય છે – ઉપયોગી બને છે. પ્રવાસ દરમિયાન જ પરસ્પર સહયોગથી વર્ત ું, અન્ય સહાધ્યાયીને સહાકર આપવો કે મદદ કરવી. ફરજ પ્રત્યે સભાન રહી પોતાની જવાબદારી અદા કરવી, પ્રવાસ દરમિયાનની દરેક પ્ર ૃત્તિમાં પોતાનો શ્રેષ્ઠ ફાળો આપવો, વિવિધ વ્યક્તિઓ સાથે સંપર્ક કરવો અને આત્મિયતા અનુભવવી, સહિષ્ણુતા અને સહનશીલતાનો વિકાસ કરવો વગેરે માટેની તકો રહે છે આથી સામાજિકતા વિકસે છે અને સમૂહજીવન જીવવાની તાલીમ મળે છે, તેમજ ચારિત્ર્યનું ઘડતર થાય છે.

**કૌશલ્યોનો વિકાસ** :

પ્રવાસ યોજતા પહેલાં પ્રવાસ માટેનાં ઐતિહાસિક સ્થળો - સ્થાનની જાણકારી, પ્રવાસનો માર્ગ નક્કી કરવો, પ્રવાસના સ્થળે પહોંચવા માટે વાહનવ્યવહારની પસંદગી કરવી, પ્રવાસની પૂર્વતૈયારી, પ્રવાસ દરમિયાનની પ્ર ૃત્તિઓ, પ્ર ૃત્તિ માટેનાં જૂથ અને તેના નેતા વગેરે નક્કી કરવા પડે, વાલીઓ અને પ્રવાસના સ્થળના વડાની મંજૂરી મેળવવી પડે. આ માટે કાળજીપૂર્વક આયોજન કરી તેનો અમલ કરવો પડે. આ બધી પ્ર ૃત્તિઓને પરિણામે પ્રવાસ આયોજનની તાલીમ મળે છે, જે વિદ્યાર્થીઓને ભવિષ્યમાં પ્રવાસનું આયોજન કરવામાં સહાયરૂપ થાય છે.

સમાજની વિવિધ ક્ષેત્રોની મહત્ત્વની વ્યક્તિઓ સાથે મુલાકાત કરવાની, તેમની સાથે પ્રશ્નોત્તરી અને સંવાદ કરવાનું, રોજનીશી (ડાયરી) કે નોંધ લખવાનું, અહેવાલ લખવાનું કૌશલ્ય વિકસે છે. નકશા અને ચિત્રો દોરવાનું, માહિતી શોધવાનું કૌશલ્ય વિકસે છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

## 2.1.4. સમયરેખા

**અર્થ :**

જ્યારે નિશ્ચિત સ્કેલમાપ પ્રમાણે ઊભી અને આડી રેખા પર વર્ષ અને બનાવનો સંબંધ દર્શાવવામાં આવે ત્યારે તે રેખાને સમયરેખા કહેવામાં આવે છે. સમયરેખાનો ઉપયોગ બનાવ સાથે સમયનો ખ્યાલ આપવા થાય છે.

**સમયરેખાની ઉપયોગિતા :**

ઇતિહાસના શિક્ષણ માટે સમયરેખાની વિશેષ ઉપયોગિતા છે. તેની ઉપયોગિતા નીચેના મુદ્દા દ્વારા સ્પષ્ટ થાય છે. આ મુદ્દા સમયરેખાનું મહત્ત્વ પણ દર્શાવે છે :

- સમયરેખા દ્વારા ઈતિહાસના બનાવોને સમયના સંદર્ભમાં સરળતાથી સમજી શકાય છે.
- માનવ વિકાસના ઇતિહાસમાં બનેલી મહત્ત્વની ઘટનાઓના કાળનો તુલનાત્મક અભ્યાસ કરવા સમયરેખા ઘણી ઉપયોગી અને અસરકારક સાબિત થઈ છે – થાય છે.
- જે-તે કાળની ઘટનાઓનું - ઝડપથી પુનરાવર્તન કરવામાં સમયરેખા ઉપયોગી બને છે.
- વિદ્યાર્થીઓ બનાવોને ક્રમિક રીતે ગોઠવી શકે છે, અને બનાવો વચ્ચેના સમયગાળાને તારવી શકે છે.
- બનાવોને સરળતાથી યાદ રાખી શકાય છે.
- એક જ સમયે બનેલા બનાવોને સરળતાથી સમજવામાં સહાયરૂપ બને છે.
- સમયરેખાના ઉપયોગથી વિદ્યાર્થીઓમાં વિવિધ કૌશલ્યોનો વિકાસ થાય છે. દા.ત. સમયરેખા પર બનાવોને દર્શાવવા.
- વિદ્યાર્થીઓ સમયરેખાના અર્થઘટનનું કૌશલ્ય પણ વિકસાવે છે.
- સમયરેખા બનાવોને સમયના ક્રમમાં રજૂ કરતી હોવાથી શિક્ષણપ્રક્રિયામાં ક્રમિકતા જોવા મળે છે.
- એક જ યુગમાં કે નિશ્ચિત સમયગાળામાં બનેલા બનાવોનું સંકલન કરવામાં સમયરેખા ઉપયોગી બને છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

સમયરેખા જેટલી સ્પષ્ટ તેટલી તે અસરકારક અને ઉપયોગી બને છે. આથી એકી સાથે વધુ સાલવારી અને ઘટનાઓ – બનાવોને સમયરેખા પર દર્શાવવી જોઈએ નહિ.

ઇતિહાસના શિક્ષક સમયરેખાનો ઉપયોગ પ્રસ્તાવના (વિષયાભિમુખતા) માટે, વિષયવસ્તુના નિરૂપણ તેની સમજ આપવા માટે, મૂલ્યાંકન પ્રવિધિ તરીકે કે સ્વાધ્યાય આપવા કરી શકે.

## 2.2 ઈતિહાસ ખંડ : અગત્ય, સજાવટ

**પ્રાસ્તાવિક :**

જેમ વિજ્ઞાનશિક્ષણ માટે વિજ્ઞાનની પ્રયોગશાળાની જરૂર છે તેમ ઇતિહાસના શિક્ષણ માટે શાળામાં ઇતિહાસખંડની આવશ્યકતા છે.

"**History has a claim for a seperate room just as science subjects.**"

ઈતિહાસના શિક્ષણને અસરકારક અને ક્રિયાશીલ બનાવવું હોય તો શાળામાં ઇતિહાસખંડ જરૂરી છે. ઐતિહાસિક વાતાવરણ સર્જવા માટે પણ ઇતિહાસખંડની જરૂરિયાત છે. ઈતિહાસખંડ હોય તો શૈક્ષણિક ઉપકરણોના ઉપયોગથી સમયનો બગાડ ન થાય તે રીતે ઝડપથી ઇતિહાસનું શિક્ષણ આપી શકાય છે. વળી, જરૂરી ઐતિહાસિક સામગ્રી ઈતિહાસખંડમાંથી સરળતાથી શિક્ષકને પ્રાપ્ત થાય છે તેથી તેનો ઉપયોગ અસરકારક રીતે થઈ શકે છે. પરિણામે વિદ્યાર્થીઓને ઈતિહાસમાં રસ અને રુચિ લેતા કરી શકાય છે. ઈતિહાસ શિક્ષણની વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરવા માટે ઇતિહાસખંડ ખૂબ જ ઉપયોગી બને છે. વિદ્યાર્થીઓની જિજ્ઞાસાને ક્રિયાશીલ કરવા અને રાખવા ઇતિહાસખંડ હોવો જરૂરી છે.

**અર્થ ( સંકલ્પના )**

શાળામાં ઈતિહાસના અધ્યાપન અધ્યયન માટે ઉપયોગી અને જરૂરી એવી વિવિધ શૈક્ષણિક સાધન-સામગ્રી જેવી કે સંદર્ભગ્રંથો, પુસ્તકો, સામયિકો, વર્તમાનપત્રો, વિશેષાંકો, પેમ્પલેટ્સ, હસ્તપ્રતો, પત્રો, દસ્તાવેજો, સિક્કા, ટિકિટો, વાસણો, મૂર્તિઓ, પોશાક, કલાકૃતિઓ, ચિત્રો, પોસ્ટર, નકશા, સમયરેખા, વંશાવળી, નમૂના, ઓડિયો-વીડિયો કેસેટ્સ વગેરેનો સંગ્રહ ધરાવતા અલાયદા ખંડને ઇતિહાસખંડ કહેવામાં આવે છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

**ઈતિહાસખંડની અગત્ય :**

શાળામાં ઈતિહાસખંડ હોય તે ખૂબ જ જરૂરી છે. તેની ઘણી અગત્ય છે. જે એના મહત્ત્વને પણ સ્પષ્ટ કરે છે. નીચે ઈતિહાસખંડની અગત્ય દર્શાવતા મુદ્દા રજૂ કર્યા છે.

- ઈતિહાસખંડ ઈતિહાસના શિક્ષણને, તેના અભ્યાસને અસરકારક બનાવે છે.
- ઈતિહાસના શિક્ષણકાર્ય માટે જરૂરી સંદર્ભ સાહિત્ય અને શૈક્ષણિક સાધનસામગ્રી હાથવગી અને સુપ્રાપ્ય રહે છે.
- શિક્ષણની વિવિધ પદ્ધતિઓ અને પ્રયુક્તિઓનો અસરકારક ઉપયોગ કરી શકાય છે. દા.ત. પ્રોજેક્ટ, સેમિનાર, જૂથચર્ચા વગેર....
- શિક્ષણકાર્યને રસપ્રદ, રોચક, જીવંત અને વાસ્તવિક બનાવવા ઈતિહાસખંડ મહત્ત્વનો ફાળો આપે છે.
- વિદ્યાર્થીઓ વિષયના સંદર્ભમાં વિવિધ પ્ર ૃત્તિઓ કરવા ઉત્સાહિત બને છે. તેઓ વિવિધ અધ્યયન અનુભવો પ્રાપ્ત કરે છે.
- વિદ્યાર્થીઓમાં વિવિધ શોખ, કૌશલ્યો, ક્ષમતા, મૂલ્યો અને વલણોનો વિકાસ કરવામાં ઉપયોગી છે.
- ઇતિહાસખંડ અધ્યયન માટે ઉપયોગી બને છે. અધ્યાપનને અધ્યેતાકેન્ી બનાવવા
- વિદ્યાર્થીઓની ખોજ ૃત્તિ, તપાસ ૃત્તિ અને જિજ્ઞાસા ૃત્તિને વેગ મળે છે. વિદ્યાર્થીઓમાં ઐતિહાસિક દૃષ્ટિ કેળવે છે – વિકસાવે છે.
- ઇતિહાસને લગતા વિવિધ પ્રાયોગિક કાર્યો કરવા માટે અનુકૂળતા રહે છે.
- ઇતિહાસ મંડળ (વર્તુળ કે ક્લબ)ની સંવાદ, વેશભૂષા, નાટ્યીકરણ, એકોક્તિ, ચર્ચા વગેરે જેવી પ્ર ૃત્તિઓ યોજવા ઇતિહાસખંડ ઉપયોગી બને છે.
- ઐતિહાસિક પ્રદર્શન યોજવા માટે ઉપયોગી બને છે.
- ચાર્ટ, ચિત્ર, પોસ્ટર, નકશા, આલેખ, વિશિષ્ટ અંકો, નમૂના જેવા શૈક્ષણિક ઉપકરણો સાધનોનું નિર્માણ કરવામાં સરળતા રહે છે – સુવિધા પ્રાપ્ત થાય છે.
- વિષયના સંદર્ભમાં રેડિયો (આકાશવાણી)ના વાર્તાલાપો, પાઠો સાંભળી ન ું જ્ઞાન પ્રાપ્ત કરી ચર્ચા કરી શકાય છે. એ જ રીતે દૂરદર્શન દ્વારા પ્રસારિત થતા તજ્જ્ઞોના વાર્તાલાપો, ચર્ચા તેમજ અન્ય કાર્યક્રમો નિહાળી – સાંભળી વિશેષ અદ્યતન જ્ઞાન, માહિતી મેળવી શકાય છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

- વિશિષ્ટ આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય દિવસો - તહેવારોની ઉજવણી માટે વક્તત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ચિત્ર અને પોસ્ટર સ્પર્ધા, ક્વિઝ વગેરેના આયોજન માટે ઇતિહાસખંડ ઉપયોગી અને મહત્ત્વનો બની રહે છે.
- ઇતિહાસખંડ વિવિધ સંદર્ભગ્રંથો અને પુસ્તકો તેમજ સામાયિકોમાં અભ્યાસ કરી ન ુ ં જ્ઞાન પ્રાપ્ત કરવા, વિશેષ અને અદ્યતન માહિતી શોધવા - મેળવવા ઉપયોગી થાય છે.
- શિક્ષકના સમય અને શ્રમનો બચાવ થાય છે કારણ કે ઇતિહાસખંડ હોય તો શૈક્ષણિક સાહિત્ય, સાધન-સામગ્રી વગેરે ઝડપથી અને સરળતાથી પ્રાપ્ત થાય છે.

ટૂંકમાં, ઈતિહાસના અધ્યયન અધ્યાપનના સમૃદ્ધિકરણમાં ઇતિહાસખંડ વિશિષ્ટ ભૂમિકા ભજવે છે અને વિષયના વિવિધ હેતુઓને સિદ્ધ કરવામાં અતિ મહત્ત્વનો ફાળો આપે છે. ઉપરોક્ત અગત્યને ધ્યાનમાં લેતાં શાળામાં ઈતિહાસખંડની જરૂરિયાત વિશે બેમત હોઈ શકે નહિ.

<u>ઇતિહાસખંડની સજાવટ :</u>

ઇતિહાસખંડની સજાવટ ઇતિહાસના શિક્ષકની સૂઝ અને દૃષ્ટિ પર આધારિત છે. ઇતિહાસખંડમાં વિદ્યાર્થીનું મન પ્રફુલ્લિત રહે, તેનામાં કામ કરવાનો ઉત્સાહ રહે અને ઇતિહાસના હેતુઓની, ઇતિહાસના શિક્ષણસંબંધી ક્ષમતાઓની સિદ્ધિઓમાં સહાયરૂપ થાય એ રીતે શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સાધનસામગ્રી વસ્તુઓની ગોઠવણી કરી ખંડની સજાવટ કરવી જોઈએ. ખંડની સજાવટ વખતે અધ્યાપન અધ્યયનકાર્યમાં સમય અને શ્રમનો બચાવ થાય એનો ખ્યાલ રાખવો જોઈએ. અત્યંત આકર્ષક, કલાત્મદ અને સૂઝપૂર્વક સમજાવટ પામેલ ઇતિહાસખંડ વિદ્યાર્થીઓના અને ખંડમાં પ્રવેશ કરનારના દિલ અને દિમાગ પર વિશેષ પ્રભાવ પાડે છે.

**અનુભવી અભ્યાસીઓના અભિપ્રાયો પ્રમાણે ઇતિહાસખંડની પસંદગી, ગોઠવણી યા સજાવટ માટે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખવા જેવા છે :**

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT


- જો ભોંયતળિયે ઈતિહાસખંડ રાખવો હોય તો શાળાના મેદાનમાં ઈતિહાસ વિષયને લગતા પ્રાયોગિક કાર્યો કરવાની અનુકૂળતા રહે તે રીતે ખંડના સ્થાનની પસંદગી કરવી. ઇતિહાસખંડનું પ્રવેશદ્વાર શાળાના ક્રીડાંગણ તરફ રાખ ું જોઈએ.
- સામાન્ય વર્ગખંડ કરતાં ઇતિહાસખંડ મોટો - વિશાળ હોવો જોઈએ. સામાન્ય રીતે ઇતિહાસખંડનું ક્ષેત્રફળ 1200 ચો.ફૂ. હોય તે યોગ્ય ગણાય. વિવિધ શૈક્ષણિક સાધન-સામગ્રીની ગોઠવણી માટે મોકળાશ રહે. સાધન-સામગ્રી વ્યવસ્થિત રીતે ગોઠવી શકાય, વિદ્યાર્થીઓને પ્રાયોગિક કાર્યો કરતી વખતે, નૂતન શિક્ષણ પદ્ધતિઓનો ઉપયોગ કરતી વખતે ઇતિહાસખંડમાં મોકળાશથી હરીફરી શકવાની અનુકૂળતા રહે, બેઠક વ્યવસ્થામાં પણ ફેરફાર કરવાની અનુકૂળતા રહે એ માટે ઈતિહાસખંડ વિશાળ હોવો જોઈએ.
- શાળાના મકાનની જમણી બાજુએ બારીઓ હોય એવો ખંડ ઈતિહાસખંડ તરીકે વધુ યોગ્ય - અનુકૂળ ગણાય છે.
- શાળાનું મકાન બે કે તેથી વધુ મજલાનું હોય તો ઈતિહાસખંડ સૌથી ઉપરના મજલે રાખવો જોઈએ. ઉપરના મજલે ખંડ હોય તો શાંતિ રહે છે. સૌથી ઉપરના મજલે ખંડ હોય તો પ્રાયોગિક કાર્યો અને વિવિધ પ્ર ૃત્તિઓ માટે વધુ અનુકૂળતા રહે છે.
- ઇતિહાસખંડમાં વીજળીના જોડાણ (પોઈન્ટ) પૂરતા પ્રમાણમાં હોવા જોઈએ. શિક્ષક પોતાના સ્થાને જ ટેબલ આગળ રહીને વર્ગના કોઈપણ ખૂણામાં જરૂરી પ્રકાશની વ્યવસ્થા કરી શકે તેવી સગવડ / વ્યવસ્થા હોવી જોઈએ. આખો ખંડ અંધારિયો ખંડ (dark room) કરી શકાય તેવી રીતે ઈતિહાસખંડની બારીઓ હોવી જોઈએ. દરવાજા અને બારીઓ પર પડદા હોવા જોઈએ.
- ખંડના મધ્ય ભાગમાં વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા રાખવી જોઈએ. આ વ્યવસ્થા શિક્ષકને નૂતન શિક્ષણ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં અનુકૂળતા રહે એ રીતે સહેલાઈથી ફેરવી શકાય તેવી હોવી જોઈએ.
- ઇતિહાસખંડના ખૂણાઓનો ઉપયોગ કબાટ, નકશા, સ્ટેન્ડ કે અન્ય સામગ્રી ગોઠવવા કરી લેવો જોઈએ. એકાદ ખૂણામાં સંગ્રહાલય કે પુસ્તકાલયની વ્યવસ્થા કરી શકાય. ઇતિહાસખંડમાં પુસ્તકાલય અનિવાર્ય છે. સામગ્રી પ્રદર્શિત કરવા શો કેઈસ (show-case) પણ રાખી શકાય.
- ખંડની દીવાલ પર સરકી શકે એવા સરકતાં કાળા પાટિયાં રાખવાં જોઈએ.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

- સંદર્ભગ્રંથો, પુસ્તકો, સામયિકો, નકશાપોથી, એટલાસ, જ્ઞાનકોશ, પારિભાષિક શબ્દકોશ અને અન્ય મુિ ત સાહિત્ય રાખવા કબાટ કે અભરાઈની તેમજ વર્તમાનપત્રો રાખવામ માટેના સ્ટેન્ડની વ્યવસ્થા ખંડમાં રાખવી જોઈએ.
- શિક્ષકના ટેબલની સામે ચાલુ હાલતમાં પ્રોજેક્ટર, ફિલ્મસ્ટ્રી* પ્રોજેક્ટર ગોઠવી શકાય.

RAJKOT

## ઇતિહાસ ખંડ



## 2.3 ઇતિહાસ શિક્ષણમાં સમૂહ માધ્યમોની પસંદગી, અગત્ય :

**ફિલ્મ, રેડિયો, ટી.વી., વી.સી.ડી., ટેપરેકોર્ડર**

### 2.3.1 સમૂહ માધ્યમોની પસંદગી :

વર્તમાનપત્રો, રેડિયો, ફિલ્મ, ટેલિવિઝન, વી.સી.ડી., ટેપરેકોર્ડર એ શિક્ષણ માટેનાં સમૂહ માધ્યમો છે. વર્તમાનપત્રો, રેડિયો અને ટેપરેકોર્ડર એ માત્ર શ્રાવ્ય સાધનો સમૂહ માધ્યમો છે. ફિલ્મ, ટી.વી. અને વી.સી.ડી. એ દૃશ્ય-શ્રાવ્ય સાધનો / સમૂહ માધ્યમો છે.

વર્ગવ્યવહારને ફળદાયી બનાવવામાં, અધ્યેતાને ઈન્દ્રિયગમ્ય અધ્યયન અનુભવો પૂરા પાડવા માટે આ દૃશ્ય-શ્રાવ્ય સાધનોનું / માધ્યમોનું મહત્ત્વપૂર્ણ પ્રદાન છે. શૈક્ષણિક સંસ્થાઓમાં આ માધ્યમોનો ઉપયોગ માત્ર મનોરંજન માટે નથી કરવાનો. એનો ઉપયોગ તો અધ્યાપન અધ્યયનની પ્રક્રિયાને વાસ્તવિક, જીવંત, સરળ, રસપ્રદ અને અસરકારક બનાવવા માટેના મૂલ્યવાન માધ્યમ તરીકે કરવાનો છે. આથી તેની પસંદગી કરતી વખતે નીચે જેવી કેટલીક બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે :

- વિદ્યાર્થીઓની માનસિક / બૌદ્ધિક વયકક્ષાને અનુરૂપ શૈક્ષણિક સાધનો / સમૂહ માધ્યમોની પસંદગી કરવી.
- શૈક્ષણિક ઉપયોગિતા / અગત્યની દૃષ્ટિએ ઉપયોગી હોય, મૂલ્યવાન હોય એવાં સમૂહ માધ્યમોની પસંદગી કરવી.
- ઈતિહાસ શિક્ષણના હેતુઓની સિદ્ધિમાં, વિષયની અને એકમની ક્ષમતાઓની સિદ્ધિમાં સહાયરૂપ બને / હોય તેવાં સમૂહ માધ્યમો / સાધનોની પસંદગી કરવી.
- પસંદ કરાયેલાં સમૂહ માધ્યમો ઈતિહાસની ક્ષમતાઓ અને વિષયવસ્તુ સાથે સુસંગત હોય અને તેની વિસ્તૃત સમજ વિકસાવે, તેનું સ્પષ્ટીકરણ કરે તેવાં હોવાં જોઈએ.
- અધ્યેતાની જિજ્ઞાસા ૃત્તિને સતેજ કરે, વિચાર પ્રક્રિયાને પ્રેરે, કલ્પનાશક્તિને વિકસાવે અને રસ ૃત્તિ, રુચિ, શોખ, વલણો અને મૂલ્યોને કેળવે –વિકસાવે તેવાં શૈક્ષણિક સમૂહ માધ્યમો પસંદ કરવાં જોઈએ.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

- પસંદ કરાયેલાં સમૂહ માધ્યમો ટકાઉ, પ્રમાણભૂત, વિશ્વસનીય અને સારી કંપનીનાં હોવાં જોઈએ. શાળાને પોષાય તેવી કિંમતનાં પણ તે હોવાં જોઈએ. (જો કે હવે આ સાધનો પ્રમાણમાં ઘણાં જ સસ્તાં છે, અને મોટા ભાગની શાળાઓમાં તે હોય છે.)

નીચે સમૂહ માધ્યમોની અગત્ય દર્શાવી છે. આપણા અભ્યાસક્રમમાં વર્તમાનપત્રો, જે પણ સમૂહ માધ્યમ જ છે, તેનો સમાવેશ કરાયો નથી.

### 2.3.2 ફિલ્મ (ચલચિત્ર) :

**સંકલ્પના :**

ફિલ્મ એ દૃશ્ય-શ્રાવ્ય યાંત્રિક સાધન છે. ફિલ્મ (ચલચિત્ર) દ્વારા મોટા પડદા પર ભૂતકાળના અને વર્તમાનના ઐતિહાસિક બનાવો અને સાંસ્કૃતિક વારસો પ્રત્યક્ષ, વાસ્તવિક અને જીવંત થાય છે.

**અગત્ય (ઉપયોગિતા)**

નીચે ઈતિહાસના શિક્ષણમાં ફિલ્મો (ચલચિત્રો)ની અગત્ય (ઉપયોગિતા) દર્શાવી છે.

- ચલચિત્રો ઐતિહાસિક ઘટનાઓ (બનાવો, પ્રસંગો)ને તાદશ કરી આપે છે.
- ઇતિહાસની વિષયવસ્તુની રજૂઆતને જીવંત બનાવે છે.
- દેશ - વિદેશની વિવિધ સંસ્કૃતિઓનું તલસ્પર્શી જ્ઞાન પ્રાપ્ત થાય છે – વિદ્યાર્થીઓને એ જ્ઞાન આપી શકાય છે. વિદ્યાર્થીઓને સમકાલીન બનાવોનો તુલનાત્મક અભ્યાસ કરાવી શકાય છે.
- ફિલ્મના ઉપયોગથી વિદ્યાર્થીઓમાં વિચારશક્તિનો, સમસ્યા ઉકેલ શક્તિનો વિકાસ થાય છે. વિદ્યાર્થીઓમાં વિષયવસ્તુની રજૂઆત સાથે કલ્પનાશક્તિ પણ જાગૃત કરે છે.
- ફિલ્મ દ્વારા ઐતિહાસિક તથ્યો સમજાવી શકાય છે. સત્યોને સરળતાથી સમજાવી શકાય છે
- ધ્વનિયુક્ત દૃશ્ય ચિત્રો જોવા મળે છે, જે વિદ્યાર્થીની સ્મૃતિ પર પ્રબળ અસર કરે છે.
- ફિલ્મ એ સમૂહ માધ્યમ છે. આથી એક જ સમયે ઘણા વિદ્યાર્થીઓને લાભ આપી શકાય છે.
- ઇતિહાસના પાઠયપુસ્તકના એકમને યોગ્ય અને સમયની અનુકૂળતા અનુસાર ચલચિત્રનો ઉપયોગ કરી શકાય છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

- દસ્તાવેજી ચલચિત્રો (ડોક્યુમેન્ટરી ફિલ્મ) બતાવી તત્કાલીન વર્તમાન બનાવો / પ્રસંગોનું દર્શન કરાવી શકાય છે.
- વિદ્યાર્થીઓની જિજ્ઞાસા સંતોષી શકાય છે. વિદ્યાર્થીઓને ગમ્મત આનંદ અને મનોરંજન સાથે ઐતિહાસિક જ્ઞાન આપી શકાય છે.

**2.3.3 રેડિયો (આકાશવાણી) :**

રેડિયો એ શ્રાવ્ય સાધન છે. એ યાંત્રિક સાધન છે, પરંતુ સેલનો ઉપયોગ કરીને પણ ચલાવી શકાય છે. રેડિયો સમૂહ માધ્યમ પણ છે. રેડિયો સરળતાથી ઉપયોગમાં લઈ શકાય એ ું સસ્તુ, હલકું અને હાથવગુ સાધન છે.

**ઈતિહાસના શિક્ષણમાં અગત્ય (ઉપયોગિતા) :**

નીચે ઇતિહાસના શિક્ષણમાં રેડિયોની અગત્ય (ઉપયોગિતા) દર્શાવી છે, જે તેના મહત્ત્વને પણ સ્પષ્ટ કરે છે :

- વિદ્યાર્થીઓને ઇતિહાસ વિષયને લગતા એકમો તેની વિષયવસ્તુ અંગે રેડિયો દ્વારા જે શૈક્ષણિક કાર્યક્રમો - પાઠો પ્રસારિત થાય છે, તે સંભળાવી તેમને વિષયવસ્તુનું ઊંડાણપૂર્વકનું અને વિગતપૂર્ણ જ્ઞાન આપી શકાય છે.
- વિવિધ પ્રસંગો કે ઉત્સવોની ઉજવણીના દિવસે ઈતિહાસની તજ્જ્ઞ-નિષ્ણાત વ્યક્તિઓના વાર્તાલાપો, વ્યાખ્યાન, સંવાદો, તેમની સાથેની મુલાકાત અને પ્રશ્નોત્તરીના કાર્યક્રમો રેડિયો પર પ્રસારિત થાય છે. આ કાર્યક્રમો સંભળાવવાથી વિદ્યાર્થીઓને તજજ્ઞ વ્યક્તિઓના જ્ઞાન અને અનુભવનો લાભ મળે છે.
- રેડિયો પર પ્રસારિત થતા જે-તે ધોરણના ઈતિહાસના એકમો - પાઢયવસ્તુના શિક્ષનકાર્ય માટે ઉપયોગી કાર્યક્રમો જેવ (ધ્વનિમુ િત) કરી ઓડિયો કેસેટ તૈયાર કરી શકાય, તેનો જરૂર ઊભી થાય ત્યારે અને શાળાના સમયમાં અનુકૂળતા અનુસાર ઉપયોગ કરી શકાય.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

- રેડિયો પર પ્રસારિત થતા ઐતિહાસિક કાર્યક્રમો જો એકાગ્રતાથી સાંભળવામાં આવે તો ઈતિહાસની વિષયવસ્તુ, ઇતિહાસની સંકલ્પના (ખ્યાલો) વગેરેની સમજ સારી રીતે, સ્પષ્ટતા સાથે મળે છે.
- રેડિયો પર નાટક, ભવાઈ, એકોકિત, જૂથગાં, સેમિનાર, વગેરે પ્રયુક્તિઓ દ્વારા કાર્યક્રમોની રજૂઆત થાય છે, તેથી વિદ્યાર્થીઓને નવીનતાનો અનુભવ થાય છે.
- રેડિયો પર પ્રસારિત થતા વિવિધ ઐતિહાસિક કાર્યક્રમો સાંભળવાથી વિદ્યાર્થીઓમાં શ્રવણકૌશલ્ય, અર્થઘટન કૌશલ, અભિનય કૌશલ્ય, સંવાદ કૌશલ્ય, પ્રત્યાયન કૌશલ્ય વગેરે. કૌશલ્યોનો વિકાસ થાય છે.
- આજે મોટાભાગની શાળાઓમાં રેડિયો ઉપલબ્ધ છે. એનો ઉપયોગ કરવાનું સરળ છે. એ હાથવગુ પણ છે. આથી એનો ઉપયોગ કરવાનું મુશ્કેલ નથી. રેડિયી સમૂહ માધ્યમ પણ છે. આથી એક સાથે એક જ સમયે ઘણા વિદ્યાર્થીઓને- ઘણી વ્યક્તિઓને લાભ આપી શકાય છે. શિક્ષણકાર્યને રસપ્રદ, ગમ્મત સાથે જ્ઞાન આપનારૂં, અસરકારક અને ફળદાથી બનાવવામાં રેડિયોનું મહત્ત્વપૂર્ણ પ્રદાન - યોગદાન છે.

### 2.3.4 ટેલિવિઝન (દૂરદર્શન) :

**સંકલ્પના :**

ટેલિવિઝન એ દૃશ્ય-શ્રાવ્ય અને યાંત્રિક સાધન છે. દશ્ય-શ્રાવ્ય સાધનોમાં ટી.વી.નું સ્થાન આગવું છે, અને મહત્ત્વનું છે. ટી.વી.નું મૂલ્ય મહત્ત્વ રેડિયો કરતાં પણ વધારે છે. કારણ કે ટી.વી.માં ભૂતકાળના અને વર્તમાનના, દૂરના અને નજીકના સ્થળના જીવંત બનાવોને તાત્કાલિક અવાજ સાથે પડદા પર દર્શાવવામાં આવે છે. તેમાં 'ટેલિ' અને 'વિઝન' એમ બે શબ્દો છે. ટી.વી.એ માહિતી અને જ્ઞાનપ્રાપ્તિનું, વિચારપ્રાપ્તિનું તેમ જ પ્રસારણનું પ્રબળ / અસરકારક સમૂહ માધ્યમ છે.

ઘણા જ ઉપયોગી શાલેય કાર્યક્રમો ટી.વી. દ્વારા પ્રસારિત થાય છે. ઇતિહાસના વિષયને લગતા વિવિધ કાર્યક્રમો પણ પ્રસારિત કરવામાં આવે છે. શિક્ષકે ટી.વી. દ્વારા પ્રસારિત થતા વિષયના એકમોને અનુરૂપ કાર્યક્રમોનો અધ્યાપન - અધ્યયન માટે ફળદાયી ઉપયોગ કરવો જોઈએ. તેની ઉપયોગિતા નીચે દર્શાવી છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

**<u>ટેલિવિઝનની ઉપયોગિતા (અગત્ય)</u> :**

ઇતિહાસના વિષયના શિક્ષણકાર્યમાં ટેલિવિઝનની ઘણી જ ઉપયોગિતા છે. નીચેના મુદ્દાઓ ઈતિહાસના અધ્યાપન અને અધ્યયનમાં ટી.વી.ની ઉપયોગિતા દર્શાવે છે, જે એના શૈક્ષણિક મૂલ્ય, શૈક્ષણિક મહત્ત્વ અગત્યને પણ સ્પષ્ટ કરે છે.

- દેશના અને વિશ્વના વિવિધ ઐતિહાસિક બનાવો – રાજકીય, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક ઘટનાઓનું પ્રત્યક્ષ અને વાસ્તવિક જ્ઞાન આપે છે.
- ઇતિહાસ વિષયની જ્ઞાનસમૃદ્ધિ વધારવામાં મહત્ત્વપૂર્ણ ફાળો આપે છે.
- ઇતિહાસની વિવિધ સંકલ્પનાઓનું અને કાર્યકારણ સંબંધોનું સ્પષ્ટીકરણ કરવામાં ટી.વી. સહાયરૂપ થાય છે.
- ટી.વી. ભૂતકાળની અને વર્તમાનની ઐતિહાસિક ઘટનાઓને તાદેશ અને જીવંત સ્વરૂપે રજૂ કરે છે.
- સ્થાનિક, દેશ અને વિશ્વની ઐતિહાસિક સમસ્યાઓ અંગે વિદ્યાર્થીઓનું ધ્યાન ખેંચી સમસ્યાઓ પરત્વે તેમની સંવેદનશીલતા વિકસાવે છે.
- ટી.વી. દ્વારા વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય દિવસોની ઉજવણી પ્રસંગે, મહાન પુરુષોની જન્મજયંતી અને પુણ્યતિથિએ ઇતિહાસના નિષ્ણાત- તજ્જ્ઞો સાથે મુલાકાત, પ્રશ્નોત્તરી કે તેમના વાર્તાલાપ, તેમની સાથે સંવાદ રજૂ કરવામાં આવે છે – પ્રસારિત કરવામાં આવે છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓને આવા કાર્યક્રમો દ્વારા તેમના અનુભવ અને ચિંતનનો લાભ મળે છે. ઈતિહાસની સાચી-સત્ય હકીકતો જાણવા મળે છે.
- ટી.વી. દ્વારા પ્રસારિત થતા પ્રસંગો, પ્રસારિત થતી ઘટનાઓ, સમસ્યાઓ, માહિતી અને પરિસ્થિતિ શિક્ષણના વિવિધ અભિગમો, શિક્ષણની વિવિધ પદ્ધતિઓ અને પ્રયુક્તિઓનો ઉપયોગ કરવામાં આવે છે, પરિણામે તેમાં વૈવિધ્ય આવે છે અને વિદ્યાર્થીઓ પર તેની ધારી અસર નીપજે છે. જોયેલી અને જાણેલી માહિતીની વિદ્યાર્થીઓના માનસ પર દીર્ઘકાલીન અસર રહે છે. શિક્ષણના જે અભિગમો, શિક્ષણની જે પદ્ધતિઓ - પ્રયુક્તિઓ ઉપયોગમાં લેવાય છે, તેમાં વાર્તાલાપ, મુલાકાત, સંવાદ, પ્રશ્નોત્તરી, ચર્ચા, જૂથચર્ચા, સેમિનાર, નાટક, ભવાઈ, કઠપૂતળીના ખેલ, ગીત સમૂહગાન, ક્વિઝ - શૈક્ષણિક રમતો વગેરેનો સમાવેશ થાય છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

- ટી.વી. દ્વારા ઐતિહાસિક શ્રેણી (સિરિયલ), ઐતિહાસિક ફિલ્મ દર્શાવવામાં આવે છે. વિદ્યાર્થીઓએ અને શિક્ષકોએ એ જોવી જોઈએ. આથી ઇતિહાસનું જીવંત - પ્રત્યક્ષ સ્વરૂપે જ્ઞાન પ્રાપ્ત થાય છે.
- અધ્યેતાની જિજ્ઞાસાને પ્રેરે છે – સતેજ રાખે છે. અધ્યેતાની સમસ્યા ઉકેલ શક્તિ, તર્કશક્તિ, અભિવ્યક્તિ અને અભિનય શક્તિ, સર્જનાત્મકતા વગેરેનો વિકાસ કરવામાં ટી.વી. અગત્યનો ફાળો આપે છે.
- અન્ય વિષયો સાથે અનુબંધ સાધવા માટે ટી.વી. પરના અન્ય વિષયના કાર્યક્રમો ઉપયોગી બને છે. અનુબંધ સાધવામાં સરળતા રહે છે.
- ટી.વી. પર પ્રસારિત થતા ઈતિહાસને લગતા કાર્યક્રમો વિદ્યાર્થીઓને વિવિધ અધ્યયન અનુભવો પૂરા પાડે છે.
- ઈતિહાસના અધ્યાપન અધ્યયનમાંથી એકધારાપણું, અનુભવાતો કંટાળો અને થાક દૂર થાય છે. અધ્યાપન અને અધ્યયન કાર્યમાં વૈવિધ્ય આવે છે. ગમ્મત સાથે જ્ઞાન મળે છે.
- ઇતિહાસનું અધ્યાપન - અધ્યયન રસપ્રદ, જીવંત, તાદૃશ, અસરકારક અને ફળદાયી બને છે.
- ટી.વી.ના કાર્યક્રમો જોવા સાંભળવાથી વિદ્યાર્થીઓ ઇતિહાસને લગતાં કેટલાંક કૌશલ્યો, રુચિ અને શોખ તેમ જ ક્ષમતાઓનો વિકાસ થાય છે. દા.ત. નકશા વાંચવા, નકશા દોરવા, નકશાનું અર્થઘટન કર ું, સમયરેખા દોરવી અને તેનું અર્થઘટન કર ું, પર્યટન અને પ્રવાસનું આયોજન કરવામાં પણ ટી.વી. કાર્યક્રમો ઉપયોગી બને છે.
- ટી.વી. દ્વારા પ્રસારિત થતી શ્રેણી (સિરિયલ) અને ફિલ્મ (ચલચિત્ર) ઐતિહાસિક બનાવો પ્રસંગો, મહાન વિભૂતિઓનાં જીવનચરિત્રો, દેશ-વિદેશનો ઐતિહાસિક વારસો જાણી અને માણી શકાય છે. રામાયણ, મહાભારત, ચક્રવર્તી અશોક, જોધા અકબર, રાણા પ્રતાપ, ઝાંસી કી રાણી, ગાંધી (ફિલ્મ), નેશનલ હેરિટેજ, અમૂલ્ય ભારત જેવી શ્રેણી ટી.વી. દ્વારા પ્રસારિત થઈ છે. આ શ્રેણી દ્વારા ઐતિહાસિક બનાવો, વ્યક્તિઓ અને વારસાનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.

ટૂંકમાં, ટી.વી. ભૂતકાળના અને વર્તમાનના ઈતિહાસને જીવંત સ્વરૂપે વર્ગખંડમાં લાવે છે. બહારની દુનિયાના ઇતિહાસને વર્ગમાં લાવી દેતું ટી.વી. વિદ્યાર્થીઓનું જ્ઞાન તેમજ જ્ઞાનખજાનો જીવંત સ્વરૂપે ખુલ્લો કરે છે. ટી.વી. એ 'ઘર બેઠા વિદ્યાપીઠ'ની ગરજ સારતું ઘણું જ ઉપયોગી સાધન છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

## 2.3.5 વી.સી.ડી.

વી.સી.ડી. એ ઑડિયો-વીડિયો (દશ્ય-શ્રાવ્ય) યાંત્રિક સાધન છે. એ સમૂહ માધ્યમ પણ છે. એને મોટા પડદા પર પ્રતિબિંબિત કરી દર્શાવી શકાય છે.

### વી.સી.ડી.ની અગત્ય (ઉપયોગિતા) :

નીચે વી.સી.ડી.ની અગત્યતા (ઉપયોગિતા) દર્શાવી છે :

- Ø વી.સી.ડી.થી ઑડિયો - વીડિયો રજૂઆત કરી શકાય છે.
- Ø વી.સી.ડી.ને વર્ગમાં લાવવા - લઈ જવામાં સરળતા રહે છે.
- Ø વી.સી.ડી.માં ઘણી માહિતીને સંગૃહીત કરી શકાય છે, અને તેને દીર્ઘ સમય સુધી જાળવી શકાય છે.
- Ø ટી.વી. દ્વારા પ્રસારિત થતા ઇતિહાસની વિષયવસ્તુ સાથે સંબંધિત કાર્યક્રમોનું રેકોર્ડિંગ કરી જરૂરિયાત અનુસાર વારંવાર બતાવી શકાય છે.
- Ø વી.સી.ડી.નો જરૂર પડે ત્યારે અને જેટલી વાર જરૂર પડે તેટલી વાર રિવાઇન્ડ અને ફોરવર્ડ કરી જોઈ શકાય છે. તેની રજૂઆત દરમિયાન વિદ્યાર્થીઓ સાથે ચર્ચા, પ્રશ્નોત્તરી કરી શકાય છે. વી.સી.ડી.ની આ અગત્યતા મહત્ત્વની છે.
- Ø વી.સી.ડી. વિદ્યાર્થીઓનું ધ્યાન કેન્િત કરવામાં સહાયરૂપ બને છે.
- Ø વી.સી.ડી.ના ઉપયોગથી અધ્યાપનમાં નવીનતા લાવી શકાય છે, શિક્ષણ રસપ્રદ બને છે.
- Ø શિક્ષણ ભાર વિનાનું બને છે. શિક્ષણથી વિદ્યાર્થીઓ કંટાળો અને થાક અનુભવતા નથી.

## 2.3.6 ટેપરેકોર્ડર :

### સંકલ્પના :

ટેપરેકોર્ડર એ ધ્વનિ મુ ણ કરનારું શ્રાવ્ય સાધન છે. એ યાંત્રિક સાધન છે, પરંતુ સેલ દ્વારા પણ એ ચાલી શકે છે. એક વખત ટેપ પર મુ િત થયેલ ધ્વનિનું શ્રવણ સરળતાથી થઈ શકે છે. વર્ગખંડમાં અધ્યાપનકાર્ય દરમિયાન તેનો ઉપયોગ કરવામાં આવે તો શિક્ષણની અસરકારકતા અને ગુણવત્તામાં સુધારણા થઈ શકે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

ઇતિહાસ વાર્તાલાપો, નાટ્યકૃતિ, સંવાદ, ગીતોને પર આધારિત ધ્વનિ મુદ્રિત કરીને તેને જરૂર ઊભી થતાં પુનઃ સંભળાવી શકાય છે. ટેપરેકોર્ડરના ઉપયોગનું ઘણું શૈક્ષણિક મૂલ્ય છે, નીચે ટેપરેકોર્ડરની ઉપયોગિતા દર્શાવી છે, તેના દ્વારા સ્પષ્ટ થાય છે.

<u>ટેપરેકોર્ડરની ઉપયોગિતા :</u>

દૃષ્ટિવંત અને પ્રતિબદ્ધ શિક્ષક ઇતિહાસના અધ્યાપન અને અધ્યયન દરમિયાન ટેપરેકોર્ડરનો શિક્ષણની પ્રયુક્તિ તરીકે ઘણી વાર અસરકારક અને ફળદાયી ઉપયોગ કરી શકે એવી ઘણી તકો - શક્યતાઓ રહેલી છે. નીચે એવી તકો શક્યતાઓનો નિર્દેશ કર્યો છે, જે ટેપરેકોર્ડરની ઉપયોગિતા જ દર્શાવે છે

- ઇતિહાસ વિષયને લગતા રેડિયો અને ટી.વી. પરથી જે શાલેય કાર્યક્રમો પ્રસારિત કરવામાં આવે છે તેને કેસેટ પર મુદ્રિત કરી જરૂરિયાત અનુસાર શિક્ષણકાર્ય દરમિયાન તેનો ઉપયોગ કરી શકાય.
- વિવિધ પ્રસંગોએ તજ્જ્ઞોને નિમંત્રિત કરી તેમના વાર્તાલાપો, તેમની સાથેની પ્રશ્નોત્તરી, ચર્ચા, સંવાદ વગેરે ધ્વનિ મુદ્રિત કરી તેનો જરૂર ઊભી થતાં પુનઃ ઉપયોગ કરી શકાય છે. દા.ત. દાંડીકૂચ વિશે વાર્તાલાપ, સ્વાતંત્ર્યસેનાની વિશે, શહીદો વિશે વાર્તાલાપ, નાગરિકના અધિકારો અને ફરજો વિશેનો વાર્તાલાપ / પ્રશ્નોત્તરી.
- વિશિષ્ટ પ્રસંગોએ વિશ્વ અને રાષ્ટ્રના નેતાઓ, વિજ્ઞાનીઓ, સમાજસેવકો, સંતોનાં ભાષણો મુદ્રિત કરી તેમના જ શબ્દો અને અવાજમાં રજૂ કરી શકાય. આથી વિદ્યાર્થીઓ રોમાંચ અનુભવે છે, અને અતીત વર્તમાન બને છે.
- સંદર્ભગ્રંથો અને પુસ્તકો, સામયિકો, વર્તમાનપત્રો, પેમ્પફલેટ્સ વગેરેમાં ઇતિહાસના એકમ સંબંધી પ્રકાશિત માહિતી, તેનો સાર / ભાગ શિક્ષક, વિદ્યાર્થી કે અન્યના અવાજમાં ધ્વનિમુદ્રિત કરી જરૂરિયાત ઊભી થતાં વર્ગમાં પૂરક માહિતી પૂરી પાડી શકાય. વચ્ચે ચર્ચા કરી શકાય, પ્રશ્નો પૂછી શકાય.
- શિક્ષક ઇતિહાસ વિષયના એકમો સાથે અને અન્ય વિષયના એકમો સાથે અનુબંધ સાધવા ધ્વનિમુદ્રિત સામગ્રીનો ઉપયોગ ફળદાયી રીતે કરી શકે. ભાષા અને વિજ્ઞાનના એકમો સાથે

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

અનુબંધની વધુ શક્યતાઓ છે. દા.ત. સ્વાતંત્ર્ય આંદોલન સમયનાં ગીતો, કાવ્યો, મહાન વ્યક્તિઓનાં જીવનચરિત્રો અને આત્મકથાઓ, વિજ્ઞાનની શોધો, પર્યાવરણની સમસ્યા વગેરે.

- વિદ્યાર્થીઓ દ્વારા વિશિષ્ટ પ્રસંગો અને દિવસોની ઉજવણી નિમિત્તે રજૂ થયેલા ઈતિહાસના એકમો સંબંધી સંવાદ, નાટક, ભવાઈ, એકોક્તિ, વક્તત્વ, ચર્ચા વગેરેને ધ્વનિમુદ્રિત કરી ભવિષ્યમાં તેનો ઉપયોગ કરી શકાય.

ટૂંકમાં, ટેપરેકોર્ડરનો અધ્યાપન અધ્યયન પ્રક્રિયામાં શિક્ષક ફળદાયી ઉપયોગ કરી શકે એવી ઉપર દર્શાવ્યા પ્રમાણે ઘણી તકો રહેલી છે. શિક્ષક ધ્વનિમુદ્રિત થયેલી સામગ્રી - વિગતનો ઉપયોગ અધ્યાપનના પ્રારંભમાં, અધ્યાપનના વિકાસ (વિષયવસ્તુના નિરૂપણમાં, અધ્યાપન અધ્યયનની વ્યૂહરચના તરીકે, અધ્યાપન કાર્યના સમાપન માટે, વિષયવસ્તુનું પુનરાવર્તન કે દઢીકરણ માટે, મૂલ્યાંકન માટે કે સ્વાધ્યાય આપવા કરી શકે છે.

આજે મોટાભાગની શાળાઓમાં ટેપરેકોર્ડર તો હોય જ છે. દરેક શાળા તે વસાવી શકે તેમ છે. તેનો ઉપયોગ કરવાનું ઘણું સરળ છે. એ વજનમાં હલકું છે. એ હાથવગું અને વર્ગમાં લઈ જવા લાવવામાં પણ સરળ છે. આથી શિક્ષકે ઇતિહાસના એકમો સંબંધી ઘણી મોટી સંખ્યામાં ધ્વનિમુદ્રિત કેસેટો તૈયાર કરી ઇતિહાસની કેસેટ લાયબ્રેરી ઊભી કરવી જોઈએ અને એકમના સંદર્ભમાં જરૂરિયાત અનુસાર અથવા અનુકૂળ સમયે તેનો મહત્તમ ઉપયોગ કરી શિક્ષણ આપવા તેનો લાભ ઉઠાવવો જોઈએ. આથી ઇતિહાસનું શિક્ષણ અસરકારક અને સફળ બનશે, એ નિ:શંક છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

## એકમ – 3 : ઇતિહાસનો અન્ય વિષયો સાથે અનુબંધ

વર્તમાન યુગ પ્રત્યેક જ્ઞાનની શાખાના વિશિષ્ટ અધ્યયનનો યુગ છે. પરંતુ આથી તો દરેક વિષય પોતપોતાની ચાર દીવાલો વચ્ચે જ બંધિયાર રહે છે. વાસ્તવમાં સમસ્ત જ્ઞાન એક એકમ છે. જ્ઞાન એ અવિભક્ત, અવિભાજય અને અખંડ છે. માત્ર અધ્યાપન અને અધ્યયનની સરળતા – સુવિધા માટે જ ઈતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન, ગણિત, ભાષા - જેવા વિષયોમાં અને તે વિષયોની વિવિધ શાખાઓમાં જ્ઞાનનું વિભાજન કરવામાં આવ્યું છે. જેમ કે ભૌતિકશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, જીવશાસ્ત્ર, આર્થિક ભૂગોળ, રાજકીય ભૂગોળ, પ્રાકૃતિક ભૂગોળ, માનવ ભૂગોળ વગેરે. પરંતુ વિષયોને કે વિષયની ઉપશાખાઓને આ રીતે અલગ અલગ શીખવાડવાથી બાળકોના ખ્યાલો અધૂરા રહે છે.

### અનુબંધની સંકલ્પના

પાઠયક્રમના વિવિધ વિષયની વિવિધ શાખાઓ પરસ્પર કોઈ ને કોઈ રીતે ઘનિષ્ઠ સંબંધ ધરાવે જ છે. વિષયોની અલગ અલગ પેટીઓ-કોઠીઓ (ખાનાં) હોઈ શકે નહિ. કારણ કે જ્ઞાન સમગ્ર છે – એક અને અખંડ છે. તે અભિન્ન - અવિભાજય છે. કોઈ એક વિષયનું જ્ઞાન અન્ય વિષયના કેટલાક પાયાના ખ્યાલો અને સમજના સંબંધો દ્વારા જ પૂર્ણ રીતે આપી શકાય.

અભ્યાસક્રમના વિષયનું શિક્ષણ અન્ય વિવિધ ઉપશાખાઓ સાથે સંબંધ જોડી અખંડિત, સુસંકલિત અને સમન્વિત રીતે આપવામાં આવે ત્યારે અનુબંધ દ્વારા શિક્ષણ આપ્યું કહેવાય. અનુબંધ એટલે જોડ ું, સમન્વય, સમવાય કે સહસંબંધ. વિવિધ વિષયો અને વિષયની વિવિધ ઉપશાખાઓ વચ્ચેના પારસ્પરિક સંબંધને સહસંબંધ કહેવાય. અને એ સંબંધને સહજ રીતે જોડવાની પ્રક્રિયાને અનુબંધ. કે સમવાય કહેવામાં આવે છે. માટી અને મટકું એક બીજાથી ભિન્ન નથી તેમ જ્ઞાનની વિવિધ શાખાઓ પણ એકબીજાથી ભિન્ન નથી. વિવિધ વિષયો અને વિષયની વિવિધ શાખાઓ પરસ્પર ગાઢ સંબંધ ધરાવે છે. આ સંબંધ તે સહસંબંધ અને સહસંબંધ જોડી શીખવ ું તે અનુબંધ દ્વારા શિક્ષણ કહેવાય.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

**અનુબંધની અગત્ય (મહત્ત્વ) :**

શૈક્ષણિક દષ્ટિએ, મનોવૈજ્ઞાનિક દષ્ટિએ અને સામાજિક દષ્ટિએ અનુબંધ દ્વારા અપાયેલું શિક્ષણ સંગીન છે. તે બાળકની સમગ્ર શક્તિઓનો વિકાસ સાધવામાં મદદરૂપ થાય છે. બાળકનો સર્વાંગી વિકાસ એ શિક્ષણનો મહત્ત્વનો હેતુ છે. અખંડિત સ્વરૂપે શિક્ષણ આપી વિદ્યાર્થીઓ સમક્ષ જ્ઞાનનું સમગ્ર ચિત્ર ખડું કર ું, પ્રત્યક્ષ અનુભવો દ્વારા શિક્ષણ આપ ું અને વાતાવરણના (ઔદ્યોગિક, પ્રાકૃતિક અને સામાજિક વાતાવરણ) માધ્યમ દ્વારા શિક્ષણ આપ ું એ અનુબંધના ત્રણ મહત્ત્વના હેતુઓ છે. વિષયના અનુબંધ દ્વારા આ હેતુઓ સિદ્ધ થતાં અધ્યાપન-અધ્યયનની પ્રક્રિયા વાસ્તવિક, સ્વાભાવિક અને અસરકારક બને અને વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ શક્ય બને છે.

વિષય-વિષય વચ્ચેના અને વિષયની વિવિધ શાખા અને ઉપશાખાઓના જ્ઞાન વચ્ચેનો સંબંધ સ્પષ્ટ થાય છે અને બાળકને સુસંકલિત, સમન્વિત અને અખંડિત જ્ઞાન મળે છે. જ્ઞાન ટુકડે ટુકડે મેળવવાને બદલે સમગ્ર રીતે, અખંડ - અનુભવ મેળવે છે. અધ્યયન સ્વાનુભવવાળું બને છે. પારસ્પરિક સંબંધ સ્પષ્ટ થવાથી અધ્યાપન રોચક બને છે. અધ્યાપનમાં વિવિધતા, સહજતા અને અસરકારક્તા નીપજે છે.

- વિષયોના કૃત્રિમ વાડામાં બંધાયેલા વિષયશિક્ષણમાંથી વિદ્યાર્થી મુક્ત બને છે. અધ્યાપનની પ્રક્રિયા પણ જડ ચોકઠામાંથી બહાર નીકળી મુક્ત બને છે, સ્વાભાવિક બને છે.
- અનુબંધથી જ્ઞાનને વ્યવહારાત્મક સ્વરૂપ મળે છે અને જ્ઞાન સ્થાયી તથા દીર્ઘકાલીન બને છે. જ્ઞાનને સંકલિત સ્વરૂપ આપવામાં અનુબંધનું ઘણું મહત્ત્વ છે.
- એક વિષયને સમજવામાં અન્ય વિષય પૂરતી સહાય કરે છે જેનાથી પાઠ્યસામગ્રી સુબોધ અને સરળ બને છે.
- વિદ્યાર્થીઓમાં અન્ય વિષયના અભ્યાસની પ્રેરણા જાગે છે અને વિચારણા માટેની તક મળે છે.
- વિદ્યાર્થીઓ અન્ય વિષયોનું મૂલ્ય સ્વીકારે છે.

અલબત્ત, બધા એકમો-મુદ્દાઓ અનુબંધ દ્વારા ભણાવી શકાતા નથી. ક્યારેક અનુબંધ કૃત્રિમ બને છે, સામાન્ય શિક્ષક અન્ય વિષયના જ્ઞાનની ઊણપને લીધે અને સૂઝ કે દષ્ટિના અભાવને લીધે અનુબંધ સાધી શક્તા નથી, આપણો અભ્યાસક્રમ પણ અનુબંધ શિક્ષણની દષ્ટિએ ઘડાયો નથી વગેરે અનુબંધ દ્વારા શિક્ષણની મર્યાદાઓ છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

**<u>ઈતિહાસનો ભૂગોળ સાથે અનુબંધ :</u>**

ઇતિહાસ અને ભૂગોળ વચ્ચે ઘનિષ્ઠ નાતો - સંબંધ છે. બંને વિષયો એક સિક્કાની બે બાજુઓ જ માની શકાય. જાણે કે જોડિયાં ભાઈ – બહેન ! આથી જ તો મોટા ભાગની શાળાઓમાં ઇતિહાસ અને ભૂગોળ એક જ શિક્ષક શીખવતા જોવા મળે છે. બંને વિષયો સામાજિક વિજ્ઞાન (સમાજવિદ્યા)ના વિષયો છે. બંનેનું ધ્યેય પણ સમાન છે. બંને વિષયો માનવ સમાજની ગતિ પ્રગતિ, તે વિકાસયાત્રા અને સિદ્ધિઓ સફળતાનું સ્પષ્ટીકરણ કરે છે. બંનેના કેન્ માં તો માનવ સમાજનો અભ્યાસ જ છે. અલબત્ત, બંનેના અભ્યાસના ઉદેશો કેટલાક અંશે ભિન્ન હોઈ શકે. ઇતિહાસના શિક્ષક માટે ભૂગોળના જ્ઞાનનો આધાર લેવાનું જરૂરી બને છે. રાષ્ટ્રના - દેશના ઈતિહાસને ઘડવામાં, આકાર આપવામાં કે તેના વહેણને બદલવામાં ભૌગોલિક પરિસ્થિતિ મહત્ત્વનો ભાગ ભજવે છે महत्त्वनु યોગદાન આપે છે. આથી ઈતિહાસના શિક્ષક ભૂગોળ વિષયની ઉપેક્ષા – અવગણના કરી શકે નહિ. ડૉ. જોન્સન જણાવે છે કે : "ઈતિહાસ વિના ભૂગોળ અને ભૂગોળ વિના ઇતિહાસની કલ્પના કરવી અસંભંવ છે." જયારે પ્રો. વી. ડી. ઘાટે જણાવે છે કે, "માનવીને અભિનય કરવા ભૂગોળ એક રંગમંચ સમાન છે."

ઇતિહાસ એ માનવવ્યવહારોનો સંગ્રહ છે, તો ભૂગોળ એ વ્યવહારો જ્યાં બન્યા હોય તે સ્થળ અને ત્યાંની ભૌગોલિક પરિસ્થિતિનો નિર્દેશ કરતો વિષય છે. જે-તે સ્થળના ઇતિહાસમાં બનેલી ઘટનાઓ, એ ઘટના માટેનાં કારણો, તેનાં પરિણામો અને અસરો તે સ્થળની ભૂગોળથી - ભૌગોલિક પરિસ્થિતિથી પરિચિત થયા વગર સમજી શકાય નહિ. આમ ઈતિહાસ અને ભૂગોળ વચ્ચે પરસ્પર ગાઢ સંબંધ રહેલો છે, એ સ્પષ્ટ થાય છે.

ઇતિહાસને મહદ્અંશે અતીત સાથે સંબંધ છે, જયારે ભૂગોળને મહદ્અંશે વર્તમાન સાથે સંબંધ છે. ઇતિહાસ માનવ જે-જે સ્થળે ગયો અને વસવાટ કર્યો, તેણે જે સંસ્કૃતિ વિકસાવી સાંસ્કૃતિક વારસો આપ્યો તેનું વર્ણન કરે છે, જયારે ભૂગોળ માનવીની વર્તમાન રહેણીકરણી અને તેની આર્થિક પ્ ્ત્તિઓનું વર્ણન કરે છે. તેની સમજ આપે છે. ઇતિહાસ જે બન્યું – થઈ ગયું તે દર્શાવે છે. આમ છતાં, અતીત અને વર્તમાન બંને પરસ્પર આશ્રિત છે. એકના જ્ઞાન વગર બીજાનું જ્ઞાન અધૂરું છે શક્ય નથી. ઈતિહાસને સ્થળ અને સમય સાથે સંબંધ છે, તેમાં ભૂગોળ સ્થળનું વિસ્તૃત વર્ણન કરે છે. ઇતિહાસમાં જે ઘટનાઓ બની / બનાવો બન્યા તે માટેની ભૂમિકા ભૂગોળ પૂરી પાડે છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

ઇમેન્યુઅલ કાન્ટ 'ધ નેચર ઓફ જયોગ્રોફી' નામના તેમના પુસ્તકમાં ઇતિહાસ અને ભૂગોળ વચ્ચે રહેલા સંબંધને નીચેના શબ્દોમાં સ્પષ્ટ કરે છે :

"સમયનો આધાર લઈ વર્ણન કર ું એ ઇતિહાસ છે. સ્થાન કે સ્થળનું વર્ણન કર ું એ ભૂગોળ છે. ઈતિહાસથી ભૂગોળ એ માત્ર સમય અને વિસ્તારની દૃષ્ટિએ ભિન્ન છે. ઘટના ક્યા સમયે ઘટી, બનાવ ક્યા સમયેબન્યો એ ઇતિહાસ દ્વારા જાણી શકાય છે. ભૂગોળ એ ઘટના / બનાવના સ્થળ / સ્થાનની ભૌગોલિક પરિસ્થિતિની જાણકારી આપે છે."

ઈતિહાસને સમજવાની દૃષ્ટિ ભૂગોળ આપે છે. ઈતિહાસની ભવ્ય ઈમારતનો પાયો જ સ્થળનો ભૌગોલિક પરિવેશ છે. મનુષ્યની જીવનવિકાસની યાત્રામાં, સાંસ્કૃતિક યાત્રામાં, તેની સિદ્ધિઓ અને સફળતામાં કે નિષ્ફળતામાં ભૌગોલિક પરિવેશ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

જેના પર માનવજીવનનું નાટક ભજવાય છે, એવા વિશ્વ રંગમંચનું વર્ણન ઇતિહાસ કરે છે અને તેનું - વિશ્વ રંગમંચનું અધ્યયન ભૂગોળ કરે છે. ઈતિહાસ આખરે તો પૃથ્વી પર માનવ દ્વારા ચાલતી - થતી રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક પ્ર ૃત્તિઓનું વર્ણન જ છે. રંગમંચ અને નાટક વચ્ચે જેવો ઘનિષ્ઠ સંબંધ છે તેવો જ પારસ્પરિક નાતો – સંબંધ ઈતિહાસ અને ભૂગોળ, ભૂગોળ અને ઇતિહાસ વચ્ચે છે. જે-તે સ્થળના ઇતિહાસનો આધાર તે સ્થળની ભૂગોળ – ભૌગોલિક પરિસ્થિતિ છે. દેશના વિવિધ સ્થળના માનવીના આહાર-વિહાર, રહેણીકરણી, વેશભૂષા, રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક સંસ્થાઓ સ્થળની ભૌગોલિક પરિસ્થિતિથી અસર પામે જ. ઊંચી ગિરિમાળા, સાગર - દરિયાકિનારો, નદીઓ, પહાડી પ્રદેશ, જંગલવિસ્તાર, રણપ્રદેશ, મેદાન, પ્રાકૃતિક સીમાઓ વગેરેની ઐતિહાસિક ઘટનાઓ બનાવો પર ભારે અસર હોય છે. ઈતિહાસના વહેણને પ્રાકૃતિક – ભૌગોલિક પરિબળોએ કે પરિસ્થિતિએ બદલી નાખ્યા છે. આથી જ ઐતિહાસિક ઘટનાઓની સાચી - સમુચિત સમજ ભૌગોલિક જ્ઞાનની પૃષ્ઠભૂમિ વગર શક્ય નથી, એમ કહે ું વધુ યોગ્ય છે. ઈતિહાસના વિવિધ બનાવો - મુદ્દાઓની સ્પષ્ટતા ભૌગોલિક પરિબળોની સમજ પછી જ થાય છે.

**ઈતિહાસનો ભૂગોળ સાથે અનુબંધ સાધી શકાય એવી શક્યતા ધરાવતી ભૌગોલિક ઘટનાઓનો માર્ગદર્શન પે નીચે ઉલ્લેખ કય છે**

- પ્રાચીન સમયમાં ભારતના વાયવ્ય ખૂણેથી હુમલાઓ થયા. આ ઐતિહાસિક ઘટનાનું ભૌગોલિક કારણ ત્યાં આવેલા ખૈબરઘાટ અને બોલનઘાટ છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

- પાણીપતની લડાઈઓ પાણીપતના મેદાનમાં થઈ. આ ઐતિહાસિક ઘટના માટેનું કારણ પાણીપતનું મેદાન જ લડાઈ માટે અનુકૂળ હતું, એ છે.
- પ્રાચીન સમયમાં બાહ્ય આક્રમણોથી ભારત સુરક્ષિત રહ્યું, એનું કારણ હિમાલય છે.
- નદીઓના ફળદ્રુપ મેદાનોમાં માનવ સંસ્કૃતિના વિકાસનું કારણ ત્યાં વસવાટ માટેના અનુકૂળ સંજોગો છે.
- શિવાજીનો ઔરંગઝેબ પર વિજય થયો એ માટે યુદ્ધના સ્થળની ભૌગોલિક લાક્ષણિકતા છે. દક્ષિણ ભારતની ઊંચી- નીચી ભૂમિમાં ગેરીલા યુદ્ધ શક્ય હતું. શિવાજીનું સૈન્ય યુદ્ધ યુદ્ધભૂમિની ભૌગોલિક પરિસ્થિતિથી વાકેફ હતું. તેથી ઔરંગઝેબને હરાવી શક્યું. સિંહગઢની જીત, અફઝલખાનનો વધ વગેરે ઘટના માટે ભૌગોલિક પરિબળ – દક્ષિણ ભારતના ડુંગરો અને કિલ્લાઓ સહાયરૂપ બન્યા હતા.
- રાણા પ્રતાપ, અકબરને અરવલ્લીની ટેકરીઓમાં હંફાવી શક્યો એ માટે ભૌગોલિક પરિસ્થિતિ કારણભૂત હતી.
- નેપોલિયનની વિજયકૂચના કરુણ અંજામનું કારણ ભૌગોલિક પરિસ્થિતિ હતી.
- હિટલરની નિષ્ફળતા માટે રશિયાની કાતિલ ઠંડી કારણભૂત હતી.
- ઔદ્યોગિક ક્રાંતિના ઉદ્ભવ માટે ઇંગ્લેન્ડની ભૌગોલિક પરિસ્થિતિ કારણભૂત બની હતી.

ઉપરોક્ત ઉદાહરણો ઈતિહાસનો ભૂગોળ સાથેનો અનુબંધ દર્શાવે છે

### 3.2 ઈતિહાસનો વિજ્ઞાન સાથે અનુબંધ :

ઇતિહાસ એ સામાજિક વિજ્ઞાન છે. આમ છતાં, એ પ્રાકૃતિક વિજ્ઞાન સાથે પણ ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે. બંનેનું ધ્યેય માનવવિકાસ અને યાનવહિત - પાનવકલ્યાણનું જ છે. આપણા આરોગ્ય અને સુખાકારી માટે તેમજ વિવિધ - સગવડ માટે આપણે પ્રાકૃતિક વિજ્ઞાનોના ઋણી છીએ. રસાયણયાસની પણી શોષોએ માનવીને થતા વિવિધ રોગોને અટકાવ્યા છે. અને માનવજાતનું વિશેષ હિત કર્યું છે. ભૌતિકશાસ્ત્ર તથા તે સાથે સંબંધ ધરાવતા વિજ્ઞાનોમાં થયેલાં સંશોધનોને પરિણામે વીજળી, ઉપ્પા. વરાવશક્તિ, અણુશક્તિનો માનવજાત ઉપયોગ કરી શકી અને જીવનશૈલીમાં પરિવર્તનો લાવી શકી અને તેની સુખસગવડો અને સુવિધાઓમાં વધારો થઈ શક્યો.



SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

જે શાન પ્રાયોગિક અવલોકનના આધારે પ્રાપ્ત થયું હોય, જે જ્ઞાન તર્ક અને તથ્યો પર આધારિત હોય તેવા જ્ઞાનને વિજ્ઞાન કહે છે. ઈતિહાસ એ માનવજીવનની વિકાસયાત્રાનું વર્ણન છે. આ વર્ણન તૈયાર કરવા અનેક પ્રમાણભૂત આધારોનો આશરો લેવો પડે છે. આધારોની સાથે કાર્યકારણોનો સંબંધ તપાસવામાં આવે છે. આમ, ઈતિહાસનું વર્ણન વૈજ્ઞાનિક બને છે. જો કે ઇતિહાસમાં તથ્યોની ચકાસણી પ્રયોગશાળામાં થઈ શકતી નથી. આથી ઇતિહાસ એ વિજ્ઞાન જેટલો સંપૂર્ણ શુદ્ધ વિષય નથી. આમ છતાં, ઈતિહાસ એ વૈજ્ઞાનિક અધ્યયન છે. શ્રી વી. ડી. ઘાટે જણાવે છે : "ઈતિહાસ એ વિવેચનાત્મક વિજ્ઞાન છે, જેના અભ્યાસ દ્વારા આપણે કોઈ તથ્ય, પ્રસંગ = ઘટનાની શોધ કરતાં વાસ્તવિક નિષ્કર્ષ સુધી પહોંચી શકીએ છીએ.

સાંસ્કૃતિક વારસાની ચર્ચા કરતી વખતે શોધખોળો વિશે વાત કરીએ માહિતી આપીએ ત્યારે વિજ્ઞાન સાથે અનુબંધ સાધી શકાય. વિજ્ઞાન વિષયમાં ખગોળશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, આરોગ્યશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, જીવશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર વગેરે વિજ્ઞાનની શાખાઓનો સમાવેશ થાય છે. ઇતિહાસમાં વિજ્ઞાનની આ શાખાઓમાં થયેલી વિવિધ શોધખોળોના વારસાની માહિતી આપતી વખતે ઇતિહાસનો વિજ્ઞાન સાથે અનુબંધ સાધી શકાય. પ્રથમ અને દ્વિતીય વિશ્વયુદ્ધનાં શસ્ત્રોની માહિતી આપતી વખતે વિજ્ઞાનનો અનુબંધ સાધી શકાય. ઔદ્યોગિક ક્રાંતિ દરમિયાન થયેલી વિવિધ શોધખોળોની વિગત આપીએ ત્યારે વિજ્ઞાન સાથે સરળતાથી ઇતિહાસનો અનુબંધ સાધી શકાય. વિજ્ઞાનની દરેક શાખાએ માનવજાતિના ઈતિહાસના વહેણને બદલવામાં કોઈને કોઈ રીતે ફાળો આપ્યો જ છે. ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવવિજ્ઞાન સાથે ઈતિહાસને વિશેષ સંબંધ છે. વનસ્પતિવિજ્ઞાન સાથે પણ ઇતિહાસને સંબંધ રહ્યો છે. ખોરાક, ઔષધ, રહેઠાણ, ઉદ્યોગ, પર્યાવરણનું સમતુલન, રાચરચીલું (ફર્નિચર)ના ક્ષેત્રે વનસ્પતિવિજ્ઞાને મહત્ત્વપૂર્ણ પ્રદાન કર્યું છે. આપણી પ્રાચીન સંસ્કૃતિ તો વનસ્પતિવિજ્ઞાન પર જ સવિશેષ આધારિત હતી. ભૂતકાળમાં અને વર્તમાન યુગમાં જૈવિક શસ્ત્રોનો ઉપયોગ સમજાવીએ ત્યારે ઈતિહાસનો વિજ્ઞાન સાથેનો અનુબંધ સાધી શકાય.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

## 3.3 ઈતિહાસનો નાગરિકશા સાથે અનુબંધ :

નાગરિકશાસ્ત્ર માનવીઓનાં કાર્યોને નાગરિક સાથે સાંકળીને અભ્યાસ કરે છે. જયારે ઇતિહાસ માનવીનાં કાર્યોને સમાજ સાથે સાંકળીને તેનું વર્ણન કરે છે. નાગરિકશાસ્ત્રમાં વર્તમાન શાસનતંત્રનું સ્વરૂપ હોય છે, જ્યારે ઈતિહાસ ભૂતકાલીન શાસનવ્યવસ્થા વર્ણવે છે અથવા શાસનતંત્રનો પરિચય કરાવે છે. એસ. કે. કોચર જણાવે છે : "જેમ વનસ્પતિશાસ્ત્રનો સંબંધ વનસ્પતિ સાથે છે અને જીવશાસ્ત્રનો સંબંધ પ્રાણીઓ સાથે છે તેમ શાસનતંત્ર સાથે ઈતિહાસને સંબંધ છે." ઈતિહાસને રાજનીતિ સાથે સંબંધ છે. ઈતિહાસ એ ભૂતકાલીન રાજનીતિ છે. ટૂંકમાં, શાસનવ્યવસ્થાનું વર્ણન ઇતિહાસ કરે છે, પરંતુ શાસનતંત્રનાં સ્વરૂપો, નાગરિકના અધિકારો અને ફરજોની સમજ નાગરિકશાસ્ત્ર દ્વારા મળે છે. આમ, ઈતિહાસ અને નાગરિકશાસ્ત્ર પરસ્પર સંબંધ ધરાવે છે.

બ્રિટિશકાલીન ઇતિહાસમાં પ્રાચીન પંચાયતી રાજય તથા સ્વશાસનની સંસ્થાઓ સાથે અનુબંધ સાધી શકાય. સ્વાતંત્ર્યોત્તર કાળમાં બંધારણ, બંધારણરચના તથા વર્તમાન લોકશાહીની સમજ આપતી વખતે ઇતિહાસનો નાગરિકશાસ્ત્ર સાથે અનુબંધ જોડી સાધી શકાય. વિશ્વ- - સંસ્કૃતિની વાત કરતી વખતે પ્રત્યેક સંસ્કૃતિ સાથે સંબંધિત શાસનતંત્રની માહિતીનો અનુબંધ સાધી શકાય. ઇતિહાસમાં રાષ્ટ્રસંઘ અને યુ.એન.ના ઇતિહાસ સાથે નાગરિકશાસ્ત્રનો અનુબંધ સાધી શકાય. ઇતિહાસમાં ભારતના પડોશી દેશો સાથેના સંબંધોની ચર્ચા કરતી વખતે નાગરિકશાસ્ત્રનો અનુબંધ સાધી શકાય. ટૂંકમાં, ઈતિહાસમાં શાસનવ્યવસ્થા - શાસનતંત્રનું વર્ણન કરતી વખતે ઇતિહાસના નાગરિકશાસ્ત્ર સાથેના અનુબંધની ઘણી શક્યતા છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

### 3.4 ઇતિહાસનો સ્થાનિક ઇતિહાસ સાથે અનુબંધ :

સ્થાનિક ઈતિહાસની સંકલ્પનાને પ્રો. ઘાટેએ નીચેના શબ્દોમાં સ્પષ્ટ કરી છે :

“ સ્થાનિક ઇતિહાસ એટલે વિદ્યાર્થી (બાળક) જે ગામ કે નગરમાં રહે છે તેનો જ ઇતિહાસ માત્ર નહિ, પરંતુ તે ગામ કે નગરની આસપાસના વિસ્તારનો - પ્રદેશનો પણ ઇતિહાસ કે જેનાથી બાળક પરિચિત હોય."

સ્થાનિક ઇતિહાસની ઘણી ઘટનાઓ અને સ્થાનિક સ્થળોનો સંસ્કૃતિક વારસો રાષ્ટ્રના ઇતિહાસ પર ઘણી મોટી અસર કરે છે. ક્યારેક તો એ વિશ્વ ઇતિહાસની ઘટના બને છે.

સ્થાનિક ઇતિહાસમાં સ્થાનિક માનવજીવનને લગતી હકીકતોનો સમાવેશ થાય છે. તેમાં સ્થાનિક પરંપરાઓ, સ્થાનિક રીતરિવાજો, ઉત્સવો, મેળાઓ, લોકનૃત્ય, લોકગીતો, વિશિષ્ટ વ્યક્તિઓ વગેરેની માહિતીનો સમાવેશ કરવામાં આવે છે. વિવિધ કિલ્લાઓ, ઈમારતો, વાવ,
તળાવ, મંદિરો, મસ્જિદો વગેરે સ્થાનિક સ્થળોએ - વિસ્તારમાં હોય છે અને તેનો ઈતિહાસ હોય છે. આ બધા ઇતિહાસ શિક્ષણ માટેની અમૂલ્ય સામગ્રી છે.

ભારતના અને વિશ્વના સાંસ્કૃતિક વારસાની ચર્ચા કરતી વખતે જે- તે સ્થળના સાંસ્કૃતિક વારસાની માહિતી આપી ઇતિહાસનો સ્થાનિક ઇતિહાસ સાથે અનુબંધ સાધી શકાય.

વિશ્વની અને ભારતની ઐતિહાસિક ઘટનાઓની ઇતિહાસશિક્ષણ દરમિયાન ચર્ચા કરતી વખતે સ્થાનિક ઐતિહાસિક ઘટના અને સ્થાનિક વ્યક્તિ વિશેષના પ્રદાન વિશે માહિતી આપી શકાય અને એ રીતે ઈતિહાસનો સ્થાનિક ઇતિહાસ સાથે અનુબંધ સાધી શકાય.

સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટેનાં આંદોલનો અને સત્યાગ્રહોમાં જો સ્થાનિક વ્યક્તિએ પ્રદાન આપ્યું હોય કે મહત્ત્વનો ભાગ ભજવ્યો હોય તો તે માહિતી આપી ઈતિહાસનો સ્થાનિક ઇતિહાસ સાથે સંબંધ સાધી શકાય.

સ્થાનિક ઇતિહાસની વાતો વિદ્યાર્થીઓમાં ઇતિહાસ વિષયમાં રસ અને અભિરુચિ વિકસાવે છે. તેઓ સાંસ્કૃતિક વારસાથી પરિચિત થાય છે અને સ્થાનિક સાંસ્કૃતિક વારસા માટે ગૌરવ અનુભવે છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

### 3.5 ઇતિહાસનો કલા સાથે અનુબંધ :

ઇતિહાસનો કલા સાથેનો અનુબંધ અભિન્ન છે. કલાના મુખ્યત્વે બે વિભાગ છે : (1) લલિતકલા અને (2) લલિતેતર કલા. કલા એ માનવજાતની ભાવનાઓની અભિવ્યક્તિ છે. ચિત્ર, શિલ્પ, સ્થાપત્ય, સંગીત, નૃત્ય વગેરે ભાવનાસભર કલાઓ છે. કલા એ તો કોઈ પણ દેશનો સાંસ્કૃતિક વારસો છે. એને દેશની સરહદો નડતી નથી.

કલાના કોઈપણ ક્ષેત્રને કે નમૂનાને ઈતિહાસકાર શબ્દદેહ આપી એનું વર્ણન કરે છે. ઈતિહાસકાર પ્રાચીન કલા વારસામાં સમાયેલા – રહેલા રસ સૌંદર્યને ઐતિહાસિક સત્યો સાથે વર્ણવે છે ઉજાગર કરે છે. - ઇતિહાસના અભ્યાસક્રમમાં ઈતિહાસનો કલા સાથે અનુબંધ સાધી શકાય એવી સારી તકો ઉપલબ્ધ છે.

(1) પ્રાચીન સમયમાં ભારતમાં માટી અને ધાતુમાંથી બનાવાયેલ મૂર્તિઓ અને વાસણો : મુઘલ યુગ દરમિયાનનું સ્થાપત્ય (મહેલ અને કિલ્લાઓ, મસ્જિદો અને મકબરા) : વાવ, પાળિયા, મંદિરો, સ્મારકો કલાના અખૂટ ભંડારો છે. સંગીતક્ષેત્રે સંગીતનાં વિવિધ વાદ્યો અને રાગો, નૃત્યકલાના ક્ષેત્રે ભરતનાટયમ્, કૂચિપૂડી, કથક, મણિપુરી નૃત્ય, લોકગીતો, લોકનૃત્યો, લોકવાર્તા : કાષ્ટ કલા વગેરે કલાઓ આપણો ભવ્ય કલાવારસો છે. શિક્ષક વિવિધ ક્ષેત્રના આપણા વારસાને ઈતિહાસના ઘણા એકમો સાથે સાંકળી શકે અને ઈતિહાસનો કલા સાથેનો અનુબંધ સાધી શકે - સ્પષ્ટ કરી શકે.

(2) ઇતિહાસશિક્ષણમાં ચિત્રકામ ચિત્રકળા સાથે સહજતાથી અનુબંધ સાધી શકાય એવી ઘણી શક્યતાઓ છે . પ્રતિકૃતિ તૈયાર કરવી, આકૃતિ કે રેખાંકન દોરવા, નકશા દોરવા, પોસ્ટર, ચિત્રો, ચાર્ટ દોરવા વગેરે કૌશલ્યોની શિક્ષક પાસે અપેક્ષા રાખવામાં આવે છે. ઈતિહાસશિક્ષક પાસે સ્વનિર્મિત શૈક્ષણિક સાધનોનું નિર્માણ કરવાની સૂઝ, દૃષ્ટિ અને આવડત હોવી જરૂરી છે. આ કાર્યો માટે ચિત્રકામ ચિત્રકળાનું કૌશલ્ય ઘણું જ જરૂરી અને ઉપકારક છે. ઇતિહાસના અભ્યાસક્રમમાં - પાઠયપુસ્તકમાં ચિત્રકળા સાથે અનુબંધ સાધી શકાય એવા ઘણા મુદ્દા, ચિત્રો, આકૃતિ, નકશા, આલેખ વગેરે સારી એવી માત્રામાં – સંખ્યામાં હોય છે. એનો ઉપયોગ કરી શિક્ષક ઇતિહાસનો ચિત્રકળા સાથે અનુબંધ સાધી શકે – સાધવો જોઈએ. આમ કરવાથી ઇતિહાસના ઘણા ખ્યાલો – ઇતિહાસની ઘણી સંકલ્પનાઓ સ્પષ્ટ કરી શકાય છે, અને શિક્ષણકાર્યને રસપ્રદ, અસરકારક અને જીવંત બનાવી શકાય છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

## એકમ - 4 : ઇતિહાસ શિક્ષણમાં મૂલ્યાંકન અને ઇતિહાસ શિક્ષકની સજ્જતા

### 4.1 સંકલ્પના (એકમ પાઠ મૂલ્યાંકન)

એકમ પાઠ મૂલ્યાંકન એટલે જે એકમનું પાંચ કે છ તાસ સુધી અને સમગ્ર એકમ-પાઠ કે તેની વિષયવસ્તુના એક કરતાં વધુ મુદ્દાઓનું શિક્ષણકાર્ય કર્યું હોય તે બધા મુદ્દાઓનું મૂલ્યાંકન. આ મૂલ્યાંકન એકમ કસોટી સ્વરૂપે હોય છે. એકમ મૂલ્યાંકન માટેની કસોટી તૈયાર કરવા / રચવા માટે એકમની બ્લ્યૂ પ્રિન્ટ તૈયાર કરવી પડે. ઇતિહાસના એકમની સંરચના કરતી વખતે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ / રાખવામાં આવે છે :

- ભૂગોળ શિક્ષણના હેતુઓ (જ્ઞાન, સમજ, ઉપયોજન, કૌશલ્ય) હેતુઓ શીખવવાની વિષયવસ્તુ સાથે સુસંગત હોવા જોઈએ.
- પ્રશ્નોના વિવિધ પ્રકારો (ટૂંકા ઉત્તર, લઘુજવાબી, વસ્તુલક્ષી પ્રશ્નો- ખાલી જગ્યા પૂરો, બહુ વિકલ્પ, જોડકાં જોડો, સંબંધ ઘટાયક વગેરે પ્રકારના પ્રશ્નો) અને તે પ્રશ્નોનો ગુણભાર.
- પ્રશ્નોની સંખ્યા (પ્રશ્નોના પ્રકાર ધ્યાનમાં રાખીને) અને દરેક પ્રશ્નનો ગુણભાર.
- કસોટીપત્રના ઉત્તર લખવા માટેનો સમય પણ નિશ્ચિત હોય છે. આ કસોટીપત્ર લેખિત હોય તે ઇચ્છનીય છે.
- એકમ પાઠ મૂલ્યાંકનમાં એકમ પાઠના શિક્ષણકાર્ય માટે જેટલા તાસ પાઠોનું શિક્ષણકાર્ય કરવા વિચાર્યું હોય તે દરેક તાસમાં પણ મોટા ભાગે મૌખિક રીતે ટૂંકા પ્રશ્નો પૂછી શિક્ષણકાર્યદરમિયાન અને શિક્ષણકાર્યના અંતે મૂલ્યાંકન કરવામાં આવે છે. આમ, એકમના મુદ્દાના તાસપાઠના શિક્ષણકાર્યનું અને સમગ્ર એકમના અધ્યાપન કાર્યના અંતે મૂલ્યાંકન કરવામાં આવે ત્યારે સાચું, સારું મૂલ્યાંકન થયું એમ કહી શકાય. જો કે સમગ્ર એકમના અધ્યાપન કાર્યના અંતે લેવાતી એકમ કસોટીને જ આપણે એકમ મૂલ્યાંકન તરીકે ઓળખીએ છીએ.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

## 4.2 લ્યૂપ્રિન્ટ : અર્થ, મહત્ત્વ અને રચના

તમે મકાનનું બાંધકામ થતું જોયું હશે. કદાચ તમારા વડીલોએ પોતીકું મકાન બંધાવ્યું હશે. તમે એ બાંધકામ પણ જોયું હશે. શું મકાનનું બાંધકામ કોઈ પૂર્વવિચારણા વગર જ થતું હશે ? જવાબ'ના' માં હોવાનો. મકાનનું બાંધકામ શરૂ કરાવતા પહેલાં સ્થપિત (આર્કિટેક્ટ) કે ઈજનેર મકાનનો નકશો તૈયાર કરે છે. મકાનનો નકશો તૈયાર કરતી વખતે તે જમીનનું ક્ષેત્રફળ, મકાનમાં રહેનારની સંખ્યા, મકાનમાં જરૂરી સુવિધા, ખર્ચ વગેરે જેવાં ઘણાં પાસાંઓને ધ્યાનમાં રાખે છે. નકશો તૈયાર કરવાની પ્રક્રિયામાં સુવ્યવસ્થિત આયોજન હોય છે. આ નકશો તે મકાનની બ્લ્યૂ પ્રિન્ટ.

વિદ્યાર્થીઓ ઇતિહાસનું જ જ્ઞાન પ્રાપ્ત કરે છે, તેની ચકાસણી માટે મૂલ્યાંકન પરીક્ષણની એક પ્રવિધિ તરીકે લેખિત પરીક્ષાનો ઉપયોગ કરવામાં આવે છે. લેખિત પરીક્ષા માટે પ્રશ્નપત્ર કે કસોટીની રચના કરવામાં આવે છે. આથી ઈતિહાસના શિક્ષક પાસે ઇતિહાસનું સારું પ્રશ્નપત્ર રચના માટેનું કૌશલ્ય હો ું અત્યંત આવશ્યક અને અપેક્ષિત છે. સારા પ્રશ્નપત્રની રચના માટે બ્લ્યૂપ્રિન્ટ તૈયાર કરવી પડે છે. બ્લ્યૂ પ્રિન્ટ સારા પ્રશ્નપત્રની રચના માટેની આધારશિલા છે.બ્લ્યુપ્રિન્ટના આધારે અભ્યાસક્રમના કયા શૈક્ષણિક મુદ્દા અંગે, કયા હેતુની ચકાસણી માટે, કેટલા ગુણના અને કેટલા પ્રશ્નો પૂછવાના છે, તે જાણી શકાય છે. બ્લ્યૂપ્રિન્ટ એ પ્રશ્નપત્રની આરસી છે. બ્લ્યૂપ્રિન્ટના આધારે તૈયાર થયેલું પ્રશ્નપત્ર પદ્ધતિસરનું શૈક્ષણિક મુદ્દા, હેતુઓ અને પ્રશ્નપ્રકારના યોગ્ય ભારાંકવાળું, કઠિનતા મૂલ્ય અને તારવણી મૂલ્યની જાળવણીવાળું તેમજ વૈજ્ઞાનિક અભિગમવાળું બને છે. આ જ બ્લ્યૂપ્રિન્ટની સાચી અગત્ય અને ઉપયોગિતા છે / તેનું મહત્ત્વ છે. ટૂંકમાં, બ્લ્યૂપ્રિન્ટ સારું પ્રશ્નપત્ર રચવા માટેની પૂર્વવિચારણા છે – તેનું આયોજન છે, તેનો અરીસો છે. આ ચર્ચાના આધારે તો ચોક્કસ કહી શકાય કે, ઈતિહાસના શિક્ષકે ઇતિહાસનું પ્રશ્નપત્ર તૈયાર કરતાં પહેલાં એનો નકશો જરૂર તૈયાર કરવો જોઈએ એટલે બ્લ્યૂપ્રિન્ટ અવશ્ય તૈયાર કરવી જોઈએ.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

**બ્લ્યૂપ્રિન્ટની રચનામાં ધ્યાનમાં રાખવાની બાબતો :**

એક શિક્ષક તરીકે તમારા મનમાં બ્લ્યૂપ્રિન્ટ તૈયાર કરતી વખતે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ એવો પ્રશ્ન જરૂર થાય. તમે જાણો છો કે, બ્લ્યૂપ્રિન્ટ એ એક એ ું આયોજન છે જેના આધારે સારું પ્રશ્નપત્ર રચી શકાય છે. આયોજન સુવ્યવસ્થિત હો ું જરૂરી છે. આડેધડ થયેલું આયોજન સાર્થક નથી નીવડતું. એ નિષ્ફળ જાય છે અને ધારેલાં કાર્ય - પરિણામો સિદ્ધ થતાં નથી. આથી ઈતિહાસના શિક્ષકે સારા પ્રશ્નપત્રની રચના માટે બ્લ્યૂ પ્રિન્ટ તૈયાર કરવી જોઈએ, એટલું જ પર્યાપ્ત નથી, પરંતુ એ સુવ્યવસ્થિત તૈયાર થવી જોઈએ એ ભૂલા ું નહિ જોઈએ. સુવ્યવસ્થિત બ્લ્યૂપ્રિન્ટ તૈયાર કરતી વખતે નીચે દર્શાવેલા મુદ્દાઓ – નીચેની બાબતો અવશ્ય ધ્યાનમાં રખાય એ જરૂરી છે.

(1) ઈતિહાસના સમગ્ર અભ્યાસક્રમ પાઠ્યક્રમને સારી રીતે આવરી શકાય એ માટે પાઠયપુસ્તક કે વિષયવસ્તુનું શૈક્ષણિક મુદ્દાઓમાં વિભાજન કરી દરેક મુદ્દાને તેની અગત્ય અનુસાર જરૂરી ગુણભાર મળી રહે તે રીતે વિષયવસ્તુને ભારાંક આપવો જોઈએ. સમગ્ર પાઠયક્રમ ધ્યાનમાં લેવાનો હોય ત્યારે પ્રકરણ અથવા એકમદીઠ ગુણભાર નિશ્ચિત કરવો જોઈએ.

(2) ઈતિહાસના શિક્ષણના હેતુઓ જેવા કે જ્ઞાન, સમજ, ઉપયોજન, કૌશલ્ય વગેરે હેતુઓને યોગ્ય ગુણભાર ફાળવવો જોઈએ. ક્ષમતાકેન્દ્રી પાઠયક્રમ હોય તો ક્ષમતાઓને ધ્યાનમાં લઈ ગુણભાર ફાળવવો જોઈએ.

(3) પ્રશ્નસ્વરૂપ અથવા પ્રશ્નપ્રકાર પણ નિશ્ચિત કરી તેને ગુણભાર ફાળવવો જોઈએ. દરેક પ્રશ્ન સ્વરૂપ અનુસાર પ્રશ્નોની સંખ્યા કેટલી હશે તે નક્કી કરી લે ું પડે. સામાન્યતઃ નિબંધ પ્રકારના અથવા વિસ્તૃત જવાબી પ્રશ્નો, લઘુ જવાબી (ટૂંક જવાબી) પ્રશ્નો અને અનાત્મલક્ષી પ્રશ્નોનો લેખિત પરીક્ષામાં ઉપયોગ થાય છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

## ત્રિપરિમાણદર્શક સારણી (બ્લ્યૂપ્રિન્ટ)

### વિષયવસ્તુ પ્રમાણે ુણભારની ફાળવણી :

કોઈપણ વિષય કે એકમને સ્પષ્ટ વિભાગીય મુદ્દાઓમાં વહેંચી શકાય છે. આ બાબતોને ધ્યાનમાં રાખી મુદ્દાઓ પ્રમાણે ગુણભારની ફાળવણી કરવામાં આવે છે.

| મ | વિષયવસ્તુના મુદ્દા | પ્ર સંખ્યા | ફાળવેલ ુણ | ભારાંક (ટકામાં) |
|---|---|---|---|---|
| 1. | રાષ્ટ્રવાદનો ઉદભવ અને વિકાસ | 05 | 06 | 24 |
| 2. | હિન્દી રાષ્ટ્રીય મહાસભા | 08 | 14 | 56 |
| 3. | ભારતમાં ક્રાંતિકારી પ્ર ૃત્તિ | 05 | 05 | 20 |
| | કુલ | 18 | 25 | 100 |

### હેતુ પ્રમાણે ુણભારની ફાળવણી :

શિક્ષણકાર્ય કરતાં પહેલાં વિષય કે એકમના અનુસંધાનમાં હેતુઓ નક્કી કરવામાં આવે છે. હેતુના મહત્ત્વ પ્રમાણે ગુણભારની ફાળવણી કરવામાં આવે છે.

| મ | હેતુ | પ્ર સંખ્યા | ફાળવેલ ુણ | ભાશંક (ટકામાં) |
|---|---|---|---|---|
| 1. | જ્ઞાન | 09 | 09 | 36 |
| 2. | સમજ | 03 | 03 | 12 |
| 3. | ઉપયોજન | 04 | 11 | 44 |
| 4. | કૌશલ | 02 | 02 | 08 |
| | કુલ | 18 | 25 | 100 |

### પ્ર પ્રકાર પ્રમાણે ુણભારની ફાળવણી

| મ | પ્ર પ્રકાર | પ્ર સંખ્યા | ફાળવેલ ુણ | ભારાંક (ટકામાં) |
|---|---|---|---|---|
| 1. | નિબંધ પ્રકાર(E) | 01 | 05 | 20 |
| 2. | ટૂંકા ઉત્તર પ્રકાર(S) | 03 | 06 | 24 |
| 3. | અનાત્મલક્ષી પ્રકાર(O) | 14 | 14 | 56 |
| | કુલ | 18 | 25 | 100 |

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

**ત્રિપરિમાણદર્શક કોઠો** :ઉપરના ત્રણેય કોઠાને આધારે ત્રિપરિમાણદર્શક કોઠાની રચના કરી શકાય છે. આમ તે ત્રણેય કોઠાને જોડતો કોઠો છે. ત્રણેય પરિમાણોને ધ્યાનમાં રાખીને આ કોઠાની રચના કરવામાં આવે છે, તેથી તેને ત્રિપરિમાણદર્શક કોઠો કે બ્લ્યૂ પ્રિન્ટ કહેવામાં આવે છે.

**ત્રિપરિમાણદર્શક કોઠો**

| ક્રમ | હેતુઓ | | જ્ઞાન | | | સમજ | | | ઉપયોજન | | | કૌશલ્ય | | | કુલ | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પેટા એકમ ⬇ | પ્રશ્નના પ્રકાર ➡ | E | S | O | E | S | O | E | S | O | E | S | O | E | S | O | |
| 1. | રાષ્ટ્રવાદનો ઉદભવ અને વિકાસ | | - | | 2 (2) | - | - | | | | 4 (4) | | | | - | - | 6 (6) | 6 (6) |
| 2 | હિન્દી રાષ્ટ્રીય મહાસભા | | 5 (1) | | 2 (2) | - | - | 3 (3) | | 4 (2) | | | | | 5 (1) | 4 (2) | 5 (5) | 14 (8) |
| 3 | ભારતમાં ક્રાંતિકારી પ્ર ૃત્તિ | | - | - | - | - | - | | | | 3 (3) | | 2 (1) | | | 2 (1) | 3 (3) | 5 (4) |
| | કુલ | | 5 (1) | | 4 (4) | - | - | 3 (3) | | 4 (2) | 7 (7) | | 2 (1) | | 5 (1) | 6 (3) | 14 (14) | 25 (18) |
| | કુલપ્રશ્ન કુલ ગુણ | | 9(5) | | | 3(3) | | | 11(9) | | | 2(1) | | | 25(18) | | | 25 (18) |

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

## 4.3 સારા પ્ર  પત્રની સંરચના આદર્શ પ્ર  પત્રના લક્ષણો

### સારા પ્ર  પત્રની સંરચના :

આપણે લેખિત મૂલ્યાંકન / પરીક્ષણ માટે પ્રશ્નપત્રનો ઉપયોગ કરીએ છીએ. એને કસોટીપત્ર પણ કહીએ છીએ. જો શિક્ષક સારું પ્રશ્નપત્ર રચી શકે – તૈયાર કરી શકે તો જ પરીક્ષણ કે મૂલ્યાંકન સારું થાય અને હેતુઓની સિદ્ધિનો અને શિક્ષણની સાર્થકતાનો ખ્યાલ આવે. સારું પ્રશ્નપત્ર જ યોગ્ય મૂલ્યાંકન કરવામાં ઉપયોગી બની શકે. પ્રશ્નપત્ર સારું ક્યારે કહી શકાય ? આ પ્રશ્નના ઉત્તર માટે આપણે સારા પ્રશ્નપત્રની સંરચના માટેનાં કેટલાંક આવશ્યક સોપાનો જાણવાં જોઈએ.
નીચે સારા પ્રશ્નપત્રની સંરચના માટેનાં સોપાનોની ચર્ચા કરી છે.

(1) **વિષયવસ્તુનું  ૃથ  રણ કરવું** : વિષયવસ્તુનું તેનાં એકમો અને પેટા એકયોમાં વિભાજન કરવામાં આવે છે. દરેક એકમ અને પેટા એકમ માટે પ્રમાણસર ગુણભાર નક્કી કરવામાં આવે છે.
(2) **હેતુ અનુસાર  ુણભારની ફાળવણી** : પ્રશ્નપત્ર શિક્ષણ સંબંધિત બધા જ હેતુઓને ચકાસે તે ં હો ં જોઈએ. આ માટે બધા જ હેતુઓની ચકાસણી થઈ શકે તે રીતે બપા જ હેતુઓને યોગ્ય ભારાંક આપવામાં આવે છે. પ્રશ્નપત્ર દ્વારા આપણે જ્ઞાન, સમજ, ઉપયોજન કૌશલ્ય વગેરે વિવિષ હેતુઓની – ક્ષમતાઓની ચકાસણી કરીએ છીએ. આથી સારા પ્રશ્નપત્રની સંરચના માટે વિવિધ શૈક્ષણિક હેતુઓ ક્ષમતાઓના માપનના સંદર્ભમાં કક્ષાને અનુરૂપ વિષયવસ્તુને ગુણભાર ફાળવવામાં આવે છે.
(3) **પ્ર  સ્વ  પની પસંદગી કરવી** : વિષયવસ્તુ અને હેતુઓને ધ્યાનમાં રાખીને ગુણભારની ફાળવણી કર્યા પછી કયા પ્રકારના પ્રશ્નોની રચના કરવી તે નક્કી કરવામાં આવે છે. પ્રશ્નસ્વરૂપની સાથે પ્રશ્નની સંખ્યા અને તેનો ગુણભાર પણ નક્કી કરવામાં આવે છે.

આમ, ત્રણ સોપાનો દ્વારા સારા પ્રશ્નપત્રમાં શૈક્ષણિક હેતુઓ- ક્ષમતાઓના માપન માટે કયા વિષયવસ્તુમાંથી કેવા અને કેટલા પ્રશ્નો પૂછવા તે સરળતાથી સ્પષ્ટ કરી શકાય છે.

માધ્યમિક શિક્ષણ પંચ (1952-53) અને યુનિવર્સિટી શિક્ષણપંચ (1948-49) દ્વારા પરીક્ષા સુધારણા માટે થયેલાં સૂચનોના અનુસંધાનમાં ભારતમાં પરીક્ષા સુધારણા કાર્યક્રમનો આરંભ થયો. ભારતના આ પરીક્ષા સુધારણા કાર્યક્રમમાં શિકાગો યુનિવર્સિટીના ડૉ. બેન્ઝામિન બ્લૂમની સેવાઓ ઉપલબ્ધ થઈ. એન.સી.ઈ.આર.ટી.ના મૂલ્યાંકન વિભાગે વિવિધ કાર્યશિભિરો દ્વારા પરીક્ષા સુધારણ કાર્યક્રમને વ્યાપક બનાવ્યો. આ પ્રયાસોના પરિણામે આપણાં પ્રશ્નપત્રોનું સ્વરૂપ બદલાયું છે. પરીક્ષા સુધારણાના પરિણામે આપણને સારા પ્રશ્નપત્રના લક્ષણોનો ખ્યાલ મળ્યો છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

## આદર્શ પ્ર પત્રના મહત્ત્વનાં લક્ષણો

- Ø પ્રશ્નપત્રના સૂચિત અભ્યાસક્રમના બધા જ એકમોનો પ્રમાણસરનો ગુણભાર સ્થપાયો હોય.
- Ø પ્રશ્નપત્ર પ્રમાણભૂત હોય –એટલે કે જે હેતુસર પરીક્ષા લેવાતી હોય તેવા હેતુ માટે જ પ્રશ્નો તેમાં હોય. દા.ત. નિદાનનો હેતુ, સિદ્ધિનો હેતુ.
- Ø પ્રશ્નપત્ર વિશ્વસનીય હોય એટલે કે તેના પ્રશ્નોના જવાબો ચોક્કસ હોય. દરેક વિદ્યાર્થીઓ પરીક્ષક તેના આવા ઉત્તર માટે એકમત હોય. એટલે કે વિદ્યાર્થી-પરીક્ષક કે બદલાતાં ઉત્તરો તેના તે જ રહે તેવા હોય.
- Ø શિક્ષણ-મૂલ્યાંકનના બધા જ હેતુઓની ચકાસણી કરતા પ્રશ્નો હોય.
- Ø પરીક્ષાર્થી માટેની સમયમર્યાદા પ્રમાણસરની તેમજ માફકસરની હોય. પ્રશ્નપત્ર બહુ લાંબુ કે ટૂંકું ન હોય.
- Ø પ્રશ્નપત્રમાં પ્રશ્નોનું કઠિનતા મૂલ્ય જળવાયું હોય. અતિ સરળ પ્રશ્નો તેમજ અતિ કઠિન પ્રશ્નો ન હોય તે ધ્યાનમાં રાખ ું આવશ્યક છે.
- Ø પ્રશ્નપત્રમાં પ્રશ્નોનું તારવણી મૂલ્ય યોગ્ય હોય એટલે કે બાળકોનો વૈયક્તિક તફાવતો પ્રમાણે જુદા પાડે તેવા પ્રશ્નો હોય.
- Ø પ્રશ્નપત્રના પ્રશ્નો વ્યવસ્થિત હોય, જરૂરી વિભાગો હોય, પ્રશ્ન સ્વરૂપો પ્રમાણે ઉચિત પ્રશ્નો હોય તથા કઠિનતા મૂલ્યના ક્રમમાં પ્રશ્નોને ગોઠવ્યા હોય.
- Ø પરીક્ષણ કાર્યમાં વહીવટી સુગમતા આપે તેવા પ્રશ્નો હોય, વહીવટી ખર્ચમાં કરકસર થાય તેવા પ્રશ્નો હોય.
- Ø પ્રશ્નની ભાષા, રજૂઆત, છપાઈ જેવી બાબતો તરફ ધ્યાન અપાયું હોય.
- Ø પ્રશ્નપત્રની સાથે ગુણાંકન યોજના હોય.
- Ø પ્રશ્નપત્રની રચના Blue-print ને આધારે થયેલી હોય
- Ø પ્રશ્નપત્ર વિશ્વસનીય અને પ્રમાણભૂત હોય.

પ્રશ્નપત્રની ભાષા સરળ, સ્પષ્ટ અને ચોક્કસ હોય સૂચનો સ્પષ્ટ રીતે કરેલાં હોય.
આમ, ટૂંકમાં શિક્ષણકાર્યની પરિભાષામાં કહીએ તો પ્રશ્નપત્ર પરીક્ષાર્થી પરીક્ષક તેમજ નિરીક્ષક સૌને ગમી જાય તે ું આદર્શ સ્વરૂપનું હોય તો જ તેને આદર્શ પ્રશ્નપત્ર કહી શકાય.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

## 4.4 ુણ કૌશલ્ય – વિષયવસ્તુની સજ્જતાના સંદર્ભમાં ઈતિહાસ શિક્ષકની સજ્જતા

**પ્રાસ્તાવિક**

વિદ્યાર્થી અને શિક્ષક એ બે વર્ગખંડના સજીવ અને પ્રાણવાન ઘટકો છે. શિક્ષકનું કાર્ય પોતાના અધ્યાપન દ્વારા વિદ્યાર્થીઓને પ્રેરવાનું, માર્ગદર્શન આપવાનું અને વિકસાવવાનું છે. શિક્ષક વર્ગખંડનો નાખુદા છે, શિલ્પી છે અને રાષ્ટ્રનો વિધાતા છે. શિક્ષણક્ષેત્રે અનેક પરિવર્તનો આવ્યાં છે, છતાંઆજેય અધ્યાપન પ્રક્રિયામાં શિક્ષકનું ચાવીરૂપ સ્થાન રહ્યું છે. અધ્યાપન પ્રક્રિયાની સફળતાનો આધાર શિક્ષક છે. શિક્ષક અધ્યાપન પ્રક્રિયાનો આયોજક, વ્યવસ્થાપક અને સંચાલક છે.

20મી સદીમાં છેલ્લા ત્રણ દાયકા દરમિયાન શિક્ષણની ગુણવત્તા, અધ્યાપન-અધ્યયનની ઉત્કૃષ્ટતા યા પારમિતા (excellence), અધતન અને ઉચ્ચ કક્ષાનો અપગ્રેડેડ અને ફ્રન્ટ વાઇન કરિક્યુલમ, નવીન અને હાઈટેક શૈક્ષણિક સાધનો અને સવલતો વગેરે પરત્વે શિક્ષણશાસ્ત્રીઓએ, શાસકોએ અને સમાજે રસ દાખવ્યો છે. રાષ્ટ્રીય શિક્ષણપંચ (1964-66) અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (1986) માં શિક્ષણની ગુણવત્તા અને પારમિતા પર ભાર મૂક્યો છે. શિક્ષણવિદ્ ડૉ. રવીન્ દવેએ વિદ્યાર્થીઓની વિવિધ ક્ષમતાઓની પારંગતતાના સ્તરે સિદ્ધિનો વિચાર રજૂ કર્યો છે.

અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તક અને શૈક્ષણિક સાધનસામગ્રી ઉત્તમ હોય તો પણ એક સારા શિક્ષક માટેની અવેજી બની શકે નહિ. એક નબળો શિક્ષક ઉત્તમ કક્ષાના અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તક, શૈક્ષણિક સાધનસામગ્રી અને શૈક્ષણિક ભૌતિક સુવિધાઓનો અસરકારક ઉપયોગ કરવામાં નિષ્ફળ નીવડે છે. જ્યારે એક સારો શિક્ષક ઓછી ગુણવત્તા ધરાવતા અભ્યાસક્રમ, પુસ્તક અને શૈક્ષણિક સાધનસામગ્રી તેમ જ ભૌતિક સુવિધાનો ઉપયોગ કરીને શિક્ષણ પ્રક્રિયાને અસરકારક બનાવવામાં કદાચ મહત્તમ નહિ તો પણ નોંધપાત્ર ફાળો તો અવશ્ય આપી શકે.

શિક્ષક વર્ગખંડમાં ત્યારે જ સફળતા મેળવી શકે જયારે એ જરૂરી ગુણો, કૌશલ્યો અને વ્યાવસાયિક સજ્જતા અને સમૃદ્ધિ ધરાવતો હોય.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED COLLEGE-RAJKOT

4.4.1 **ઈતિહાસ શિક્ષકના ગુણો** :

ઇતિહાસના શિક્ષક પાસે અન્ય વિષયની શિક્ષકો પાસે જે ગુણો કે લક્ષણોની અપેક્ષા રાખવામાં આવે છે એવા જ ગુણો કે લક્ષણોની અપેક્ષા રાખવામાં આવે છે. શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય, વ્યક્તિત્વ, ચારિત્ર્ય, ગુણો, અન્ય વ્યક્તિ સાથે કામ પાર પાડવાની કુશળતા (અનુકૂલન), જવાબદારીની સભાનતા, વિકાસ માટેની મહેચ્છા અને પ્રેરણા, અધ્યેતા, વ્યવસાય અને સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતા વગેરે બાબતોમાં તો અન્ય વિષયના શિક્ષકો જેવા જ ગુણો ઇતિહાસના શિક્ષક પાસે હોવા જોઈએ એ નિઃશંક છે. માત્ર ઈતિહાસના વિષયના સંદર્ભમાં કેટલાંક વિશિષ્ટ લક્ષણો - ગુણો કે કેટલીક વિશેષતાઓ ભિન્ન હોઈ શકે, જે ખાસ કરીને ઈતિહાસના શિક્ષકો પાસે જ અપેક્ષિત હોય છે.

આપણે સૌપ્રથમ દરેક વિષયના શિક્ષક પાસે જે ગુણો - લક્ષણોની અપેક્ષા રખાય છે, તેનાથી પરિચિત થઈએ. નીચે એવા ગુણો – લક્ષણો દર્શાવી સંક્ષિપ્તમાં તેની સ્પષ્ટતા કરી છે.

**સારું શારીરિક સ્વાસ્થ્ય** :

દરેક વિષયના શિક્ષક સારી શારીરિક તંદુરસ્તી ધરાવતા હોવા જોઈએ. ઈતિહાસના શિક્ષક એમાં અપવાદ નથી. આપણે જાણીએ છીએ કે, સ્વસ્થ શરીરમાં જ સ્વસ્થ મન વસે છે. સારી તંદુરસ્તી ધરાવતા શિક્ષકનુંવ્યક્તિત્વ પણ દીપી ઊઠે છે. સારું શારીરિક સ્વાસ્થ્ય ધરાવતા શિક્ષકના કાર્યમાં સ્ફૂર્તિ અને તાજગી હોય છે. તેને શ્રમનો થાક લાગતો નથી કે કામનો કંટાળો આવતો નથી. વિશેષ પરિશ્રમ અને મુશ્કેલીઓનો અનુભવ થાય તેવી પ્રવાસ, પર્યટન, મુલાકાત, સર્વેક્ષણ, ક્ષેત્રકાર્ય, પ્રાયોગિક કાર્ય કે સંશોધનની પ્ર ૃત્તિઓ પણ તે સરળતાથી કરી શકે છે.

**સારું માનસિક સ્વાસ્થ્ય** :

સારું માનસિક સ્વાસ્થ્ય ધરાવતા શિક્ષક કોઈપણ પ્રતિકૂળ પરિસ્થિતિમાં સંવેગાત્મક સમતુલા જાળવી શકે છે. તે અધ્યાપનકાર્ય દરમિયાન પોતાના આવેગોનું નિયંત્રણ કરી શકે છે. વિષયવસ્તુની રજૂઆતમાં નિષ્પક્ષ રહીને તટસ્થતા ાળવી શકે છે. તે પૂર્વગ્રહ, પક્ષપાત, ફૃણા, તિરસ્કારથી પર રહે છે. તેના શિક્ષણકાર્યમાં આનંદ અને પ્રસન્નતા હોય છે. તે શિક્ષણકાર્ય દરમિયાન કે પ્ર ૃત્તિઓનાં સંચાલન દરમિયાન માનસિક તણાવથી મુક્ત રહે છે, પરિણામે તેનું વર્ગશિક્ષણ અસરકારક બને છે. અધ્યેતાના

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

વિષયશિક્ષણ પર તેની હકારાત્મક વિધાયક અસરો જન્મે છે અને વિષય પરત્વે રુચિ જન્મે છે. ઉમદા નાગરિક તરીકેનાં વલણો અને ગુણો, મૂલ્યો વિકસે છે. જો સારા માનસિક સ્વાસ્થ્યની આટલી બધી વિધાયક અસરો હોય તો ઈતિહાસના શિક્ષક પાસે સારા માનસિક સ્વાસ્થ્યની સહેજે અપેક્ષા રહે તે સ્વાભાવિક છે.

**પ્રભાવશાળી વ્યક્તિત્વ :**

શિક્ષકના પ્રભાવશાળી વ્યક્તિત્વમાં ઘણાં પાસાંઓનો સમાવેશ થાય છે. શિક્ષકનું શરીર અને મન સ્વસ્થ હો ું જોઈએ. તેની બુદ્ધિ જાગૃત હોવી જોઈએ. એનું હૃદય કોમળ હો ું જોઈએ. એના મનમાં ઉત્સાહ અને ઉમંગ હોવાં જોઈએ. એનામાં કાર્ય કરવાની, પ્ર ૃત્તિમાં રચ્યાપચ્યા રહેવાની ધગશ અને લગની હોવી જોઈએ. તે ભાવાત્મક સમતુલા ધરાવતો હોવો જોઈએ. શિક્ષકના વ્યવસાયને છાજે એવો સાદો અને સ્વચ્છ પોશાક હોવો જોઈએ. તેના અવાજમાં સ્પષ્ટતા અને પ્રભાવ હોવાં જોઈએ. તે પ્રાણવાન હોવો જોઈએ. તે પ્રસન્ન, પ્રેમાળ અને પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતો હોવો જોઈએ.

**ચારિત્ર્ય અને નૈતિક ુણો :**

સમગ્ર સમાજની શિક્ષક પાસે એક અનિવાર્ય અપેક્ષા એ છે કે તે ચારિત્ર્યશીલ હોવો જોઈએ, એના સાગાર અને વિચારમાં એકસૂત્રતાની અપેક્ષા રાખવામાં આવે છે. શિક્ષક પાસે માનવીય ગુણો અપેલિત છે. અદ્વૈતા પરત્વેનો પ્રેમ, અનુશાસનપ્રિયતા, કર્તવ્યશીલતા, પ્રામાણિકતા, તટસ્થતા, નેતૃત્વ, દૃઢ નિશ્ચય, પરિશ્રમ, વ્યવસાયનિષ્ઠા, સામાજિક જવાબદારીની ભાવના, પૈર્ષ, કરૂણા અને ક્ષમા જેવા વિવિધ નૈતિક ગુણોની ઈતિહાસના શિક્ષક પાસે અપેક્ષા રાખવામાં આવે છે. તેનામાં સહાનુભૂતિ, સહિષ્ણુતા અને સહનશીલતાના ગુણો પણ અપેક્ષિત છે. ઇતિહાસના શિક્ષક પાસે હૃદયની વિશાળતા હોવી જોઈએ.

**અધ્યયનશીલતા :**

ઈતિહાસના શિક્ષકને પોતાના જ્ઞાનને સમૃદ્ધ કરવાની, પોતાના જ્ઞાનને અદ્યતન રાખવાની અદમ્ય જિજ્ઞાસા અને ઝંખના હોવી જોઈએ. તે સતત અધ્યયનશીલ રહે એ સાંપ્રત સદીની વિશેષ માગ છે. શિક્ષકે તો હરતી- ફરતી વિદ્યાપીઠ તરીકે કાર્ય કરવાનું છે. આથી તે જ્ઞાન સમૃદ્ધ હોય એ જરૂરી છે. જ્ઞાનામૃતને પામવા શિક્ષકે જ્ઞાનસાગરમાં ડૂબકી મારતા રહે ું જોઈએ.. શિક્ષકની વિદ્વત્તા નીચી રહે તો વિદ્યાકીય ઉત્પાદકતા કે નીપજ પણ નીચી જ રહે. જે વ્યક્તિ વાચન માટે ભાગ્યે જ સમય ફાળવે એ શિક્ષક

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

કેવી રીતે બને ! અધ્યયનશીલતા નહિ હોય એવા શિક્ષકો બૌદ્ધિક રીતે વહેલા મૃત્યુ પામે છે. 21મી સદીનો સમાજ અધ્યયનશીલ સમાજ છે. 21મી સદીમાં જ્ઞાનની- માહિતીની જ બોલબાલા રહેવાની. વિશ્વ, રાષ્ટ્ર, રાજય અને સમાજમાં બનતી ઘટનાઓ, ઊભી થતી સમસ્યાઓથી અજાણ-અજ્ઞાત રહેનાર શિક્ષક ઇતિહાસના વિષયને કેવી રીતે ન્યાય આપી શકે ! પોતાના વિષયનું અદ્યતન જ્ઞાન નહિ ધરાવનાર આ સદીમાં નિરક્ષરનું બિરુદ પામે છે.

**મૈત્રી ૂર્ણ અને સહાનુભૂતિ ૂર્ણ વ્યવહાર :**

શિક્ષક પ્રેમ, કરુણા, મૈત્રી અને પ્રસન્નતાની મૂર્તિ હોવો જોઈએ. તેનો વ્યવહાર સહાનુભૂતિપૂર્ણ હોવો જોઈએ. વિદ્યાર્થી, સહકાર્યકરો, વાલીઓ,સમાજ, રાજ્ય, રાષ્ટ્ર અને વિશ્વની સમસ્યાઓ પરત્વે તે સંવેદનશીલ હોવો જોઈએ. કુદરતી આપત્તિઓના પ્રસંગે તેનામાં કરુણા અને દયાની લાગણી જન્મવી જોઈએ અને જરૂરી સહાય કરવા સ્વયં પ્રેરિત થઈ અન્યને પ્રેરિત કરવાનો, નેતૃત્વ લેવાનો ગુણ હોવો જોઈએ, આજે ભાવાત્મક આંકનું મહત્ત્વ સ્વીકારાયું છે.

**સમાજનાં અનિ ટો પરત્વે સંવેદનશીલતા :**

ઇતિહાસના શિક્ષક પાસે સમાજની સમસ્યાઓ અને સમાજનાં અનિષ્ટો પરત્વે સંવેદનશીલતાની અપેક્ષા રાખવામાં આવે છે. આવી સમસ્યાઓમાં વસતિવિસ્ફોટ, પર્યાવરણ અસમતુલા, પ્રદૂષણ, આતંકવાદ, સામાજિક અસમાનતા, કોમવાદ વગેરે જેવી સમસ્યાઓ કે બદીઓનો સમાવેશ થાય છે. ઈતિહાસના શિક્ષકમાં માત્ર રાષ્ટ્રપ્રેમની સાથે તેનામાં વિશ્વપ્રેમ પણ હોવો જોઈએ. રાષ્ટ્રના સાંસ્કૃતિક વારસાનું તેનામાં ગૌરવ હો ું જોઈએ.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

**ઈતિહાસના શિક્ષકમાં ઉપર્યુક્ત ુણો ઉપરાંત નીચેના ુણો પણ અપેક્ષિત છે.**

ભારતીય સંસ્કૃતિમાં શિક્ષક (ગુરુ)ની તુલના બ્રહ્મા, વિષ્ણુ, અને મહેશ સાથે કરાયેલી છે. 'ગુરુ'ને ગોવિંદથી પણ મોટા ગણ્યા છે. કોઠારી શિક્ષણ પંચે રાષ્ટ્રના ભાવિ નિર્માણમાં શિક્ષકની મહત્ત્વની ભૂમિકા / શિક્ષકના મહત્ત્વપૂર્ણ યોગદાનને આ વિધાન દ્વારા ભવ્ય અંજલિ અર્પી છે : "ભારતનું ભાવિ તેના વર્ગખંડમાં ઘડાઈ રહ્યું છે." ગુણવાન, શીલવાન અને પ્રાણવાન શિક્ષકો જ આ જવાબદારીનું સુપેરે વહન કરી શકે એ નિર્વિવાદ છે. સમર્થ અને પ્રતિબદ્ધ શિક્ષક રાષ્ટ્રની વિશ્વની સિકલ બદલી શકે છે. શિક્ષકને લોકો પરિવર્તનનો પરિવ્રાજક, નવાં મૂલ્યોનો પ્રવર્તક અને સમાજનો પરિવર્તક કહે છે આ વાતમાં દમ છે એ નહિ ભૂલીએ. આથી જ ચાણક્યે કહ્યું છે : "શિક્ષક કભી સાધારણ નહ હોતા, પ્રલય ઓર નિર્માણ ઉસકી ગોદમેં ખેલતે હૈ" આપણે સૌ ચાણક્યના વારસદારો છીએ. ચાણક્ય અસાધારણ શિક્ષક હતા. શિક્ષકની પરખ છે : અભ્યાસ, ચિંતન અને સ્વાધ્યાય. શિક્ષકની પરખ છે : કર્મ અને ધર્મની સભાનતા. શિક્ષક પાસે જ્ઞાનનો અપ્રતિમ વૈભવ હોવો જોઈએ. શિક્ષક સાધારણ બની રહેવા નથી સર્જાયો, વિદ્વત્તાનો પર્યાય શિક્ષક છે. વિદ્વાન, કર્મપ્રેમી અને ખધ્યેતાપ્રેમી, પ્રતિબદ્ધ અને સમર્પિત શિક્ષકોને સ્વમાન આપોઆપ મળે છે. સમર્પિત, સજ અને સમર્થ શિક્ષકો રાષ્ટ્રની સાંસ્કૃતિક વિરાસત છે.

**ઉપરોકત કૌશલ્યો ઉપરાંત ઈતિહાસના શિક્ષક પાસે નીચેનાં જેવાં અન્ય કૌશલ્યો હોવાં જોઈએ**

- વાર્તા કહેવાનું કૌશલ્ય, વાર્તા રચવાનું કૌશલય - પ્ર ૃત્તિઓના આયોજન અને અમલીકરણ કરવાનું કૌશલ્પ.
- વર્ગને માર્ગદર્શનના રૂપમાં નેતૃત્વ પૂરું પાડવાની ક્ષમતા.
- પાઠયક્રમની યોગ્ય રીતે ગોઠવણી કરવાની કુશળતા.
- અધ્યાપન કાર્યના આયોજનની કુશળતા
- નાટક - સંવાદ રચવાની અને દિગ્દર્શન કરવાની કુશળતા
- માનવ અને ભૌતિક કરવાની કુશળતા. સ્રોતોની ખોજ કરી તેનો ઉપયોગ
- સમાજ સાથે સંપર્ક - સંબંધ સ્થાપવાની કુશળતા.
- પ્રત્યાયનની કુશળતા.
- અવલોકન અને નિરીક્ષણની કુશળતા.



SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

- સૂક્ષ્મ અધ્યાપન કૌશલ્યોનો ઉપયોગ કરવાની કુશળતા.
- શ્રેણીને અનુરૂપ યોગ્ય અધ્યાપન શૈલીનો ઉપયોગ કરવાનું કૌશલ્ય.
- અધ્યેતામાં સમસ્યા ઉકેલવાની, સાચી કલ્પના કરવાની, જ્ઞાનની ખોજ કરવાની, કાર્ય-કારણ સંબંધ સમજવાની, તુલનાત્મક અભ્યાસ કરવાની વગેરે ક્ષમતાઓ વિકસાવવાની કુશળતા.
- મૂલ્યાંકન કાર્યની કુશળતા.
- વાર્તાકાર તરીકેની કુશળતા.
- માધુર્યપૂર્ણ અવાજ, અવાજની યોગ્ય ગતિ, યોગ્ય આરોહ- અવરોહ અને હાવ-ભાવ સાથેની અભિવ્યક્તિનું કૌશલ્ય.
- અભિનયની સૂઝ અને અભિનયકળા જે ઇતિહાસના શિક્ષણને જીવંત અને વાસ્તવિક બનાવી શકે. નાટ્યકરણ પદ્ધતિ કે સંવાદોનો ઉપયોગ કરવાની ક્ષમતા-અહેવાલ લેખનનું કૌશલ્ય, ટી.વી. સ્ક્રિપ્ટ લખવાની કુશળતા.

## 4.5  િયાત્મક સંશોધન સંકલ્પના, સોપાનો અને મહત્વ

ક્રિયાત્મક સંશોધનની વ્યાખ્યાઓ :

"ક્રિયાત્મક સંશોધન એક એવી પ્રક્રિયા છે કે, જેની અંતર્ગત કોઈ પણ સંશોધનકર્તા કે પ્રયોગકર્તા પોતાની સમસ્યાનું વૈજ્ઞાનિક ઢબે એટલા માટે અધ્યયન કરે છે કે જેથી તે પોતે વિચારેલાં કાર્યો અને નિર્ણયોમાં માર્ગદર્શન મેળવી શકે, સુધારણા હાથ ધરી શકે અને સફળતા કે નિષ્ફળતાનું મૂલ્યાંકન કરી શકે."

- સ્ટીફન કોરે (1953)

"પ્રક્રિયા કે જેના દ્વારા વ્યવસાયી તેઓના નિર્ણયો અને કાર્યોના માર્ગદર્શન, સુધારણા અને મૂલ્યાંકનના હેતુસર તેઓની સમસ્યાઓનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરે છે તેને 'ક્રિયાત્મક સંશોધન' કહે છે."

- ડૉ. કે. પી. પાંડે

"વૈયક્તિક સુધારણા અને વ્યાવસાયિક ઉપયોગ માટે સંબંધિત સંશોધકો દ્વારા હાથ ધરવામાં આવતું સંશોધન એટલે ક્રિયાત્મક સંશોધન." - હિલ્ડ્રેથ હોક મેકનાશન

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

“ક્રિયાત્મક સંશોધન એ એ ું સંશોધન છે કે કોઈ પણ વ્યક્તિ. તેના હેતુઓને અસરકારક રીતે સિદ્ધ કરવા માટે તે હાથ ધરે છે. એક શિક્ષક પોતાના અધ્યાપનકાર્યમાં સુધારણા માટે ક્રિયાત્મક સંશોધન હાથ ધરે છે. એક શાળા સંચાલક પોતાના વહીવટીતંત્રની સુધારણા માટે ક્રિયાત્મક સંશોધન હાથ ધરે છે.”

- સુખિયા-મેહરોત્રા

“ક્રિયાત્મક સંશોધનનો હેતુ શાળા અને શૈક્ષણિક પ્રક્રિયાઓમાં સુધારણાનો છે અને જેઓ આ સુધારણા કરવા માગે છે તેઓને પણ સુધારવાનો છે." - જહૉન ડબ્લ્યુ. બેસ્ટ

"ક્રિયાત્મક સંશોધન એ સામાન્ય રીતે શાળાઓમાં સમગ્ર પરિસ્થિતિના સંદર્ભમાં શાળા સમસ્યાઓને ઉકેલવા માટે હાથ ધરાતી સંશોધનાત્મક પ્રક્રિયા છે અને સંશોધન તજ્જ્ઞોની સલાહ 'અને સહકાર દ્વારા શિક્ષકો વડે તેમની શૈક્ષણિક પ્ર ૃત્તિના ભાગરૂપે આ કાર્યક્રમ હાથ ધરાતો હોય છે.” – કાર્ટર વી. ગુડ

"સંશોધન કે જે વિશિષ્ટ સ્થાનિક સમસ્યા દ્વારા પ્રેરિત છે અને જે તે પરિસ્થિતિમાં માત્ર તે સમસ્યા ઉકેલવા પૂરતું જ આયોજિત છે તે ક્રિયાત્મક સંશોધન.” - ડેવિડ જે. ફ્રૉક્ષ

"ક્રિયાત્મક સંશોધન એ વાસ્તવિક દુનિયાની કાર્યરીતિમાં નાના પાયા પરનો હસ્તક્ષેપ છે અને તે આવા હસ્તક્ષેપની અસરનું ઝીણવટભર્યું પરીક્ષણ છે.” — કોહેન અને મેન્યોન

“ક્રિયાત્મક સંશોધન એ કેળવણી ક્ષેત્રની નાની સિંચાઈ યોજના છે." - ગુણવંત શાહ

"સામાન્ય શિક્ષક કે સંચાલક પોતાને નડતી સમસ્યાઓને વૈજ્ઞાનિક ઢબે ઉકેલવા પ્રયાસ કરે, પૂર્વગ્રહ કે પક્ષપાત વિના વૈજ્ઞાનિક અને પરલક્ષી દૃષ્ટિથી સંશોધન હાથ ધરે અને પોતાના સંચાલન કે વર્ગવ્યવહાર સુધારણામાં તેનાં નિષ્કર્ષી (તારણો) કામે લગાડે તેને 'ક્રિયાત્મક સંશોધન' કહે છે.” - ડૉ. મોતીભાઈ પટેલ

“ક્રિયાત્મક સંશોધન એ વ્યક્તિ પોતાના ઉદ્દેશો વધુ અસરકારક રીતે સિદ્ધ કરવા માટે, શિક્ષક પોતાના અધ્યાપનમાં સુધારો લાવવા માટે અને સંચાલક પોતાના શાળા સંચાલનમાં અને વ્યવહારમાં સુધારણા લાવવા માટે હાથ ધરે તે ું સંશોધન છે.” - National Institute of Basic Education

આમ, ક્રિયાત્મક સંશોધન એટલે....

- કાર્યોમાં સુધારણા લાવવા અને કાર્ય કરનારાઓ દ્વારા હાથ ધરાતું કાર્ય.
- વ્યાવહારિક પ્રકારનું કે નિર્ણયકેન્દ્રિત પ્રકારનું સંશોધન.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

- કામ કરનારી કોઈ પણ વ્યક્તિ પોતાનાં રોજબરોજનાં કાર્યો દરમિયાન અનુભવાતી સમસ્યાને અનુભવે છે, ઓળખે છે, સમજે છે, તેનાં કારણો તપાસે છે અને તેને ઉકેલવા માટે વૈજ્ઞાનિક રીતે પ્રયાસ કરે છે.
- શિક્ષકોનું, શિક્ષકો દ્વારા અને શિક્ષકો માટે ચાલતું સંશોધન.

**v િયાત્મક સંશોધનનું મહત્ત્વ :**

- રોજબરોજની સહજ ઉપયોગી છે.
- સ્વાભાવિક સમસ્યાઓના ઉકેલ માટે
- કોઈ ચોક્કસ સંદર્ભમાં સમસ્યાનું નિદાન કરીને તે જ સંદર્ભમાં નિરાકરણ થઈ શકે છે.
- કોઈ તાત્કાલિક સમસ્યાનું નિવારણ લાવી શકાય છે, 'અને ત્વરિત નિર્ણય લઈ શકાય છે.
- પ્રવર્તમાન કાર્યપ્રણાલીમાં સુધારણા લાવી શકાય છે.
- સંશોધન હાથ ધરવામાં ઊંચી બૌદ્ધિક ક્ષમતા અનિવાર્ય નથી. સામાન્ય કક્ષાની વ્યક્તિ પણ આવાં સંશોધનો હાથ ધરી શકે છે.
- આવાં સંશોધનો હાથ ધરવાથી સમસ્યા ઉકેલવાની સાથે સાથે વ્યક્તિની કાર્યક્ષમતામાં પણ વધારો થાય છે.
- શિક્ષકો ઉપરાંત શિક્ષણક્ષેત્ર સાથે જોડાયેલી અન્ય વ્યક્તિઓ જેમ કે આચાર્ય, સંચાલકો, શિક્ષણ વહીવટકારો પણ ક્રિયાત્મક સંશોધનો હાથ ધરી શકે છે.
- વર્ગખંડ સમસ્યા ઉપરાંત અન્ય શૈક્ષણિક કે બિનશૈક્ષણિક સમસ્યાઓને ઉકેલવામાં પણ ઉપયોગી છે.
- ક્રિયાત્મક સંશોધનનાં પરિણામોને વ્યવહારમાં અમલમાં મૂકવાની સંભાવના વધે છે, કારણ કે શિક્ષક પોતે સંશોધન પ્રક્રિયામાં સામેલ હોવાથી સંશોધન પરિણામો તેને પોતાનાં લાગે છે, બહારથી લાદી દીધેલાં લાગતાં નથી.
- નવીનીકરણો (innovations)ને શિક્ષણની પ્રક્રિયામાં સામેલ કરવાની તક ઊભી થાય છે.
- શિક્ષકને વધારે નડતી સમસ્યાઓ ક્રિયાત્મક સંશોધન દ્વારા ઉકેલવાનો પ્રયાસ થતો હોવાથી પ્રાપ્ત પરિણામો પ્રવર્તમાન શિક્ષણની પ્રક્રિયાને અસર કરી શકે છે.
- ક્રિયાત્મક સંશોધન હાથ ધરવાથી શિક્ષક ચિંતનાત્મક શિક્ષક (reflective teacher-practitioner) બને છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

ઉપર્યુક્ત મહત્ત્વ / અગત્યને આપણે લાભ તરીકે પણ જોઈ શકીએ. આમ, કહી શકાય કે આટલું મહત્ત્વ દર્શાવતા તથા સ્થાનિક સમસ્યાના નિરાકરણ અર્થે ઉપયોગી એવા ક્રિયાત્મક સંશોધનની શિક્ષણમાં ઘણી અગત્ય છે.

- **ક્રિયાત્મક સંશોધન સોપાન :**

ક્રિયાત્મક સંશોધનનો મૂળ હેતુ સિદ્ધાંત (જ્ઞાન) અને વ્યવહાર વચ્ચેની ખાઈ ઓછી કરવાનો છે. ક્રિયાત્મક સંશોધનમાં વ્યવસાયી પોતે જ સંશોધક છે. તે પોતે જ સંશોધનનાં તારણોનો ઉત્પાદક અને ઉપભોક્તા બને છે. આથી, વિદ્યાર્થી દ્વારા પરિસ્થિતિ અને વ્યવસાયી બંનેમાં ઉદ્ભવતી સુધારણા પ્રત્યક્ષ અને તાત્કાલિક હોય છે.
સ્ટીફન કોરેના શબ્દોને સંશોધનના સોપાન પૂર્વે જોઈએ તો.... 'જે પરિસ્થિતિનો વ્યક્તિને વિશેષ સંદર્ભ હોય તે પરિસ્થિતિને વ્યક્તિ પોતે જયારે સુધારવાનો પ્રયત્ન કરે છે ત્યારે વર્તનમાં વિશેષરૂપે પરિવર્તન થવા પામે છે. પછી તે તેણે પોતે પૂરતા ધારી લીધેલા વ્યવહારોના પુરાવાઓનું વર્ણન કરનારાં પરિણામોને પ્રાપ્ત કરી તેનું અર્થઘટન કરવાનો શ્રેષ્ઠ પ્રયાસ કરે છે. જ્યારે તે સમસ્યાને વર્ણવે છે, કાર્યોને ઉત્કલ્પનામાં ફેરવે છે, તે કાર્યોમાં વ્યસ્ત રહે છે, પરિણામોનો અભ્યાસ કરે છે અને તેઓમાંથી સામાન્યીકરણો તારવે છે ત્યારે, અન્ય કોઈ વ્યક્તિએ જો તેના માટે આ કાર્યો કર્યાં હોત, કે એના વિશે પોતે ક્યાંક વાંચ્યું હોત, એના કરતાં વધારે આ અનુભવ આત્મસાત્ કરે છે.'

ઉપર્યુક્ત બાબતો પરથી આપણે ક્રિયાત્મક સંશોધન કરવા માટેના ચોક્કસ ક્રમ તરફ જઈ શકીશું. સંશોધન માટે કેટલાંક નિશ્ચિત થયેલાં સોપાનો – તબક્કાઓને અનુસરવું પડે છે. તેમ કરવાથી સંશોધન પ્રક્રિયા વધુ સરળ અને વૈજ્ઞાનિક બને છે. તેનાં તારણો - પરિણામો વધુ વિશ્વસનીય બને છે.
ક્રિયાત્મક સંશોધન એ સતત ચાલતી સ્થિતિસ્થાપક પ્રક્રિયા છે. તેમાં ખાસ પ્રકારના વાતાવરણ કે ચોક્કસ શરતોની આવશ્યકતા નથી; એ તો જરૂરિયાત અને પરિસ્થિતિ અનુસાર સમસ્યાને સમયના ટૂંકાગાળામાં ઉકેલ શોધવાનો માર્ગ છે. તેના અમલ માટે નીચેનાં આઠ પગથિયાંને અનુસરવામાં આવે છે.

**(1) સમસ્યા:**

જયાં સુધી શિક્ષકને સમસ્યાની, મુશ્કેલીની, પ્રશ્નની અનુભૂતિ ન થાય ત્યાં સુધી સંશોધનની શરૂઆત થઈ શકે નહ . શાળા-મહાશાળાઓમાં સમસ્યાની ઓળખ એ વ્યક્તિગત ભિન્નતાના સિદ્ધાંત પર કાર્ય કરે છે. એક જ

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

પરિસ્થિતિમાં કોઈક વ્યક્તિને સમસ્યા દેખાય છે, જયારે અન્યને સમસ્યા દેખાતી નથી. મોટા ભાગના બધા શિક્ષકો કે અધ્યાપકો દરરોજ તુસ્તકાલયમાં જતા હોય છે; પરંતુ તેમાંથી કોઈક જ એવા હોય છે જે પુસ્તકાલયના અયોગ્ય ઉપયોગથી ચિંતિત હોય. સમસ્યા આપણી આસપાસ હોવાની જ, જરૂર છે માત્ર તે તરફની આપણી સંવેદનશીલતાની, અવલોકનની, તીક્ષ્ણ નજરની.

સંશોધક સમસ્યાની પસંદગી વિવિધ વિભાગો પાડીને પણ સ્પષ્ટ કરી શકે. જેમ કે વર્ગખંડમાં નડતી સમસ્યા, વર્ગખંડની બહાર નડતી સમસ્યા, _ર્તન અંગેની સમસ્યાઓ, સંબંધો અંગેની સમસ્યાઓ વગેરે. મહત્ત્વની વાત ને છે કે સમસ્યા સ્વયં સ્પષ્ટ હોવી જોઈએ. સમસ્યા શિક્ષકે ઊભી કરવાની -થી. સમસ્યાનું નિવારણ કરી શકવા શિક્ષક સમર્થ હોય અને સમસ્યા નિવારણ શાળા કે શિક્ષણના શિક્ષણકાર્યને વેગવંત બનાવનાર હોય, તે પણ જરૂરી છે.

ક્રિયાત્મક સંશોધનમાં સમસ્યાની ઓળખ અને પસંદગી કરતી વખતે આટલી બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ :

(1) સમસ્યાનો સંબંધ શાળા સાથે પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે હોવો જોઈએ.

(2) સમસ્યાનું સમાધાન શાળાની અંદર જ થઈ શકે તેમ હોય તે પણ જરૂરી ગણાય.

(3) સમસ્યાનું સ્વરૂપ વાસ્તવિક હો ું જોઈએ, કાલ્પનિક નહ .

(4) સમસ્યાનો સંબંધ એ વ્યક્તિ સાથે સીધો હોવો જોઈએ જે ક્રિયાત્મક સંશોધન કરી રહ્યા હોય.

(5) સમસ્યાનું ક્ષેત્ર ખૂબ વ્યાપક કે સંકુચિત ન હો ું જોઈએ.

આમ, ક્રિયાત્મક સંશોધનનાં સોપાનોમાં પ્રથમ સોપાન સમસ્યા છે. એટલે કે, ક્રિયાત્મક સંશોધનની શરૂઆત સમસ્યાથી થાય છે અને તેનો અંત સુખરૂપ શિક્ષણકાર્યથી આવે છે.

**(2) સમસ્યાક્ષેત્ર**

જિજ્ઞાસુ અને સતત વિકાસ તરફ વધવા ઇચ્છતા લોકો જ સમસ્યાને ઓળખવા માટેની ક્ષમતા ધરાવતા હોય છે. સમસ્યાને ઓળખી લીધા પછીનું મહત્ત્વ કાર્ય છે તેનું સ્વરૂપ, તેનું ક્ષેત્ર નક્કી કર ું. આમ કરવાથી સમસ્યાના સમાધાનમાં સરળતા મળે છે. સમસ્યાનું મુખ્ય બિંદુ નિશ્ચિત થઈ જાય છે અને સમસ્યાને પદ્ધતિસર જોઈ — તપાસી શકાય છે. ક્ષેત્ર નક્કી કરવાથી તે સમસ્યાના મૂળ વિશે જાણી શકાય છે અને ક્યાંક જરૂર જણાય તો જે - તે વિષયના સંબંધિત લોકોનું માર્ગદર્શન પણ લઈ શકાય છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

સમસ્યાક્ષેત્ર વિભાગમાં સમસ્યાનું.સ્પષ્ટિકરણ પણ આવરી લેવામાં આવે છે. સમસ્યામાં કોઈ શબ્દ સમજાવવો પડે તેમ હોય અથવા તેને કરવો પડે તેમ હોય તો પણ તે સમસ્યાક્ષેત્ર સોપાનમાં થઈ શકે. સમસ્યા ક્ષેત્ર સોપાનમાં સમસ્યાનું ક્ષેત્ર (Area) ક્યું ગણી શકાય તે પણ સ્પષ્ટ કરી શકાય. અહ ક્રિયાત્મક સંશોધન નાના પાયાનું સંશોધન હોવાથી સંશોધકને સમજાય તે ક્ષેત્રની સમસ્યા છે તેમ માની લે ું જ સંશોધક માટે પ્રોત્સાહક બનશે.

ક્રિયાત્મક સંશોધનની સમસ્યા અને તેના ક્ષેત્ર સંદર્ભે જો સંશોધકે સ્વ – મૂલ્યાંકન કર ું હોય તો તે નીચે દર્શાવેલ પ્રશ્ન મુજબ પોતાનું મૂલ્યાંકન કરી સમસ્યા અને તેના ક્ષેત્રની ગુણવત્તા નક્કી કરી શકે :

(1) સમસ્યાનું સ્વરૂપ નિશ્ચિત હેતુઓ દ્વારા નક્કી થયેલું જણાય છે? હા / ના

(2) સમસ્યાના સંશોધનથી શાળાની કાર્ય પ્રણાલીમાં કોઈ ફેરફાર (હકારાત્મક) થશે? હા / ના

(3) સમસ્યાનું સંશોધન પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં શાળામાં જ શક્ય છે? હા / ના

(4) સમસ્યાનો સીધો સંબંધ સંશોધનકર્તા સાથે છે? હા / ના

(5) સમસ્યાનું નિરાકરણ શાળાના વાતાવરણમાં અને સંકુલમાં શક્ય છે? હા / ના

(6) સમસ્યાની પસંદગી પહેલાં સંશોધકે સંશોધન અંગેની મુખ્ય બાબતોનો વિચાર કરી લીધો છે? હા / ના

(7) સમસ્યાનું સ્પષ્ટીકરણ અને સીમાંકન યોગ્ય રીતે થયું છે? હા / ના

(8) સમસ્યાનું મહત્ત્વ શાળા, વિદ્યાર્થીઓ, શિક્ષક અને આચાર્યની પ્રગતિ માટે યોગ્ય જણાય છે? હા / ના

(9) સમસ્યા તરફ સંશોધનકર્તાની રુચિ જણાય છે? હા / ના

(10) સંશોધનકર્તા પોતાની ક્ષમતાને આધારે ક્રિયાત્મક સંશોધન દ્વારા સમસ્યાનું સમાધાન સફળતાપૂર્વક કરી શકે તે ું જણાય છે? હા / ના

ઉપર્યુક્ત પ્રશ્નોમાંથી જો 6 કે તેથી વધુ પ્રશ્નોના ઉત્તર 'હા'માં આવે તો સંશોધકને સમસ્યાના સંશોધન માટે માન્યતા મળે, અન્યથા ફેરવિચારણા જરૂરી બનવી જોઈએ.

**(3) પાયાની જ રી માહિતી**:

ક્રિયાત્મક સંશોધનનું પાયાની જરૂરી માહિતી સોપાન એ નિદાન કાર્યને મળતું આવે છે. નિદાન સંદર્ભે દાકતરી ભાષામાં કહેવાય છે કે રોગ માટે ત્રણ પગથિયાંની કાળજી લેવી મહત્ત્વની છે. જેમાં (i) રોગ જ ન થાય તેવો વ્યવહાર–પ્રયત્ન, (ii) રોગ જો થાય તો તે દૂર થાય તેવા પ્રયત્નો, અને (iii) રોગ ન જ દૂર થાય તો તે ત્યાં જ અટકે, વધે નહ તેવા પ્રયત્નો. ક્રિયાત્મક સંશોધનમાં પણ શિક્ષક દ્વારા પ્રથમ સમસ્યા ઉદ્ભવે જ

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

નહ તેવો વ્યવહાર, સમસ્યા ઉદ્ભવે તો તે દૂર થાય તે માટે ક્રિયાત્મક સંશોધન જેવા પ્રયત્નો અને સમસ્યા અટકે નહ તે માટે સૈદ્ધાંતિક રીતે તૈયાર થયેલા અમુક નિયમોથી સુંદર કાર્ય થઈ શકે.

સમસ્યા અને સમસ્યાક્ષેત્ર નક્કી થયા પછી શિક્ષકને જે સમસ્યા જણાય છે તે તેને શા પરથી જણાય છે ? શું ખરેખર સમસ્યા છે ? આ સમસ્યા ખરેખર છે તે માટેનાં કોઈ કારણો શિક્ષક પાસે છે ખરાં ? અગાઉ સંશોધન થયેલી સમસ્યા હોય તો તેનાં તારણો પણ નવા સંશોધન માટે પાયાની જરૂરી માહિતી કહેવાય. પાયાની જરૂરી માહિતી મેળવવાથી સમસ્યાનો વિસ્તાર, તેના માટેનાં સંભવિત કારણો, સમસ્યાની ઓળખ અને સમસ્યાનું ઊંડાણ જાણી શકાય છે. સામાન્ય રીતે વિદ્યાર્થીઓની નોટ, તેમની ઉત્તરપોથીની તપાસ, વિદ્યાર્થી, શિક્ષક કે આચાર્ય સાથેની ચર્ચા, મુલાકાત, વર્ગમાં શિક્ષકનું અવલોકન, ગૃહકાર્ય, પ્રશ્નાવલિ, વિદ્યાર્થીઓમાં અંગત રસ લેવાથી, વાર્તાલાપ દ્વારા વગેરે બાબતોને આધારે માહિતી, એકઠી કરી શકાય છે. ક્યારેક વાલીની કે સમવયસ્ક જૂથ, મિત્રોની માહિતી પણ સંશોધન માટે પાયાની સાબિત થતી હોય છે.
જો સમસ્યા શૈક્ષણિક વિષયવસ્તુ કચાશને લગતી હોય તો મૌખિક મૂલ્યાંકન દ્વારા કે નિદાન કસોટી દ્વારા પણ જરૂરી માહિતી એકઠી કરી શકાય છે. સાદી ઓળખયાદી કે પ્રશ્નાવલિ પણ જરૂરી માહિતી મેળવવામાં ઉપયોગી બને છે. આ પ્રકારની માહિતી મેળવવા માટે કોઈ ઔપચારિક સાધનની રચના કે તેનું પ્રમાણીકરણ કરવાની જરૂર નથી, કારણ કે આ માત્ર પ્રાથમિક કક્ષાનું સંશોધન છે. માત્ર સમસ્યા પૂરતી જરૂરી માહિતી મળી શકે તેવા સરળ અને હાથવગાં સાધનો દ્વારા માહિતી એકત્ર કરી શકાય છે.
પાયાની જરૂરી માહિતીથી ખૂબ જ મહત્ત્વની લાગતી સમસ્યા સામાન્ય લાગવા માંડે તે ુ બને અથવા તો સામાન્ય લાગતી સમસ્યા મહત્ત્વની જણાય, કારણ કે સમસ્યાને ઊંડાણથી નીરખીને જોવાની તક પાયાની જરૂરી માહિતીમાં સંશોધકને મળે છે. પાયાની જરૂરી માહિતી મેળવવાના કાર્યથી ક્રિયાત્મક સંશોધનને વેગ મળે છે. માત્ર સમસ્યા પસંદ કરીને બેસી રહેનારાઓ ઓછા નથી. વળી, બધી સમસ્યાઓ મને જ કેમ નડે છે તેમ કહી લમણે હાથ દેનારા પણ મોટા જથ્થામાં છે. અહ સમસ્યા, તેનું ક્ષેત્ર અને તે સમસ્યા અંગેની લાગતી- વળગતી અસર કરતી બધી જ માહિતી સંશોધક મેળવવાનું શરૂ કરે છે ત્યારે ખરા અર્થમાં ક્રિયાત્મક સંશોધન પૂર્ણ થશે જ, સમસ્યાનું સમાધાન થશે જ, તેવો વિશ્વાસ સંશોધકમાં ઊભો થાય છે. આમ, પાયાની જરૂરી માહિતી એ ક્રિયાત્મક સંશોધનનું મહત્ત્વનું સોપાન ગણી શકાય.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED COLLEGE-RAJKOT

**(4) સમસ્યાનાં સંભવિત કારણો**: પાયાની જરૂરી માહિતી મેળવવાથી સમસ્યાનું વિશિષ્ટ સ્વરૂપ નક્કી થાય છે અને પછી સમસ્યાનાં વિવિધ સંભવિત કારણો વિચારવામાં આવે છે. સંશોધકને જે સમસ્યા છે તે શા માટે છે ? આવી સમસ્યા બધે જ હશે કે હું જ માત્ર અનુભ ું છું ? ક્યાં કારણો છે જેના કારણે આવી સમસ્યા ઉદ્ભવે ? વગેરે બાબતોને વિચારવાનું કાર્ય આ સોપાનમાં થાય છે. આપણને નડતી સમસ્યાનાં જેટલાં પણ કારણો આપણને જણાય તેની યાદી કરવામાં આવે છે. અહ પણ પાયાની જરૂરી માહિતીની જેમ વાલી, આચાર્ય, સમવયસ્ક વગેરે લોકો સંશોધકને મદદરૂપ થઈ શકે છે. ઘણીવાર એ ું બને કે આપણને સમસ્યાનાં જે કારણો જણાય છે તે સિવાયનાં પણ કારણો હોય જેની જાણ આપણને ન હોય અથવા તે વિચારક્ષેત્ર આપણું ન હોય ત્યારે અન્યોની મદદ લેવામાં આવે છે. સંભવિત કારણો માટે પણ પ્રશ્નાવલિ, રૂબરૂ મુલાકાત, ચર્ચા જેવી પ્રયુક્તિઓનો ઉપયોગ થતો હોય છે અને તે પ્રશંસનીય પણ છે.

ક્રિયાત્મક સંશોધનનું આ સોપાન મધ્યવર્તી સ્થિતિમાન મુજબ જોઈએ તો ટોચનું સોપાન ગણી શકાય. આ ચોથા સોપાનમાં અન્ય ચાર સોપાનોનો સમાવેશ થાય છે, જેમાં મોટા ભાગે સંશોધકો મુશ્કેલી અનુભવતા હોય છે. આપણે તે ચાર વિભાગનો નમૂનો જોઈએ.

આ સોપાનમાં સમસ્યાનાં સંભવિત કારણોની યાદી માત્ર કરવાથી આ સોપાન કૂદી જવાય તે ું નથી. ઘણા સંશોધકો સમસ્યાનાં સંભવિત કારણોમાં માત્ર પાંચ - સાત કારણો જ લખે છે. તેનો અર્થ એમ થાય કે, સમસ્યા શા માટે છે તેની સંશોધકને ખબર જ છે અથવા તો સંશોધન કરવા ખાતર કરવામાં આવે છે. સમસ્યાનાં વધુ ને વધુ સંભવિત કારણોનો વિચાર કરવામાં આવે તે સંશોધક માટે જરૂરી છે. અઢારથી વીસ કારણો વિચારવામાં આવે તો સંશોધન વધુ પ્રમાણિત બને એટલે કે સંશોધકને પોતાની સમસ્યાનું સચોટ અને લાંબાગાળાનું સમાધાન મળે તે ું લેખકનું માન ું છે. આમ, ક્રિયાત્મક. સંશોધનના ચોથા સોપાન સમસ્યાનાં સંભવિત કારણોનું કોષ્ટક મુજબના પ્રથમ પેટા સોપાન વિશે આપણે પ્રયત્ન કર્યો.

બીજું પેટા સોપાન એટલે વિશ્લેષણ. સમસ્યાનાં સંભવિત કારણો એ તો આપણે વિચારેલાં, કાલ્પનિક, અનુમાનિત કારણો હતાં. હવે તે કારણો ખરેખર સમસ્યા માટે જવાબદાર છે કે નહ તે નક્કી કરવામાં આવે છે. તે માટે વિધાનાવલિ કે પ્રશ્નાવલિની રચના કરવામાં આવે છે અને વિદ્યાર્થીઓ પાસે તે ભરાવવામાં આવે છે. સમસ્યાનાં સંભવિત કારણોને આધારે જ આ વિધાનાવલિ કે પ્રશ્નાવલિ બનાવી શકાય છે. માત્ર થોડી વાક્યરચનાને બદલવી પડે છે. જેમ કે, 'ધોરણ-8ના વિદ્યાર્થીઓને સમાજશાસ્ત્ર વિષયમાં આવતી સમયરેખા દોરવામાં મુશ્કેલી પડે છે.' – આ સમસ્યા કોઈ શિક્ષકને નડે છે, તો તે માટેનાં સંભવિત ક્યાં ક્યાં કારણો હોઈ

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE RAJKOT

શકે તે વિચારવામાં આવે છે. જેમાં... વિદ્યાર્થીઓને સમયરેખા એટલે શું તેની જાણ નહ  હોય, વિદ્યાર્થીઓને અગાઉના ધોરણમાં સમયરેખા શીખવવામાં આવી નહ  હોય, વિદ્યાર્થીઓ એ ું માનતા હોય કે સમયરેખા ન આવડે તો કંઈ ફરક પડવાનો નથી... વગેરે કારણો જે આપણે વિચારેલ છે તેમાંથી ખરેખર સાચા ક્યાં છે તે પ્રશ્નાવલી દ્વારા જાણ ું હોય તો પ્રશ્ન પૂછવો પડે કે....

- તમને સમયરેખા એટલે શું તેની જાણ છે ?
- તેમને ધોરણ-7માં સમયરેખા શીખવવામાં આવી હતી ?
- તમે એ ું માનો છો કે સમયરેખા ન આવડે તો કંઈ ફરક પડવાનો નથી ?

જ્યારે સંશોધક સંભવિત કારણોમાંથી પ્રશ્નો બનાવે ત્યારે જવાબો 'હા' કે 'ના'માં સ્વીકારે તે હિતાવહ ગણાય પણ જયારે વિધાનાવલી દ્વારા ઉત્તરો મેળવવાની યોજના હોય ત્યારે વિદ્યાર્થીઓ જવાબ 'સહમત' કે 'અસહમત' દ્વારા આપે તે હિતાવહ ગણાય. જેમ કે...

- મને સમયરેખા એટલે શું તે અંગે કંઈ જાણકારી નથી. સહમત / અસહમત
- મેં ધોરણ-7માં સમયરેખા વિશે કંઈ શીખેલ નથી.
- હું એ ું માનું છું કે, સમયરેખા ન આવડે તો કંઈ ફરક પડવાનો નથી.

આમ, આટલું કર્યા પછી વિદ્યાર્થીઓના ઉત્તરો ('હા', 'ના'માં હોય કે 'સંમત', 'અસંમત'માં) આપણાં સંભવિત કારણો સાથે સરખાવવામાં આવે છે. જો આપણી માન્યતા મુજબના કારણ સાથે મોટા ભાગના વિદ્યાર્થીઓ સહમત હોય એટલે કે આપણે જે ું માનીએ છીએ તે ું જ તેઓ માને છે તો તે 'હકીકત' બને છે અથવા તે કારણ 'ધારણા' બની જાય છે. અહ  મોટા ભાગના વિદ્યાર્થીઓ શબ્દનો અર્થ તમારી સમસ્યાના ઊંડાણ મુજબ કરી શકાય. કોઈ ચોક્કસ નિયમ નથી કે 60% વિદ્યાર્થીઓ જ કે 75% વિદ્યાર્થીઓ જ 'હા' કહે તો જ 'હકીકત' બને; પરંતુ એ ું કહી શકાય કે આપણને સમસ્યા માટેનાં જે સંભવિત કારણો જણાયાં હતાં તેમાંથી આ કારણ વિદ્યાર્થીઓને પણ જણાય છે તેથી તે હકીકત ગણાય, અને જો આપણને જે કારણ સમસ્યા માટે લાગતું હોય પણ વિદ્યાર્થીઓના મતે તે કારણ જરાય મહત્ત્વનું હોય તો તે 'ધારણા' બની જાય છે. આમ, અહ  બીજા પેટા સોપાનમાં દરેક વિધાન સામે 'હકીકત', 'ધારણા' નક્કી કરવામાં આવે છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

સમસ્યાનાં સંભવિત કારણો પરથી તે કારણ હકીકત છે કે ધારણા તે નક્કી કર્યા પછીના ત્રીજા પેટા વિભાગમાં શું કરી શકે અથવા તો સંશોધક તેમાં કાંઈ કરી શકે તે સંદર્ભની પૃચ્છા કરવામાં આવે છે. જે વિધાન હકીકત છે એટલે કે સમસ્યાનાં ખરેખર કારણો છે તે જ સંશોધક માટે કામનાં છે, જે કારણો ખરેખર નથી એટલે કે ધારણા છે તે વિધાનો સંશોધન માટે મહત્ત્વનાં નથી. આમ, જે વિધાનો હકીકત છે, તે વિધાનને ક્રમશઃ તપાસતા જવાનું અને વિચારવાનું કે આ કારણને ઉકેલવા હું (સંશોધક) કંઈ કરી શકું ? જો 'હા' તો હા સામે અને 'ના' તો ના સામે "ની નિશાન કરવી. જેથી સંશોધક જે કારણમાં કંઈ કરી શકે તેમ ન હોય તેમાં સમય, શક્તિ ન બગાડે. જેમ કે, વિદ્યાર્થીઓને પૂછવામાં આવ્યું કે 'તેમને ધો. 7માં સમયરેખા શીખવવામાં આવી હતી ?' જો બધા વિદ્યાર્થીઓ કહે કે 'ના' તો તે હકીકત થઈ કે આપણી માન્યતા સાચી છે. હવે સંશોધક તેમાં શું કરી શકે ? કંઈ થઈ શકે તેમ ન હોય તો તે 'ના'માં નિશાની કરશે, જેથી તે વિધાન, તે કારણ અંગે સંશોધકે સમય બગાડવાનો નથી. જો 'હા' હોય એટલે કે સંશોધક કંઈ કરી શકે તેમ હોય તો ચોથા પેટા સોપાન અગ્રતાક્રમ તરફ સંશોધકે આગળ વધવાનું છે.

ધારો કે, સંશોધકે સમસ્યાનાં કુલ 20 સંભવિત કારણો વિચાર્યા હતાં. તેમાંથી વિદ્યાર્થી દ્વારા માલૂમ પડ ્ું કે 12 વિધાન હકીકત છે અને 8 વિધાન ધારણાને લગતાં છે, તો સંશોધકે હવે માત્ર હકીકતવાળાં વિધાન જ યાદ રાખવાનાં છે. તે હકીકતવાળા વિધાનમાંથી જ હું કાંઈ કરી શકું ? તે તરફ ગતિ કરવાની છે. 12 વિધાનમાંથી સંશોધક 07 વિધાનમાં કાંઈ કરી શકે તેમ છે. 'હા' અને '05' વિધાનમાં કંઈ કરી શકે તેમ નથી, 'ના' હોય તો હવે સંશોધકે માત્ર 'હા' વાળા કુલ 07 વિધાનોમાંથી પ્રથમ ક્યા વિધાન / કારણનું સમાધાન કરી શકે તેમ છે તેને 01 ક્રમ આપવાનો છે અને તેમ ક્રમશઃ સમાધાનના ક્રમ મુજબ ક્રમ આપવાનો હોય છે અને તે મુજબ જ તેની ઉત્કલ્પનાની રચના કરવામાં આવતી હોય છે.

આમ, સમસ્યાનાં સંભવિત કારણો સોપાનને ક્રમશઃ વિચારીએ તો...

- સમસ્યાનાં સંભવિત કારણોની રચના.
- સંભવિત કારણો પરથી વિધાનાવલિ કે પ્રશ્નાવલિની રચના.
- વિધાનાવલિ કે પ્રશ્નાવલિ વિદ્યાર્થીઓ પાસે ભરાવવી.
- વિદ્યાર્થીઓના ઉત્તરો પરથી કારણ 'હકીકત' છે કે 'ધારણા' તે નક્કી કર ્ું.
- જેટલાં વિધાનો હકીકત છે તેમાં સંશોધક કંઈ કરી શકે તેમ છે કે નહ , તે જાણ ્ું.
- સંશોધક કરી શકે તેમ હોય તો 'હા' અને ન કરી શકે તેમ હોય તો 'ના'માં નિશાની કરવી.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

- જેટલાં કારણોમાં સંશોધકે 'હા'માં નિશાની કરી છે તે કારણોના સમાધાન માટે શું પ્રથમ કરી શકાય તેમ છે અથવા કરી શકે તેમ છે, તે ક્રમમાં ક્રમાંક આપવો.
- આ ક્રમાંક પરથી તે જ ક્રમમાં ઉત્કલ્પના બનશે, જે ક્રિયાત્મક સંશોધનનું પાંચમું સોપાન હશે, જેના વિશે હવે પછી જાણીશું.

(5) **ઉત્કલ્પના** :

ક્રિયાત્મક સંશોધનના આ પાંચમા સોપાનને ઘણા લોકો ક્રિયાત્મક ઉત્કલ્પના પણ કહે છે. સમસ્યાનાં સંભવિત કારણો નક્કી થયા પછી તે કારણો પરથી ક્રિયાત્મક ઉત્કલ્પના રચવામાં આવે છે. ક્રિયાત્મક ઉત્કલ્પનામાં સમસ્યાના ઉકેલનું દિશાસૂચન હોય છે અને તે ઉકેલ તરફ જવાના રસ્તાની દિશાસૂઝ હોય છે.
ક્રિયાત્મક ઉત્કલ્પના સામાન્ય રીતે વિધાન સ્વરૂપની હોય છે. તે વિધાનના બે ભાગ પાડી શકાય છે. ક્રિયાત્મક ભાગ અને સાધ્ય ભાગ. ક્રિયાત્મક ભાગ સમસ્યાના ઉકેલ માટે શું કરવાનું છે તે સૂચવે છે અને સાધ્ય ભાગ શું પરિણામ આવશે તે સૂચવે છે.

**િયાત્મક ઉત્કલ્પના ન ી કરવાના નીચેના આધારો છે :**

(1) શિક્ષકની પોતાના કામમાં આંતઃસૂઝ

(2) શિક્ષકનો વિષયનો અનુભવ

(3) સમસ્યાનાં કારણોનું વિશ્લેષણ

(4) આચાર્ય તથા અન્ય સાથીઓ સાથે ચર્ચા

(5) શાળાની પ્રગતિની ભાવના તથા શિક્ષણના નવા પ્રવાહોની જાણકારી.

ક્રિયાત્મક ઉત્કલ્પના નક્કી કરવા માટે નીચેની બાબતો ઉપર ધ્યાન ખાપ ું જરૂરી છે :

(1) ક્રિયાત્મક ઉત્કલ્પનામાં ક્રિયા પક્ષ ઉપર ભાર મૂકવામાં આવે છે, તેથી ઉત્કલ્પનામાં શું કરવાનું છે, તેનું સ્પષ્ટ ચિત્ર મળ ું જોઈએ.

(2) ક્રિયાત્મક ભાગ વ્યાવહારિક રીતે યોગ્ય હોવો જોઈએ, જેથી ઉત્કલ્પનાની ચકાસણી શક્ય બને.

(3) ક્રિયાત્મક ઉત્કલ્પનાની અસર ક્યાં અને કેટલી થશે તેનો સ્પષ્ટ ખ્યાલ હોવો જોઈએ.

(4) ક્રિયાત્મક ઉત્કલ્પનાનો અર્થ સ્પષ્ટ હોવો જોઈએ. તેમાં આવતા શબ્દોનું જરૂરી જણાય તો સ્પષ્ટીકરણ કર ું જોઈએ.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

ક્રિયાત્મક ઉત્કલ્પના સામાન્ય રીતે 'જો - તો'ના સ્વરૂપમાં રજૂ થતી હોય છે. સમસ્યાનાં સંભવિત કારણોના સોપાનમાં અગ્રતાક્રમ મુજબ જે કારણનો ક્રમ પ્રથમ હોય તેની ઉત્કલ્પના પ્રથમ રચવાથી કાર્યવિધિમાં સરળતા રહે છે. જેમ કે, :...

વિદ્યાર્થીઓને સમયરેખા એટલે શું તે અંગે કોઈ જાણકારી નથી. - આ વિધાનને સંશોધકે 1 અગ્રતાક્રમ આપ્યો હોય તો તેની ઉત્કલ્પના આ રચાય :

'– જો વિદ્યાર્થીઓને સમયરેખા એટલે શું તથા તેના વિવિધ વિભાગો સમજાવવામાં આવે તો આ સમસ્યા હલ થઈ શકે.' આમ, જેટલા ક્રમ તેટલી ઉત્કલ્પના રચવામાં આવે,

આ ઉપરાંત ઉત્કલ્પનાને નીચે મુજબ પણ રચવામાં આવે છે. જેમ 'નબળા હસ્તાક્ષર'ની સમસ્યા હોય તો.....

(1) વિદ્યાર્થીઓને દરરોજ દસ મિનિટ અનુલેખન આપું અને પોતે નિરીક્ષણ કરું.

(2) વિદ્યાર્થીઓ પાસે દ્વિ-રેખાવાળી (double-line) નોટબુકમાં લખા ું.

(3) ઉચિત લેખનસામગ્રી ખરીદવા માર્ગદર્શન આપું.

(4) સુંદર હસ્તાક્ષરોનો આગ્રહ રાખું.

(5) ચાર્ટ દ્વારા સુંદર હસ્તાક્ષરોના નમૂના પ્રદર્શિત કરું. – તો વિદ્યાર્થીઓના હસ્તાક્ષર સુધરશે.

ક્રિયાત્મક ઉત્કલ્પના એ સમસ્યાના સંભવિત ઉકેલ માર્ગોની વિચાર યોજના છે. સમસ્યા કેટલે અંશે શિક્ષકને નડતરરૂપ છે અને તેનું કેટલે અંશે તે નિવારણ ઇચ્છે છે તે બંને બાબતો ક્રિયાત્મક ઉત્કલ્પનાની રચનામાં સ્પષ્ટ થાય છે. ઉત્કલ્પના જેટલી સ્પષ્ટ તેટલું સંશોધન અને ઉકેલ બંને ચોક્કસ. આ સોપાનને આધારે સંશોધકને જાણ થશે કે હવે આ સમસ્યાના સમાધાન માટે મારે શું - શું કર ું પડશે ? શાની જરૂર પડશે ? કોની મદદ લેવી પડશે ? કયા શૈક્ષણિક સાધનની જરૂર પડશે ? કયા સંદર્ભ જરૂર પડશે ? ... વગેરે. આમ ઉત્કલ્પનાને આધારે સંશોધકને પછીનું સોપાન પ્રયોગકાર્યની રૂપરેખા વધારે સરળ પડશે.

(6) **પ્રયોગકાર્યની પરેખા** :

ઉત્કલ્પના નક્કી થયા પછી તે સત્ય છે કે કેમ તે ચકાસવા માટે કાર્યક્રમની રૂપરેખા નક્કી કરી શાળામાં તે પ્રમાણે કામ કરવામાં આવે છે.સમસ્યાના સંભવિત ઉકેલોને લાગુ પાડવા તથા નિશ્ચિત સમયમાં સમસ્યાનો ઉકેલ મેળવવા સંશોધક ચોક્કસ સમયમર્યાદા નક્કી કરે છે, જેમાં તે સમસ્યાના ઉકેલ માટે શું થઈ શકે ? શું કરીશ ? જેવી બાબતોને આયોજનબદ્ધ કરે છે.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

આયોજન પ્રમાણે ક્રિયાત્મક સંશોધનનો આ ક્રિયાત્મક ભાગ નિશ્ચિત સમયમર્યાદામાં પૂરો થાય પછી ઉત્કલ્પના સાચી અને ઉપયોગી અથવા નિર્ણય માટે પણ મૂલ્યાંકન કસોટી, શિક્ષકોનો અભિપ્રાય, પ્રશ્નાવલિ વગેરેનો ઉપયોગ શકાય.

જો ક્રિયાત્મક ઉત્કલ્પના સાચી એટલે કે પ્રયોગકાર્યની રૂપરેખાનાં સારાં પરિણામો રોજિંદા અપનાવવામાં આવે આ રીતે ક્રિયાત્મક સંશોધન શાળાના કાર્યની સુધારણામાં પ્રત્યક્ષ ફાળો આપે છે. પ્રયોગકાર્યની રૂપરેખા પછી પ્રયોગકાર્ય થાય છે, નિશ્ચિત દિવસો શિક્ષક આયોજન મુજબ કાર્ય કરે અને પછી સમસ્યા કેટલે અંશે જેને સંશોધનના સાતમા સોપાનમાં

(7) **મૂલ્યાંકન** :

સમસ્યાની પસંદગી, ક્ષેત્ર, તે જરૂરી માહિતીનું એકત્રીકરણ, સમસ્યાનાં સંભવિત કારણોની રચના, અગ્રતાક્રમ આપવો તેને આધારે કરવી, ઉત્કલ્પના કર ું. આટલું કાર્ય પૂર્ણ સંશોધનના અંતિમ તબક્કા તરફનો તબક્કો મૂલ્યાંકન કાર્ય થાય છે.

સમસ્યાના નિવારણનો આધાર ઉત્કલ્પના અને પ્રયોગકાર્યની રૂપરેખા પર પરંતુ સમસ્યા કેટલે ઘટી અથવા થઈ જાણવાનું મૂલ્યાંકનનું હોય છે. ક્રિયાત્મક સંશોધનની સમગ્ર ક્રિયાત્મક સંશોધન નિહાળવામાં છે. આથી, મૂલ્યાંકન ખૂબ સાવધાનીપૂર્વક થ ું જોઈએ. મૂલ્યાંકનમાં આવવી જોઈએ, જેથી ખરેખર કરવાનું છે, જ રહી જાય.

(i) અવલોકન (Observation) : ક્રિયાત્મક સંશોધનનું મૂલ્યાંકન

આ રીતથી નિષ્ઠાપૂર્વક કરી શકાય છે. અહ  શિક્ષક, સંશોધક કે આચાર્ય નિયમિત રીતે અવલોકન અને શોધખોળ કરે છે અને પોતાના સંશોધનનું પ્રમાણિત મૂલ્યાંકન થાય તેવો પ્રયત્ન કરે છે. અવલોકનનો મુખ્ય ફાયદો એ છે કે તેમાં પરિસ્થિતિને નિયંત્રિત કરવી પડતી નથી. અવલોકન માટે કોઈ વ્યક્તિને કામ પણ સોંપી શકાય, હવે તો CCTV camera પણ અવલોકન કરવામાં મદદરૂપ થઈ શકે છે. તેમાં થતું recording તમને સમયની અનુકૂળતા પણ કરી આપતું હોય છે. અવલોકન કરવાની બાબતો નિશ્ચિત હોય તો તેમાં વધુ ચોક્સાઈ લાવી શકાય છે.

(ii) પ્રતિભાવોનો સંગ્રહ (Collection of Opinion): વિદ્યાર્થીઓ, શિક્ષકો, આચાર્યના વિવિધ વિભાગો મુજબ પ્રતિભાવો લઈને સમસ્યામાં કેટલો સુધાર થયો છે તે જાણી શકાય છે. આ પ્રતિભાવો જાણવા માટેની ચોક્કસ

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

સૂચિ સંશોધકે વિકસાવવી જોઈએ. વળી, પ્રતિભાવોને શંકાથી જોવા જોઈએ, જેથી કોઈ પક્ષપાતને રોકી શકાય.

(iii) પ્રશ્નાવલિ (Questionnaire) : પ્રશ્નાવલિ કે વિધાનાવલિ જે આપણે સમસ્યાનાં સંભવિત કારણોના સોપાનમાં વિદ્યાર્થીઓને ભરાવી હતી તેવી જ કે તે પ્રશ્નાવલિ ફરીથી ભરાવીને પણ આપણે સમસ્યાનું સમાધાન કેટલે અંશે થયું છે તે જાણી શકીએ છીએ. સંશોધનની ભાષામાં તેને Pre test (પૂર્વકસોટી) અને Post test (ઉત્તર કસોટી) કહેવાય છે. તેમાં થયેલો ગુણાંકનનો વધારો તે સમસ્યાનો સુધારો સૂચવે છે. ઉત્તર કસોટી વખતે રચાતી પ્રશ્નાવલિના પ્રશ્નો સતર્કતાથી કરવા જોઈએ.

(iv) સાથે / મુલાકાત (Interview) : સાક્ષ્ય કે મૂલ્યાંકન કરવાની સરળ પદ્ધતિ છે. સાક્ષ્ય દ્વારા વિદ્યાર્થીઓના, વાલીના, વર્ગશિક્ષકના વિચારો જાણી શકાય છે. સમસ્યામાં કેટલે અંશે સુધારો છે, પ્રયોગકાર્ય પછી તમારી સમસ્યામાં તમને શું ફરક જણાય છે વગેરે બાબતો આપણે વિચારો દ્વારા, વર્ણન દ્વારા જાણી શકીએ છીએ અને આ વિચારો, વર્ણન દ્વારા પરિણામનું અનુમાન લગાવી શકાય છે.

(v) ચેક-લિસ્ટ (Check-list) : મૂલ્યાંકન માટે ચેક-લિસ્ટ પ્રયુક્તિનો પણ ઉપયોગ થાય છે. તેમાં ચોક્કસ બાબતોની સૂચિ આપવામાં આવે છે અને તે ચેક કરવા વિદ્યાર્થીઓને જણાવાય છે. આ પ્રકારની સૂચિને સમસ્યા ચેક-લિસ્ટ (Problem check-list) પણ કહેવાય છે. આ પ્રયુક્તિ દ્વારા સામાન્ય બાબતોનો ઉત્તર ઝડપથી મેળવી શકાય છે.

(vi) ક્રમમાપદંડ (Rating Scale) : સમસ્યાનું સમાધાન કેટલે અંશે થયું છે તે જાણવા મૂલ્યાંકન માટે સંશોધક પંચબિંદુ ક્રમમાપદંડ કે : સપ્તબિંદુ ક્રમમાપદંડનો ઉપયોગ કરે છે. આ માપદંડમાં એક વિધાનની સામે પાંચ કે સાત ખાનાં હોય છે. તેમાં વિદ્યાર્થીઓએ ખરાની નિશાની કરવાની હોય છે.

(vii) પરીક્ષા (Test) : જો સંશોધનનો વિષય વિષયવસ્તુને લગતો હોય તો વિદ્યાર્થીઓની પરીક્ષા લઈને પણ મૂલ્યાંકન કરી શકાય. પરીક્ષાના પરિણામ દ્વારા ઉતરંપત્રોની તપાસ દ્વારા સમસ્યામાં કેટલે અંશે સુધારો થયો છે, તે જાણી શકાય છે. આ પરીક્ષા આત્મલક્ષી ન બને તે જોવાનું કાર્ય અલબત્ત સંશોધકનું જ ગણાય.

(vii) અંકશાસ્ત્રીય પ્ ૃત્તિઓ (Stastistical Devices) :

ક્રિયાત્મક સંશોધનમાં આંકડાશાસ્ત્રની અઘરી અને અટપટી ગણતરીઓને બહુ સ્થાન નથી; પરંતુ તેના દ્વારા પણ મૂલ્યાંકન થઈ શકે છે. અંકશાસ્ત્રનાં સામાન્ય માપો જેવાં કે મધ્યક, મધ્યસ્થ, બહુલક દ્વારા પણ મૂલ્યાંકન

SHREE H.N.SHUKLA GROUP OF B.ED COLLEGE-RAJKOT

કરી શકાય છે. વળી, ઉપરની વિવિધ પ્ર ૃત્તિઓમાં પણ જ્યાં જરૂર જણાય ત્યાં આંકડાશાસ્ત્રનો ઉપયોગ થઈ શકે. આંકડાશાસ્ત્રની રીતો દ્વારા થયેલું પરીક્ષણ વધુ પ્રમાણિત અને વિશ્વસનીય હોય છે.
ઉપરની બધી પદ્ધતિ કે તેમાંથી સરળ પડે તે અથવા ઉપયોગ હોય તે પદ્ધતિ દ્વારા મૂલ્યાંકન કર ું જોઈએ, જેથી સમસ્યાના નિવારણ માટેનાં પછીનાં પગલાં અંગે વિચારી શકાય.

(ix) તારણ, પરિણામ અને અનુકાર્ય : વિભાગમાં પ્રયોગનો નિષ્કર્ષ શું આવ્યો ? કેટલા ટકા સફળતા મળી ? કઈ બાબતમાં સફળતા ન મળી ? તેનાં શું કારણ હોઈ શકે ? તેના માટે ફરી શું વિચારી શકાય ? આ સોપાનમાં લખવામાં આવે છે. વગેરે બાબતોના ઉલ્લેખ સાથે વિસ્તારથી
તારણ, પરિણામ અને અનુકાર્ય એ એક જ સોપાનમાં સાથે રાખવામાં આવ્યા છે પણ સંશોધક ત્રણેયને અલગ-અલગ સ્વરૂપે વર્ણવી શકે.
(A) તારણ : અહ  સંશોધક જે સમસ્યાના સમાધાન માટે સંશોધન કરી રહ્યો છે, તેણે જે વિવિધ સોપાનનું અમલીકરણ કર્યું છે, પ્રયોગકાર્ય કરેલ છે, વિવિધ પ્રવિધિ દ્વારા સમસ્યાના સમાધાન માટે પ્રયત્ન કરેલ છે તે સમગ્ર પ્રક્રિયા પરથી શું તારણ નીકળી શકે તે વિષે સંશોધક અહ  નોંધ લખે છે. આ તારણો પ્રક્રિયાલક્ષી, અર્થગ્રહણ, સુધારાલક્ષી, મુશ્કેલીલક્ષી કે પરિણામલક્ષી હોઈ શકે. તારણ એ સંશોધકનું ચોક્સાઈપૂર્વકનું અવલોકન છે. તેને આધારે સંશોધકની મહેનત કેટલે અંશે સફળ થઈ તેની જાણ થાય છે.
(B) પરિણામ : ક્રિયાત્મક સંશોધનમાં પરિણામમાં દર્શાવવાની વિગત આપવી પડતી હોય છે. મૂલ્યાંકનની વિવિધ પ્રવિધિ દ્વારા સમગ્ર પ્રક્રિયાને મૂલ્યાંકન કર્યા પછી જ તેનું અંકશાસ્ત્રીય પરીક્ષણ કરવામાં આવે તો તેનું વિશ્લેષણ એ સંશોધનનું પરિણામ ગણાય. જો-સામાન્ય કે ઉપરછલ્લી ગણતરીથી સંશોધનનું પરિણામ નક્કી કરવાનું હોય તો તેમાં % જેટલા શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે. જેમ કે, ધોરણ: 8–બના વિદ્યાર્થીઓમાંથી 22% જેટલા વિદ્યાર્થીઓના હસ્તાક્ષરમાં સુધારો જોવા મળ્યો. આમ, સમગ્ર સંશોધનની સફળતા આ પરિણામ પરથી જાણી શકાય છે.
(C) અનુકાર્ય : સંશોધન પૂર્ણ થાય એટલે કે તેની સમયમર્યાદા પૂર્ણ થાય એટલે કાર્ય પૂર્ણ થઈ જતું નથી. સંશોધન દ્વારા સમસ્યા કેટલી ગહન છે, તે કેમ નિવારી શકાય તે જાણી શકાય; પરંતુ તે ફરીથી ઊભી ન થાય અથવા તો લાંબાગાળા સુધી તેનું સમાધાન થાય જેથી સમસ્યા જડમૂળથી નાશ પામે વગેરે કાર્ય માટે અનુકાર્ય જરૂરી છે. અનુકાર્ય એટલે સંશોધન પછી પણ પ્રયોગકાર્ય, સુધારકાર્ય ચાલુ રહેશે તેવી ખાતરી. જો

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT

તાલીમાર્થીઓ પોતાની તાલીમ દરમિયાનના પંદર દિવસમાં ક્રિયાત્મક સંશોધન કરે તો પંદર દિવસ પછી ત્યાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલી, આચાર્ય તેમને ખાતરી આપે કે તમારા ગયા પછી પણ અમે આ કાર્ય ચાલુ રાખીશું, આટલી બાબતો ધ્યાનમાં રાખીશું, આટલા સુધારા લાવીશું, આ સમસ્યા ફરીથી ઊભી નહ થવા દઈએ, તો તે અનુકાર્ય કહેવાય. મોટે ભાગે કાગળ પર સંશોધન થતાં હોય અથવા તો કરવા ખાતર સંશોધન કરતા હોય ત્યારે અનુકાર્ય સોપાનને લોકો સરળતાથી અવગણે છે; પરંતુ આ પણ સંશોધનનો જ ભાગ છે, તે ખ્યાલમાં રાખ ું જોઈએ.

SHREE H.N.SHUKLA GROUP OF B.ED. COLLEGE-RAJKOT